પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૭-૪-૨૦૨૬, શુક્રવાર
વર્ષઃ ૧૫, અંક : ૩૫
Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**
કોઈની સાથે આપણી ઓળખાણ થાય, એ કારણ વગર થતી નથી. પૂર્વજન્મના પણ કંઈક સબંધ હોય, તો જ થાય છે.





### આને કહેવાય 'ગરજે ગધેડાને બાપ'

# મુનિર અને શરીફને મહાન ગણાવી ઈસ્લામાબાદ દોડી જવા ટ્રમ્પે "તત્પરતા" બતાવી!!!

## જો યુદ્ધ સમાપ્તની મંત્રણા સફળ રહેશે તો ૨૦ વર્ષ બાદ અમેરિકી રાષ્ટ્રપતિની પહેલી પાકિસ્તાન મુલાકાત હશે

લોકબોલીમાં કહેવાય છે કે "ગાજ્યા મેઘ વરસે નહીં", અને ડોનાલ્ડ ટ્રમ્પના કિસ્સામાં આ વાત સાચી પડતી દેખાય છે. ઈરાન સાથેના યુદ્ધની શરૂઆતમાં ટ્રમ્પે મોટી મોટી ડંફાસો મારી હતી કે ઈરાનને 'પથ્થર યુગ'માં ધકેલી દઈશું, પણ આજે પરિસ્થિતિ કંઈક અલગ જ વળાંક લઈ રહી છે. સતત



બોમ્બમારો અને આર્થિક નાકાબંધી પછી પણ ઈરાન નમતું જોખવા તૈયાર નથી, ત્યારે હવે અમેરિકા માટે આ યુદ્ધ લાંબુ ખેંચવું મજબૂરી બની ગયું છે. ટ્રમ્પ અત્યારે રઘવાયા થયા છે, કારણ કે અમેરિકાનું અર્થતંત્ર હવે યુદ્ધનો બોજ ખમી શકે તેમ નથી. એટલે જ, જે પાકિસ્તાનને અત્યાર સુધી ભાવ નહોતો મળતો, તેના વડાપ્રધાન શહેબાઝ શરીફ અને આર્મી ચીફ અસીમ મુનીરને ટ્રમ્પ અત્યારે 'મહાન' ગણાવી રહ્યા છે. આપણા કાઠિયાવાડમાં એક કહેવત છે જે આ આખી સ્થિતિને એક જ વાકયમાં સમજાવી દે છે: "ગરજે ગધેડાને બાપ કહેવો પડે." આજે ટ્રમ્પની હાલત પણ કંઈક આવી જ છે, મજબૂરીમાં તેમને ઈસ્લામાબાદ જવાના ફાંફા મારવા પડી રહ્યા છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે પત્રકારો સાથેની વાતચીતમાં ભારે નમ્રતા બતાવતા કહ્યું કે જો ઈરાન સાથેનો શાંતિ કરાર પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં નક્કી થાય, તો તેઓ પોતે ત્યાં જવા તૈયાર છે. ટ્રમ્પે પાકિસ્તાનના પીએમ શહેબાઝ શરીફ અને આર્મી ચીફ અસીમ મુનીરના મોં ફાટ વખાણ કરતા કહ્યું કે, "તેઓ અત્યંત શ્રેષ્ઠ સાબિત થયા છે."

આવતા અઠવાડિયે અમેરિકા અને ઈરાન વચ્ચેનો સીઝફાયર (યુદ્ધવિરામ) પૂરો થઈ રહ્યો છે. ટ્રમ્પને આશા છે કે તે પહેલા ડીલ થઈ જશે. જોકે, પડદા પાછળની હકીકત એ છે કે ૨૧ કલાક સુધી ચાલેલી જે.ડી. વેન્સ અને ઈરાની પ્રતિનિધિઓ વચ્ચેની બેઠક કોઈ ચોક્કસ નિષ્કર્ષ વગર પૂરી થઈ છે. ઈરાને અમેરિકાની શરતોને "અતાર્કિક" ગણાવીને ફગાવી દીધી છે.

એક સમયે ઈરાનને જમીનદોસ્ત કરવાની વાતો કરનારા ટ્રમ્પ હવે પાકિસ્તાનના આશરે શાંતિ શોધવા નીકળ્યા છે. કાઠિયાવાડી લહેકામાં કહીએ તો, આ માત્ર રાજદ્વારી મુત્સદ્દીગીરી નથી, પણ અમેરિકાની 'ગરજ' છે જે તેમને ઈસ્લામાબાદ સુધી ખેંચી રહી છે. જો આ ડીલ થશે, તો ૨૦ વર્ષમાં કોઈ અમેરિકી રાષ્ટ્રપતિની આ પહેલી પાકિસ્તાન મુલાકાત હશે.

### ૨૦ વર્ષ સુધી ન્યુક્લિયર ઉપયોગ ન કરવાની સાથે યુરેનિયમ સોંપશે ઈરાનઃ ટ્રમ્પ

વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે દાવો કર્યો હતો કે તેહરાન (ઈરાન) તેના સંવર્ધિત યુરેનિયમનો તમામ જથ્થો સોંપવા માટે તૈયાર થઈ ગયું છે. ટ્રમ્પે આ યુરેનિયમને "ન્યુક્લિયર ડસ્ટ" ગણાવતા કહ્યું કે, "તેઓ અમને પરમાણુ ધૂળ પાછી આપવા સંમત થયા છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે ઈરાન ક્યારેય પરમાણુ હથિયાર ન બનાવી શકે અને તેઓ આ વાત પર સંપૂર્ણ સહમત થયા છે."સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાનની મધ્યસ્થીમાં ચાલી રહેલી આ વાટાઘાટોમાં અમેરિકાએ ઈરાન સામે શરત મૂકી છે કે તેણે આગામી ૨૦ વર્ષ સુધી તેના પરમાણુ કાર્યક્રમ પર રોક લગાવવી પડશે.ઈરાને અગાઉ ૫ વર્ષની દરખાસ્ત મૂકી હતી, જેને વોશિંગ્ટને ફગાવી દીધી હતી. અત્યારે આ લાંબા ગાળાના પ્રતિબંધ અંગે આખરી ચર્ચાઓ ચાલી રહી છે.

### શેઠની શિખામણ ઝાંપા સુધી !!
### ઈઝરાયલ-લેબનોનની ૧૦ દિવસ યુદ્ધવિરામ જાહેરાતની સાથે જ ઈઝરાયલે હુમલો કર્યો

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થતા બાદ ઈઝરાયલ અને લેબનોન વચ્ચે ૧૦ દિવસના યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ આ શાંતિની જાહેરાત માત્ર કાગળ પર જ રહી હોય તેવું દેખાઈ રહ્યું છે. 'શેઠની શિખામણ ઝાંપા સુધી' જેવો ઘાટ સર્જાયો છે, કારણ કે યુદ્ધવિરામનો સમયગાળો શરૂ થતાની સાથે જ ઈઝરાયલે લેબનોનના સરહદી વિસ્તારોમાં ફરી શેલિંગ શરૂ કરી દીધું છે.

ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર આશા વ્યક્ત કરી હતી કે ૧૯૮૩ પછી પ્રથમ વખત બંને દેશો વચ્ચે અર્થપૂર્ણ શાંતિ વાટાઘાટો થશે. જોકે, ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ પહેલેથી જ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ દક્ષિણ લેબનોનમાંથી પોતાની સેના પાછી ખેંચશે નહીં. આ સુરક્ષા ઝોનની જિદ અને હેઝબુલ્લાહના વિરોધ વચ્ચે યુદ્ધવિરામનો અમલ શરૂઆતથી જ ડગમગતો જોવા મળ્યો હતો.

લેબનોનની સેનાના જણાવ્યા અનુસાર, યુદ્ધવિરામ લાગુ થયાના ગણતરીના કલાકોમાં જ ઈઝરાયેલ તરફથી તોપમારો કરવામાં આવ્યો હતો. આ સ્થિતિને જોતા સેનાએ વિસ્થાપિત થયેલા નાગરિકોને હાલ પોતાના ગામ પરત ન ફરવા તાકીદ કરી છે. શાંતિની જાહેરાત છતાં સરહદ પર ગુંજતા બોમ્બ ધડાકાઓએ સાબિત કર્યું છે કે મધ્ય પૂર્વમાં કાયમી શાંતિ હજુ પણ એક મોટો પડકાર છે.

### "દરિયો કોઈના બાપનો નથી"
### માલવાહક જહાજો પર હુમલા અસ્વિકાર્ય સંયુક્ત રાષ્ટ્રમાં ભારતનો આકરો સૂર

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે હોર્મુઝની સામુદ્રધુનીમાં વાણિજ્યિક જહાજો પર થઈ રહેલા હુમલાઓ સામે લાલ આંખ કરી છે. ભારતીય રાજદૂત હરીશ પી. એ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર હુમલા બિલકુલ અસ્વીકાર્ય છે.ભારતે માલવાહક જહાજો અને નિર્દોષ ખલાસીઓને નિશાન બનાવવાની ઘટનાની સખત નિંદા કરી છે.આ માર્ગ ભારતની ઊર્જા અને આર્થિક સુરક્ષા માટે મહત્વનો છે. હુમલામાં ભારતીય ખલાસીઓએ જીવ ગુમાવ્યા હોવાની પણ ભારતે ગંભીર નોંધ લીધી છે. ભારતે તમામ દેશોને સંયમ રાખવા અને દરિયાઈ સરહદોના સન્માન સાથે તુરંત 'સેફ નેવિગેશન' પુનઃસ્થાપિત કરવા અપીલ કરી છે.ભારતે સ્પષ્ટ કર્યું છે કે વૈશ્વિક વેપારના માર્ગો સુરક્ષિત રાખવા માટે આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન થવું જ જોઈએ.

# અંબાણીને પાછળ રાખી અદાણી, બન્યાં એશિયાના નંબર વન ધનાઢ્ય

## છેલ્લા કેટલાક સમયથી શેરબજારમાં અદાણી ગ્રુપની કંપનીઓના ભાવ ખૂબ જ ઝડપથી વધ્યા જેથી અદાણીની સંપત્તિમાં રૂ.૨૯ હજાર કરોડથી વધુનો વધારો થયો

**અબતક, રાજકોટ**

શેરબજારમાં અદાણી ગ્રુપના શેરોમાં આવેલા ઉછાળાને કારણે ગૌતમ અદાણીએ ફરી એકવાર રિલાયન્સના માલિક મુકેશ અંબાણીને પાછળ છોડી દીધા છે. છેલ્લા કેટલાક સમયથી શેરબજારમાં અદાણી ગ્રુપની કંપનીઓ (જેમ કે અદાણી પોર્ટ્સ, અદાણી પાવર અને અદાણી એન્ટરપ્રાઈઝ) ના ભાવ ખૂબ જ ઝડપથી વધ્યા છે. માત્ર એક જ દિવસમાં અદાણીની સંપત્તિમાં રૂ.૨૯,૦૦૦ કરોડથી વધુનો વધારો થયો. જ્યારે ગ્રુપના શેર વધે, ત્યારે માલિકની નેટ વર્થ પણ સીધી વધી જાય છે.



હવે અદાણી એશિયાના સૌથી અમીર અને દુનિયાના ૧૯મા નંબરના ધનિક

(અનુ. આઠમા પાને)

### 'ભ્રષ્ટ' નેપાળમાં જેન-જી સરકારનું સફાયો અભિયાન

# પૂર્વ વડાપ્રધાનો અને ૧૦૦ જેટલા મિનિસ્ટરો સહિતનાની મિલકતોની તપાસ કરશે નેપાળ સરકાર

## પીએમ બાલેન્દ્ર શાહની સરકારે નિવૃત્ત સુપ્રીમ કોર્ટના જજ રાજેન્દ્ર કુમાર ભંડારીના નેતૃત્વમાં ૫ સભ્યોની જ્યુડિશિયલ પેનલની રચના કરીઃ ૨૦૦૬ થી અત્યાર સુધીના તમામ નેતાઓ અને અધિકારીઓની સંપત્તિની તપાસ થશે

**અબતક, નવી દિલ્હી**

નેપાળમાં પીએમ બાલેન્દ્ર શાહના નેતૃત્વમાં નવી બનેલી સરકારે એક ઐતિહાસિક અને મોટો નિર્ણય લીધો છે. સરકારે વર્ષ ૨૦૦૬ થી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધી સાર્વજનિક હોદ્દા પર રહેલા લોકોની સંપત્તિની તપાસ કરવા માટે ૫ સભ્યોની

(અનુ. આઠમા પાને)

### કમિશનની રચના અને તેનું નેતૃત્વ

૫ માર્ચની ચૂંટણીમાં રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીની મોટી જીત બાદ અને યુવાઓના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના પગલે આ તપાસ પંચની રચના કરવામાં આવી છે. ૫ સભ્યોના કમિશનનું નેતૃત્વ નિવૃત્ત સુપ્રીમ કોર્ટના જજ રાજેન્દ્ર કુમાર ભંડારી કરી રહ્યા છે. આ કમિશન કાનૂની માપદંડો અને પુરાવાના આધારે પોતાની નિષ્પક્ષ તપાસ આગળ વધારશે.

### દિવંગત નેતાઓના પરિવારો પણ તપાસમાં

૨૦૦૬ થી ૨૦૨૫-૨૬ વચ્ચે પદ પર રહેલા તમામ મોટા માથાઓ આ તપાસનો સામનો કરશે. કમિશન માત્ર જીવિત નેતાઓ જ નહીં, પરંતુ ગિરિજા પ્રસાદ કોઈરાલા અને સુશીલ કોઈરાલા જેવા દિવંગત નેતાઓની સંપત્તિની પણ તપાસ કરશે, જેથી તેમના રાજકીય વારસદારોએ પણ હિસાબ આપવો પડશે.

### સત્તાધારી પક્ષના નેતાઓ બાકાત નહીં

આ તપાસ પંચ માત્ર વિરોધીઓને જ નિશાન નહીં બનાવે. વર્તમાન સરકાર અને શાસક પક્ષ સાથે જોડાયેલા એવા નેતાઓ કે જેમણે અગાઉ પદો સંભાળ્યા હતા, તેમની પણ તપાસ થશે. તેમાં વર્તમાન સ્પીકર ડોલ પ્રસાદ આર્યલ અને રવિ લામિછાને સહિતના કેટલાક વર્તમાન મંત્રીઓ પણ આ જાળમાં આવી શકે છે.

### રૂપિયો તૂટ્યો છે 'નબળો' નથી પડ્યો

# ડોલર સામે રૂપિયો તૂટવા છતાં ભારતનું અર્થતંત્ર સૌથી ઝડપી "વિકસીત": IMF

## આગામી ૭ વર્ષમાં અમેરિકાનું અર્થતંત્ર 30 ટકા વિકસીત થશે, જ્યારે ભારત ૭૫ ટકાથી વધુની વૃદ્ધિ નોંધાવશે

**અબતક, નવી દિલ્હી**

ઈન્ટરનેશનલ મોનિટરિંગ ફંડ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, વૈશ્વિક સ્તરે ભારત સૌથી ઝડપી ગતિએ વિકસતું અર્થતંત્ર બની રહ્યું છે. જોકે, ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં થયેલા ઘટાડાને કારણે વર્ષ ૨૦૨૫માં ભારત વિશ્વના અર્થતંત્રોની યાદીમાં પાંચમા સ્થાનેથી ખસીને છઠ્ઠા ક્રમે પહોંચ્યું છે. આ યાદીમાં બ્રિટન હાલ ભારતથી આગળ નીકળી ગયું છે.

આર્થિક નિષ્ણાતોનું માનવું છે કે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો થવો એ ભારતની નબળાઈ નથી, પરંતુ વૈશ્વિક ચલણોમાં આવતા ઉતાર-ચઢાવનું પરિણામ છે. ભારતીય ચલણમાં (રૂપિયામાં) ભારતનો જીડીપી સતત મજબૂત વૃદ્ધિ દર્શાવી રહ્યો છે. વર્ષ ૨૦૨૪માં ભારતનો જીડીપી ₹૩૧૮ લાખ કરોડ હતો, જે ૨૦૨૫માં ૯ ટકા વધીને ₹૩૪૭ લાખ કરોડ થયો છે. ચાલુ વર્ષે તેમાં ૧૧ ટકાના જંગી ઉછાળા સાથે તે ₹૩૮૫ લાખ કરોડ થવાનો અંદાજ છે.

ઈન્ટરનેશનલ મોનિટરિંગ ફંડના પ્રોજેક્શન મુજબ, આગામી સાત વર્ષોમાં ભારતની આર્થિક પ્રગતિ આશ્ચર્યજનક હશે ૨૦૨૪ થી ૨૦૩૧ દરમિયાન ભારતનું અર્થતંત્ર ૭૫ ટકાથી વધુ વિકસિત થવાની ધારણા છે (૩.૭૬ ટ્રિલિયન ડોલરથી વધીને ૬.૭૯ ટ્રિલિયન ડોલર). આ જ સમયગાળામાં અમેરિકાનો વિકાસ દર અંદાજે ૩૦ ટકાની આસપાસ રહેશે.

(અનુ. આઠમા પાને)

### આજે ઉધાર, કાલે રોકડા
### પ્રવાહી પરિસ્થિતિમાં ઓઈલ રિફાઈનરોને સ્પોટની જગ્યાએ ક્રેડિટનો ઉપયોગ કરવા રિઝર્વ બેંકનું સૂચન

વૈશ્વિક બજારમાં પ્રવાહી અને અસ્થિર પરિસ્થિતિ વચ્ચે ભારતીય રૂપિયાના મૂલ્યને પછડાટથી બચાવવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ફરી એકવાર 'ક્રાઈસિસ પ્લાન' અમલમાં મૂક્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આરબીઆઈએ દેશની સરકારી ઓઈલ રિફાઈનરી કંપનીઓને બજારમાંથી સીધા ડોલર ખરીદવાને બદલે સ્પેશિયલ ક્રેડિટ લાઈનનો ઉપયોગ કરવા સૂચના આપી છે જ્યારે ઓઈલ કંપનીઓ તેલની આયાત માટે બજારમાંથી મોટા પાયે ડોલરની ખરીદી કરે છે, ત્યારે ડોલરની માંગ વધતા રૂપિયો નબળો પડે છે. આ દબાણ ઘટાડવા માટે છમ્ઈએ નીચે મુજબના પગલાં લીધા છે ઈન્ડિયન ઓઈલ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને ભારત પેટ્રોલિયમ જેવી કંપનીઓને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા મારફતે ક્રેડિટ સુવિધાનો ઉપયોગ કરવા જણાવાયું છે. અલગ-અલગ બેંકો પાસેથી ડોલર ખરીદવાને બદલે તમામ વ્યવહારો માત્ર એસબીઆઈ મારફતે કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે જેથી માર્કેટમાં અફરાતફરી ન મચે. અગાઉ યુક્રેન યુદ્ધ વખતે પણ જ્યારે રૂપિયો દબાણમાં હતો, ત્યારે આરબીઆઈએ આ જ 'ઉધાર'ની રણનીતિ અપનાવી હતી.ઈરાન અને અન્ય ભૌગોલિક તણાવને કારણે તેલના ભાવમાં ઉછાળો આવ્યો છે. માર્ચના અંતમાં રૂપિયો ડોલર સામે ૯૫ ના ઐતિહાસિક સ્તરે પહોંચી ગયો હતો. જોકે, છમ્ઈના તાજેતરના હસ્તક્ષેપ અને ડોલરના વેચાણને કારણે રૂપિયો થોડો સુધરીને અત્યારે ૯૩.૨૦ ની આસપાસ ટ્રેડ કરી રહ્યો છે.



### વિશ્વમાં અજંપા જેવી પરિસ્થિતિમાં સોનાના ભાવને કેવી રીતે અસર થાય છે

વૈશ્વિક બજારમાં જ્યારે પણ અસ્થિરતા કે અજંપાભરી સ્થિતિ સર્જાય છે, ત્યારે રોકાણકારો માટે 'સોનું' સૌથી સુરક્ષિત આશ્રયસ્થાન બની જાય છે. સામાન્ય રીતે સોનાના ભાવમાં આવતો ઉછાળો અણધાર્યો લાગી શકે છે, પરંતુ તેની પાછળ ચોક્કસ આર્થિક અને ભૌગોલિક કારણો જવાબદાર હોય છે. સોનાની કિંમતો મુખ્યત્વે માંગ, કરન્સીના મૂલ્યમાં ફેરફાર અને વૈશ્વિક અનિશ્ચિતતા પર આધારિત હોય છે ભારતમાં અક્ષય તૃતીયા, લગ્નસરાની સીઝન અને દિવાળી જેવા તહેવારોમાં સોનાની માંગમાં મોટો ઉછાળો આવે છે. અહીં સોનું માત્ર રોકાણ નહીં પણ પરંપરા સાથે જોડાયેલું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સોનું ડોલરમાં ટ્રેડ થાય છે. જો ડોલરની સરખામણીએ રૂપિયો નબળો પડે, તો આંતરરાષ્ટ્રીય ભાવ સ્થિર હોવા છતાં સ્થાનિક બજારમાં સોનું મોંઘું થઈ જાય છે.જ્યારે શેરબજારમાં તેજી હોય ત્યારે લોકો જોખમી અસ્કયામતોમાં રોકાણ કરે છે, પરંતુ જ્યારે બજારમાં વોલેટિલિટી (અસ્થિરતા) વધે છે ત્યારે સુરક્ષા માટે લોકો સોના તરફ વળે છે.જ્યારે પણ દુનિયામાં આર્થિક વિકાસ દર ઘટવાની આશંકા હોય, મોંઘવારી વધતી હોય કે રશિયા-યુક્રેન જેવા ભૌગોલિક તણાવ સર્જાય, ત્યારે સોનું એક 'ડિફેન્સિવ એસેટ' તરીકે ઉભરી આવે છે. અનિશ્ચિતતાના સમયમાં રોકાણકારો અન્ય જોખમી મિલકતોમાંથી નાણાં ખેંચીને સોનામાં રોકે છે, જેને કારણે તેની કિંમતોમાં તેજી આવે છે.




## લાલ રંગનો ડર નહીં, લાલ રંગનો આદર

# દુર્લભ છે, પણ 'અશક્ય' નહીં: હિમોફિલિયા સાથે પણ સંપૂર્ણ જીવન શક્ય

## દુનિયાભરમાં ૭૫% થી વધુ હિમોફિલિયાના દર્દીઓનું હજુ નિદાન જ થયું નથી: સૌરાષ્ટ્રમાં અંદાજે ૭૦૦, ગુજરાતમાં ૪૬૦૦ અને દેશમાં ૨૫ હજારથી વધુ દર્દીઓ: એક સર્વે મુજબ દર ૧૦ હજારે એક વ્યક્તિમાં આ સમસ્યા જોવા મળે છે

આજે વિશ્વ હિમોફિલિયા દિવસ, આ વર્ષની ઉજવણી થીમ ''નિદાનઃ સંભાળ માટે પ્રથમ પગલું'' છે, જે વિશ્વભરમાં હિમોફિલિયા ધરાવતા અંદાજિત ત્રણ-ચતુર્થાંશથી વધુ લોકોને ઓળખવાની મહત્વપૂર્ણ જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેઓ હાલમાં નિદાન થયા નથી. વર્લ્ડ ફેડરેશન ઓફ હિમોફિલિયા આ અંતરને દૂર કરવાનો અને વધુ સારી સારવારની પહોંચ સુનિશ્ચિત કરવા માટે વૈશ્વિક નિદાન દરમાં વધારો કરવાનો હેતુ સભર વૈશ્વિક સ્તરે કાર્યક્રમનું આયોજન કરે છે. હિમોફિલિયા એ એક દુર્લભ રક્તસ્ત્રાવ વિકાર છે જેમાં વ્યક્તિને નાના કાપ કે ઈજાથી દિવસો સુધી લોહી નીકળતું રહે છે. રક્તસ્ત્રાવ બાહ્ય હોઈ શકે છે, જેમ કે કાપ, કે આંતરિક, જેમ કે સાંધા કે સ્નાયુઓમાં રક્તસ્ત્રાવ. વ્યાપક રીતે, હિમોફિલિયા બે રીતે વિકસી શકે છે, જન્મજાત (વારસાગત) અને હસ્તગત (વારસાગત નહીં).

હળવા કે અવગણાયેલા કેસોની ઓળખ કરવી અને ક્લિનિકલ મૂલ્યાંકનમાં વિલંબ ઘટાડવો, પરિબળ પરીક્ષણની ઍક્સેસમાં સુધારો, નિવારક સંભાળને સક્ષમ બનાવવી જરૂરી છે. દર્દીઓ અને પરિવારો માટે, આ દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તે વહેલા નિદાન અને અસરકારક સારવારને પ્રોત્સાહન આપે છે. રક્તસ્ત્રાવના લક્ષણોની વહેલી ઓળખને પ્રોત્સાહન આપે છે. ડાયગ્નોસ્ટિક પરીક્ષણની ઍક્સેસને પ્રોત્સાહન આપે છે. લાંબા ગાળાના વ્યવસ્થાપન જાગૃતિને ટેકો આપે છે. દર્દીઓને વિશિષ્ટ સંભાળ કેન્દ્રો સાથે જોડે છે. મોટી ટકાવારી હજુ પણ તેમના ડિસઓર્ડરથી અજાણ છે,




તેનું મુખ્ય કારણ મૂળભૂત આરોગ્ય સંભાળ સુવિધાઓની સુલભતાનો અભાવ છે.

હિમોફિલિયા એક દુર્લભ આનુવંશિક રોગ, જે લોહીના ગંઠાઈ જવાની ક્ષમતાને કરે છે અસર કરે છે, તે એક રક્ત કોગ્યુલેશન બીમારી છે. આના દર્દીને લોહી ખૂબ જ ધીમેથી ગંઠાઈ જવાની પ્રક્રિયા કરતું હોવાથી ઘણા જોખમ ઉભા કરે છે. તે એક આનુવાંશિક રોગ પણ છે. સમગ્ર વિશ્વમાં હિમોફિલિયા જાગૃત્તિ દિવસ નિમિતે વિવિધ કાર્યક્રમો યોજીને લોકોને રોગ વિષયક માહિતીને પ્રચાર-પ્રસાર કરાય છે. આ એક પ્રકારનો ડિસઓર્ડર છે, જેથી આપણા શરીરના લોહી પર તેની અસર થાય છે. પ્રાચીન ઈજીપ્તમાં હિમોફિલિયાના કિસ્સા જોવા મળેલ, ત્યારે આ 'શાહી રોગ' તરીકે ઓળખાતો હતો. ૧૯ મી સદીમાં ઈંગ્લેન્ડની રાણી વિક્ટોરિયા બી કે તેના પરિબળ ૯ ની ઉણપની વાહક બની હતી. હીમોફીલિયા શબ્દ હેમોરાફિલિયા શબ્દનું ટૂંકો સંસ્કરણ છે. એ-બી ની સારવાર પરિબળ અને જીન થેરાપી સ્વરૂપે છે. તેના પ્રકારોમાં એ,બી સૌથી સામાન્ય જોવા મળે છે, તે એક્સ રંગસૂત્રો પર અનુક્રમે એફ ૮ કે એફ ૯ જનીનમાં ફેરફાર કે પરિવર્તનને કારણે થાય છે.

હિમોફિલિયા પીડિત વ્યક્તિને જ્યારે અંદરની તરફ અથવા બહારની તરફ ઈજા થાય છે ત્યારે લોહી વહવાનું ચાલુ જ રહે છે, આ લોહી જામી શકતું નથી, જેને હિમોફિલિયા કહેવાય છે. નાના બાળકોમાં આ બિમારીને કારણે તે મુક્ત રીતે રમી શકતુ નથી. આ બિમારીથી ઘણીવાર મોટો ખતરો પેદા થાય છે. વર્લ્ડ ફેડરેશન ઓફ હિમોફિલિયા ફેડરેશનની સ્થાપના ૧૯૮૯ માં કરવામાં આવી ત્યારથી આ દિવસની ઉજવણી કરાય છે.

તેના સ્થાપક ફ્રેન્ક કેનેબલનું અવસાન ૧૯૮૭ માં સંક્રમિત બ્લડથી એઈડ્સને કારણે મૃત્યુ થયું હતું. આ રોગનું મુખ્ય કારણ બ્લડ પ્રોટીનની ખામી હોય છે. આપણા શરીરમાં લોહી ગંઠાઈ જવા માટે વિવિધ ફેક્ટરો કામ કરતા હોય છે. જેમાં ફેક્ટર ૮ અને ૯ સૌથી અગત્યના હોય છે. હિમોફિલિયાના દર્દીમાં આજ ફેક્ટરની ખામીને કારણે તેને ઈજા કે રક્તસ્ત્રાવ થાય ત્યારે ફેક્ટર આપવા પડે છે. ક્લોટીંગ ફેક્ટર અને લોહીમાં થ્રામ્બોપ્લસ્ટિન નામના પદાર્થની પણ ખામી જોવા મળે છે. હિમોફિલિયાથી ડરવાની નહીં, સંભાળવાની જરૂર છે. હિમોફિલિયા લોહી સાથે જોડાયેલી હેરિડીટરી જિનેટીક ડિસોર્ડર ધરાવતી બિમારી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના આંકડા મુજબ દર દશ હજારે એક વ્યક્તિને આ બિમારી જોવા મળે છે. માનવ શરીરમાં કુલ ૧૩ ફેક્ટરમાંથી બનેલું છે પણ જ્યારે વ્યક્તિના શરીરમાં ફેક્ટર-૮ ની ખામી હોય ત્યારે આ બિમારી જોવા મળે છે. ઘણીવાર તો બાળકના જન્મ થયા બાદ કોર્ડ બ્લડ કાપતી વખતે પણ લોહી બંધ થતું નથી ત્યારે ડોકટરને ખ્યાલ આવતો હોય છે. સુનન્ત સમયે, દાંતની તકલીફ, ટોન્સિલ અથવા પટકાવાને કારણે બ્લિડીંગ થાય ત્યારે બંધ જ ન થાય ત્યારે મા-બાપને હિમોફિલિયાની ખબર પડતી હોય છે. આ રોગના શરીર પર દેખાતા કોઈ ચિન્હો ન હોવાથી સૌથી મહત્વની હોવાથી આ દિવસે પ્રચાર-પ્રસારમાં સહયોગ આપવો. હિમોફિલિયાના મુખ્ય ત્રણ પ્રકાર હોય છે, જો કે મોટે ભાગે આ સમસ્યા પુરૂષોમાં વધુ જોવા મળે છે. આની જીવતા લોકોને બીજી કોઈ તકલીફ હોતી નથી. તેના ચાર પ્રકારનાં રક્ત સ્ત્રાવ ઘાતક નીવડે છે. એક તો મગજમાં હેમરેજ, પેટમાં રક્તસ્ત્રાવ, ગળામાં રક્તસ્ત્રાવ માટે આ જગ્યાએ ઈજા ન થાય તેની તકેદારી રાખવી જરૂરી છે. આજે વિશ્વભરમાં તેના ચેપ્ટરો ચાલે છે. આપણા ગુજરાતમાં વિવિધ ચેપ્ટરો કાર્યરત છે. જે દર્દીઓની સાર-સંભાળ સાથે વિનામૂલ્યે સારવાર-ફિઝીયોથેરાપી જેવી સેવા આપે છે. સરકાર તરફથી પણ જીવન રક્ષક ફેક્ટર વિનામૂલ્યે મળવા લાગ્યા હોવાથી દર્દીઓને રાહત થઈ છે. આપણાં સૌરાષ્ટ્રમાં અંદાજે ૭૦૦ હિમોફિલિયાના દર્દી છે. જેમાં ફેક્ટર-૯ ની ખામીવાળા-૬૬ અને ફેક્ટર-૮ની ખામીવાળા ૫૯૦ દર્દીઓ છે. ૯ ના ૧૮ અને બીજા-૧૪ દર્દીઓ છે. ૧૧ પેનલ ડોક્ટર તેની સારવાર કરી રહ્યા છે. આવા દર્દીઓના સમર કેમ્પ સાથે મોટીવેશનલ સેમિનાર પણ આ ચેપ્ટરો યોજે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

સાંધામાં લોહી નીકળવું આવા દર્દીઓનો સૌથી મોટી મુશ્કેલી છે.

હિમોફિલિયાએ આજીવન રોગ છે અને જ્ઞાન એજ સામાન્ય જીવનની ચાવી છે. આ એક વારસાગત ઉતરી આવતો પ્રાણઘાતક રોગ છે.આપણું માનવ શરીર અમુલ્ય છે. આપણને કેન્સર, એઈડ્સ, હ્રદયરોગ, બ્લડ કેન્સર, થેલેસેમીયા જેવા રોગની ખબર છે પણ હિમોફિલિયા વિશે બહું ઓછી જાણકારી છે, તે અસાધ્ય રોગ છે. તીવ્ર હિમોફિલિયાના દર્દીને મહિનામાં ૩ થી ૪ વાર ફેક્ટર ચડાવવા પડે છે. જો જીવન રક્ષક ફેક્ટર ન મળે તો કાયમી ખોડ, પંગુતા સાથે કરોડરજ્જુ કે મગજમાં આંતરીક સ્ત્રાવ જેવી સમસ્યા થાય છે. આ ફેક્ટર વિદેશથી આયાત કરવા પડે છે. ૧૯૩૭ માં હિમોફિલિયાના પ્રકાર- અ ઈ ને આનુવંશિક વિકાર તરીકે વર્ગીકૃત કરાયા હતા. આ રોગ દર્દીઓને સારવાર પરવડતી ન હોય તે માટે સતત ભંડોળની સમસ્યા રહેતી હોય છે. વૈશ્વિક સ્તરે આજે પણ ચોક્કસ નિદાન અને સારવારથી દર્દીઓ વંચિત રહી જાય છે. આ એક વારસાગત સમસ્યા હોવાથી માતા-પિતા દ્વારા બાળકને થઈ શકે છે.રંગ સુત્રો આ રોગના વાહક હોવાથી, લોહી ગંઠાઈ જતુ ન હોવાથી રક્તસ્ત્રાવ થાય છે.

### દરેક વ્યક્તિમાં લોહીના ૧૩ ઘટકો હોય છે, જે લોહી ગંઠાવવાની પ્રક્રિયાનું કામ કરે છે: આ રોગના દર્દીમાં જન્મથી ૮-૯ અને ૧૧ની ખામી જોવા મળે છે, જેને કારણે ઈજા વગર રક્તસ્ત્રાવ થાય છે

### હિમોફિલિયા ફેડરેશનની ભારતમાં ૧૧૨ શાખા કાર્યરત

ભારતમાં દિલ્હી ખાતે ફેડરેશનની વડી કચેરી આવેલી છે. જેની છત્ર છાયામાં દેશના વિવિધ પ્રાંતોમાં હાલ ૧૧૨ શાખા કાર્યરત છે, જેનું કાર્ય રોગ વિશે જાગૃતિ લાવવા, દર્દીઓને વહેલાસર શોધવા અને સૌને પોસાય તેવા દરથી સારવાર ઉપલબ્ધ કરાવવી. સૌરાષ્ટ્ર-કચ્છમાં એક અને ગુજરાતમાં ૮ શાખા કાર્યરત છે. હાલ સૌરાષ્ટ્રમાં ૭૦૦, ભારતમાં ૨૫ હજાર અને ગુજરાતમાં સાડા ચાર હજાર હિમોફિલિયાના દર્દીઓ છે.

### દિવ્યાંગ ધારાની ૨૧ કેટેગરીમાં સમાવેશ

દિવ્યાંગ ધારાની ૨૧ કેટેગરીમાં પણ તેનો સમાવેશ કરાયો છે. આ ફેડરેશન દર્દીઓ સોશિયલ સપોર્ટ મહિલાઓના બાળકોના વિવિધ ગૃપો થકી એકબીજાને સધિયારો આપે છે. દર્દીઓ ઘેર બેઠા વિવિધ કલાત્મક નમુના બનાવીને પ્રદર્શન પણ યોજે છે. રાજકોટમાં ૩૦ વર્ષથી આ રોગનું ચેપ્ટર ચાલે છે, જેનો ફોન નંબર - ૯૮૨૪૦ ૫૯૫૪૭ છે.

### એક આનુવંશિક રક્તસ્ત્રાવ સમસ્યા, જેનો કોઈ ઈલાજ નથી

વિશ્વ હિમોફિલિયા દિવસ ઉજવણીને આજે ૩૭ વર્ષ થયા છે. બદલાવ માટે અનુકૂલન, નવા યુગમાં સંભાળ ટકાવવીના વિશેષ હેતું સાથે વૈશ્વિકસ્તરે કાર્યક્રમો આજે યોજાયા છે, તે સંદર્ભે લોકજાગૃત્તિ માટે એક વાત સમજવી જરૂરી છે કે આ એક આનુવંશિક રક્તસ્ત્રાવ સમસ્યા છે, જેનો કોઈ ઈલાજ નથી. આ સમસ્યાને કારણે પીડા, અપંગતા અને મૃત્યું પણ થઈ શકે છે, યોગ્ય સારવાર અને કાળજી સાથે આવા દર્દીઓ લાંબુ અને સ્વસ્થ જીવન જીવી શકે છે. ૧૯૮૯ માં પ્રથમવાર આ દિવસ ઉજવાયો હતો.

# સરહદી ડેરીના પ્લાન્ટમાં આગ ભભૂકી: અંતે મોકડ્રીલ જાહેર

### ઉનાળાના આકરી ગરમીમાં આગની ઘટનાઓની અગમચેતીના ભાગરૂપે મોકડ્રીલ યોજાઈ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

તાજેતરમાં આગની ઘટનાઓ બનવાના ઘણા બધા સમાચારો મળી રહ્યા છે તેવામાં આગમચેતીના ભાગરૂપે સરહદ ડેરી ના ચેરમેન વલમજીભાઈ હુંબલની સૂચના અને માર્ગદર્શન હેઠળ કર્મચારીઓ અને શ્રમિકોના અમુલ્ય જીવનને ધ્યાનમાં રાખીને આગની મોકડ્રીલ સરહદ ડેરીના ચાંદરાણી સ્થિત પ્રોસેસિંગ પ્લાન્ટ ખાતે યોજવામાં આવી.

આ મોકડ્રીલ સરહદ ડેરીના પર્યાવરણ અને સ્વાસ્થ્ય સેફ્ટી ઓફિસર તથા ફાયર એન્ડ સેફ્ટી ટ્રેનીંગ ઓફિસર ડરવનસિંગ એસ. રાવત, ફાયર ટ્રેનીંગ ઓફિસર ખીમસિંગ પવારની આગેવાનીમાં યોજાઈ હતી. જેમાં આકસ્મિક રીતે આગ લાગે ત્યારે આગ ઉપર કઈ રીતે કાબૂ મેળવવો તે માટે માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ સાથે કેટલા પ્રકારની આગ હોય છે તેમજ તેને કેવી રીતે કાબૂમાં લેવું, આગની ઘટના બને ત્યારે કેવા પ્રકારની કામગીરી કરવામાં તે અંગેની ઝીણવટ પૂર્વક ની માહિતી આપવામાં આવી હતી.



જેમાં ફાયર એકસ્ટીગ્યુઝર બોટલનો ઉપયોગ કઈ રીતે કરવો તે માટે તેનો ડેમો બતાવવામાં આવ્યો હતો. આગ લાગી હોય ત્યારે તાત્કાલિક આગ કઈ રીતે બુજાવી શકાય તેમજ કયા કયા પ્રકારની તકેદારી રાખવી તે માટે અધિકારી તેમજ કર્મચારી ને તાલીમ આપવામાં આવી હતી. આગ લાગી હોય ત્યારે જાન અને માલને કઈ રીતે બચાવ કરો તે માટે ફાયર સેફ્ટીની સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલે જણાવ્યું હતું કે, સુરક્ષા એ સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને આગ જેવી આકસ્મિક પરિસ્થિતિઓ સામે સજાગતા જ જીવન બચાવવાનો સૌથી મોટો માર્ગ છે. તેમણે વધુમાં જણાવ્યુ કે આવી મોકડ્રીલ દ્વારા કર્મચારીઓમાં આત્મવિશ્વાસ વધે છે અને આપત્તિના સમયે યોગ્ય અને ઝડપી નિર્ણય લેવામાં સહાય મળે છે.

## આવતીકાલનું રાશિફળ

### તા.૧૮.૪.૨૦૨૬ શનિવાર, સંવંત ૨૦૮૨, વૈશાખ સુદ એકમ, અશ્વિની નક્ષત્ર, પ્રીતિ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મેષ (અ,લ,ઈ) રહેશે

**મેષ (અ,લ,ઈ)** : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, આગળ વધવાની તક મળે, કેટલીક સુંદર પ્રતિભા તમે કેળવી શકો.

**વૃષભ (બ,વ,ઉ)** : આવક જાવક નો હિસાબ રાખવો પડે, ખર્ચ પર અંકુશ રાખવો, થોડું ગણતરીપૂર્વક ચાલવું પડશે.

**મિથુન (ક,છ,ઘ)** : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, યાર દોસ્તની સહાય મળી રહે, કાર્ય પૂર્ણ થાય, પ્રગતિકારક દીવસ રહે.

**કર્ક (ડ,હ)** : નોકરિયાતવર્ગ ને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,વેપારીવર્ગને થોડી ઉઠાપટક રહેવા સંભવ છે.

**સિંહ (મ,ટ)** : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવો જરૂરી બને છે.

**કન્યા (પ,ઠ,ણ)** : માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, દિવસ દરમિયાન મૂડ બદલાય કરે, સાંજ ખુશનુમા વીતે.

**તુલા (ર,ત)** : જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, તમારા અભિપ્રાયની ગણના થાય.

**વૃશ્ચિક (ન,ય)** : તબિયતની કાળજી લેવી,જીવનમાં નિયમિતતાની જરૂર છે, ખાવાપીવામાં કાળજી લેવી પડે.

**ધન (ધ,ભ,ફ,ઢ)**: પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્તિ કરી શકો.

**મકર (ખ,જ)** : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય, વિચારોમાં હકારાત્મકતા આવે, દિવસ આનંદ માં વીતે.

**કુંભ (ગ,સ,શ)** : નવા કાર્યમાં આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, નવી પદ્ધતિથી કાર્ય કરી શકો .

**મીન (દ,ચ,ઝ,થ)**: તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો, દિવસ શુભ રહે, ભૂતકાળમાંથી પાઠ લેવો જરૂરી બને છે.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરીને પગલે જામનગર-વડોદરા ઈન્ટરસિટી બે દિવસ રદ

### ગેરતપુર-અમદાવાદ વચ્ચે બ્લોકને કારણે રેલ વ્યવહારને અસર, સિકંદરાબાદ-રાજકોટ ટ્રેન ૪૫ મિનિટ મોડી દોડશે

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા અને બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરીને વેગ આપવા માટે આગામી દિવસોમાં ગેરતપુર-અમદાવાદ રેલખંડ પર 'પ્રીકાસ્ટ પોર્ટલ બીમ' સ્થાપિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મોટા ઓપરેશન માટે રેલવે દ્વારા બ્લોક લેવામાં આવનાર હોવાથી રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી મહત્વની ઈન્ટરસિટી ટ્રેનો રદ કરવામાં આવી છે.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડીસીએમ સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર ૧૮ એપ્રિલઃ વડોદરાથી જામનગર જતી ઈન્ટરસિટી અને ૧૯ એપ્રિલ જામનગરથી વડોદરા જતી ઈન્ટરસિટી (૨૨૯૬૦) રદ રહેશે.

આ ઉપરાંત, લાંબા અંતરની સિકંદરાબાદ-રાજકોટ સુપરફાસ્ટ એક્સપ્રેસ (૨૨૭૧૮) પણ ૧૯ એપ્રિલના રોજ વડોદરા ડિવિઝનમાં અંદાજે ૪૫ મિનિટ મોડી (રેગ્યુલેટ) થશે. વીકએન્ડમાં મુસાફરી કરતા લોકોએ મુશ્કેલીથી બચવા માટે રેલવેની સત્તાવાર વેબસાઈટ પર સમયની ખાતરી કરી લેવા વિનંતી કરવામાં આવી છે.

# ગીર સોમનાથ જીલ્લામાં ભગવાન પરશુરામ સાથે જોડાયેલી છે વિવિધ મંદિરોની વિરાસત

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ મહાદેવની પાવનકારી ભૂમિ પરશુરામ જયંતિએ ધર્મમય - ભક્તિમય શોભાયાત્રાથી પાવનમય બનશે. સોમનાથએ ભગવાન પરશુરામજીની તપોભૂમિ છે. હિરણ - સરસ્વતી અને કપિલા નદીના પવિત્ર ત્રિવેણી સંગમ તટે પ્રાચીન સમયમાં ભગવાન પરશુરામે તપ કરી શિવજીને પ્રસન્ન કર્યા હતા. જે સ્થળે હાલ સોમનાથ ટ્રસ્ટના નૂતન રામ મંદિર પાછળ પરશુરામ મંદિર આવેલું છે. જ્યાં જલ પ્રભાસ કુંડ, જલેશ્વર મહાદેવ સહિત પાવનકારી મંદિરો પણ બિરાજમાન છે. પ્રભાસ-પાટણ ગામમાં દરજીવાડાના નાકે ભગવાન પરશુરામ પરિવાર સાથે સંકળાયેલ જમદગ્નેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. તો ગીર સોમનાથ જીલ્લા મધ્યે જામવાળા ગીર પાસે શીંગોડા નદી ઉપરના નયનરમ્ય ધોધ પાસે જમદગ્ની આશ્રમ આવેલો છે.

ભગવાન પરશુરામ જયંતિ નિમિતે સોમનાથના પરશુરામ મંદિરે યજ્ઞ, ધજારોહણ, સંધ્યા આરતી તેમજ વેરાવળ - સુત્રાપાડા સહિત વિવિધ સ્થળોએ પરશુરામ ભગવાનની શોભાયાત્રા દેવદર્શન - પૂજા સહિતના પરંપરાગત કાર્યક્રમો યોજાયેલ છે.

## સૂડોકુ -૧૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૬ | | | | | | ૧ |
| ૩ | | ૨ | | ૯ | ૮ | | | |
| | ૯ | | | ૬ | | | ૮ | ૭ |
| ૨ | | ૫ | ૭ | | ૪ | ૧ | ૬ | ૯ |
| | ૬ | | | | | ૫ | ૭ | |
| | | | | ૫ | | ૪ | ૩ | ૨ |
| | | | | | ૧ | | | |
| | ૨ | | | ૪ | ૫ | ૯ | | |
| ૧ | | | ૬ | | | | ૫ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૦૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૬ | ૮ | ૧ | ૪ | ૩ | ૫ | ૭ |
| ૭ | ૫ | ૩ | ૬ | ૯ | ૨ | ૮ | ૧ | ૪ |
| ૮ | ૧ | ૪ | ૭ | ૫ | ૩ | ૯ | ૬ | ૨ |
| ૧ | ૯ | ૮ | ૨ | ૩ | ૫ | ૪ | ૭ | ૬ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૬ | ૭ | ૨ | ૮ | ૯ |
| ૬ | ૭ | ૨ | ૪ | ૮ | ૯ | ૧ | ૩ | ૫ |
| ૨ | ૪ | ૧ | ૫ | ૭ | ૮ | ૬ | ૯ | ૩ |
| ૩ | ૬ | ૭ | ૯ | ૪ | ૧ | ૫ | ૨ | ૮ |
| ૫ | ૮ | ૯ | ૩ | ૨ | ૬ | ૭ | ૪ | ૧ |

## કાર્યક્રમોની યાદી

અબતક CHANNEL

**તારીખ ૧૭-૦૩-૨૦૨૬ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (બે યાર )
૦૨:૩૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા પાર્ટ ૦૧)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કોફ્તા ૦૩)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.અર્ચના પીઠડીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૮-૦૩-૨૦૨૬ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૧૮-૪ -૨૦૨૬ શનીવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** વૈશાખ શુદ એકમ
**નક્ષત્ર** અશ્વિની
**યોગ** પ્રીતિ **કરણઃ** બાલવ
**સુર્યોદય** ૬.૨૬ **સુર્યાસ્તઃ** ૭.૦૭
**ચંદ્ર રાશી** મેષ
**રાશિ અક્ષર** અ.લ.ઈ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૨ થી ૧.૧૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## તમારા ઘરમાં નકારાત્મક ઉર્જા તો નથી ને!? જાણો!

ઘરમાં નકારાત્મક ઉર્જાની હાજરી માનસિક અશાંતિ, આળસ અને કારણ વગરના ઝઘડાઓનું કારણ બની શકે છે. જો તમને લાગે કે ઘરમાં પ્રવેશતા જ ભારેપણું અનુભવાય છે, ઘરના સભ્યો વારંવાર બીમાર પડે છે અથવા આર્થિક તંગી સતત બની રહે છે, તો તે નકારાત્મક ઉર્જાનો સંકેત હોઈ શકે છે. આ ઉપરાંત તુલસી અને અન્ય છોડ ઉજરતા ન હોય વળી નળમાં થી પાણી વારંવાર ટપકતું હોય કે દીવાલમાં તિરાડ પડતી હોય તો સમજવું કે ઘરમાં કોઈને કોઈ રીતે નેગેટિવ એનર્જી આવે છે અને તેને દૂર કરવા ઉપાય કરવા જોઈએ. આ ઉર્જાને દૂર કરવા માટે નિયમિત સફાઈ અને ઘરમાં સૂર્યપ્રકાશ ની હાજરી છે ; સવારે ઘરની બારીઓ ખુલ્લી રાખો જેથી શુદ્ધ હવા અને કુદરતી પ્રકાશ અંદર આવી શકે. પોતું કરતી વખતે પાણીમાં દરિયાઈ મીઠું ઉમેરવાથી ઘરના ખૂણેખૂણામાં રહેલી નકારાત્મકતા શોષાઈ જાય છે. વળી અઠવાડીએ એક વાર ગૌમૂત્ર છાંટવાથી પણ લાભ થાય છે અને જૂનો ભંગાર કટાયેલી વસ્તુ અને બંધ ઘડિયાળ દૂર કરવા જોઈએ. ઘરમાં સવાર-સાંજ કપૂર અથવા ગુગળનો ધૂપ કરવો અત્યંત લાભદાયી છે. વળી ઘરમાં વાસ્તુદોષ દૂર કરવા માટે ક્યાં ખૂણામાં અયોગ્ય વસ્તુ કે બાંધકામ છે તે મુજબ ઉપાય યોજવાથી નકારત્મક ઉર્જા દૂર કરી સુખ શાંતિ સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે.



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

હું ભૂખ્યો નથી, તરસ્યો નથી, અને હૈયને જંગલમાં મોજ કરૂં છું''....

# ગિરનાર અભ્યારણ્યમાં ઉનાળામાં વન્યપ્રાણીઓને પૂરતું પીવાનું પાણી મળી રહે તે માટે ૫૬ જેટલા વોટર પોઈન્ટ જીવંત

## વન વિભાગ દ્વારા જંગલમાં સોલાર, પવનચક્કી અને ટેન્કર દ્વારા વન્યપ્રાણીઓને પાણી પૂરું પાડવાની સઘન વ્યવસ્થા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ જિલ્લાના ગિરનાર અભ્યારણ્યમાં કાળજાળ ગરમી અને હિટ વેવમાં વન્યપ્રાણીઓને પૂરતું અને સ્વચ્છ પાણી મળી રહે તે માટે વન વિભાગ દ્વારા ૫૬ જેટલા વોટર પોઈન્ટ જીવંત કરાયા છે.

જૂનાગઢ જિલ્લામાં વિશાળ પ્રમાણ જંગલ વિસ્તાર આવેલો છે, અહીં વૃક્ષો વિપુલ પ્રમાણમાં હોવાથી વર્ષા ઋતુમાં વરસાદ પણ વિપુલ પ્રમાણમાં થાય છે, જેના કારણે ચોમાસા અને શિયાળાની ઋતુમાં જંગલ વિસ્તાર સોળે કળાએ પ્રકૃતિથી ખીલી ઊઠી છે, પરંતુ અહીંનો ઉનાળો વધુ અઘરો હોય છે, ભૌગોલિક સ્થિતિ મુજબ, ઢાળ વાળો અને પથરાળ વિસ્તાર હોવાથી અહીં પડતા ખૂબ વરસાદ છતાં, પાણી ટકતું નથી, જેના કારણે ઉનાળામાં કુદરતી નદી, નાળા સુકાઈ જાય છે, જેના કારણે ગિરનાર વન્યપ્રાણી અભ્યારણ્યમાં રહેણાંક કરી વસવાટ કરતા અગણિત પશુ, પક્ષી અને પ્રાણીઓ માટે પીવાના પાણીની સમસ્યા સર્જાતી હોય છે,

ગિરનાર વન્યપ્રાણી અભ્યારણ્યમાં સિંહ અને દિપડા જેવા માંસાહારી વન્યપ્રાણીઓની સાથે ભુંડ, સસલા, નિલગાય, ચિત્તલ, અને સાબર જેવા તૃણાહારી પ્રાણીઓ કુદરતી રીતે મુક્ત પણે વિચરે છે, અને આ વન્યપ્રાણીઓ માટે જંગલમાં વિપુલ પ્રમાણમાં ખોરાક ઉપલબ્ધ છે. એટલે વન્યપ્રાણીઓ માટે ખોરાકની કોઈ ચિંતા રહેતી નથી. પરંતુ ધોમ ધખતી



ઉનાળાની આકરી ઋતુમાં જંગલ વિસ્તારના કુદરતી નદી, નાળાઓ સુકાઈ જતા હોય છે. ત્યારે આવી કાળઝાળ ગરમીમાં મૂંગા વન્યપ્રાણીઓને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવી ખૂબ જરૂરી બને છે.

જો કે, વન વિભાગ દ્વારા દર વર્ષે વન્ય પ્રાણીઓના પીવાના પાણી માટે આગવું આયોજન કરી રાખે છે અને અલગ અલગ જગ્યાએ કૃત્રિમ વોટર પોઈન્ટ બનાવવામાં આવે છે. જેથી વન્ય પ્રાણીઓને જરા પણ પીવાના પાણીની તકલીફોનો સામનો કરવો ના પડે,

હાલ અભ્યારણ્યમાં કુલ ૫૬ વોટર પોઈન્ટ આવેલા છે. જેમાંથી ગ્રીન એનર્જીનો ઉપયોગ કરીને ૨૦ વોટર પોઈન્ટ સોલારથી અને ૮ વોટર પોઈન્ટ પવનચક્કીથી ચલાવવામાં આવે છે. આ ઉપરાંત બાકીના ૨૮ વોટર પોઈન્ટ ટેન્કર મારફતે ભરવામાં આવે છે. આ વ્યવસ્થા સુચારુ રૂપે ચાલતી રહે તે માટે દરેક રાઉન્ડ દીઠ ૨ માણસોને ખાસ આ વોટર પોઈન્ટની સાફ સફાઈ તેમજ વોટર પોઈન્ટ ભરવાની કામગીરી સોંપવામાં આવેલ છે. વોટર પોઈન્ટ ખાલી થતાં જ તેને ફરીથી ભરવામાં આવે છે.



આમ વન્ય પ્રાણીઓને પીવાના પાણીની શોધમાં જંગલ માંથી બહાર ન જવું પડે તે માટે જૂનાગઢ વન વિભાગ દ્વારા દર વર્ષે વન્યપ્રાણીઓ માટે પીવાના પાણીની ખૂબ સારી વ્યવસ્થા ઉભી કરવામાં આવે છે.

# યુવાધનને નશાના ખપ્પરમાં હોમનારા તત્વોની ખેર નથી, માહિતી શેર કરી પોલીસના મદદગાર બનો

## પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ: એક માસમાં રૂ.૧૧.૬૦ લાખથી વધુની કિંમતનો ગાંજો તેમજ મેફેડ્રોન ડ્રગ્સ પકડાયા, ૪ આરોપી વિરુદ્ધ કામગીરી

**અબતક, રાજકોટ**

પોલીસ કમિશનરબ્રજેશ કુમાર ઝાની અધ્યક્ષતામાં રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. પોલીસ કમિશનરએ શૈક્ષણિક સંસ્થાઓ આસપાસ નાર્કોટિસ ડ્રગ્સ સહીત નશાકારક પદાર્થનું વેચાણ થતું હોવાની સંભાવનાને ધ્યાને લેતા વેચાણકર્તાની માહિતી છાત્રાઓ કે શિક્ષકો મારફતે પોલીસ વિભાગને આપવા ખાસ અપીલ કરી હતી.

બ્રજેશ કુમારે સોશિયલ મીડિયા સહીતના વિવિધ માધ્યમ દ્વારા યુવાઓમાં જાગૃતિ અર્થે વધુને વધુ અવેરનેસ કાર્યક્રમો હાથ ધરવા વિવિધ વિભાગના અધિકારીઓને જણાવ્યું હતું.

ક્રાઈમ વિભાગના ડી.સી.પી. જગદીશ બંગરવાએ એન્ટી-ડ્રગ્સ કેમ્પેઈન અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા ચાલુ માસે કરવામાં આવેલી કામગીરીની માહિતી આપી હતી. જેમાં એક માસમાં રૂ. ૧૧.૬૦



લાખથી વધુની કિંમતનો ૨૦ કિલોગ્રામ જેટલો ગાંજો તેમજ ૪૦.૪૨ ગ્રામ મેફેડ્રોન ઝડપી કુલ ત્રણ કેસમાં ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

જયારે શાળા આસપાસ ૧૦૦ મીટરમાં પ્રતિબંધ હોવા છતાં તંબાકુ સંબંધી વેચાણકર્તા પાન ગલ્લા વિરુદ્ધ કોપટા એક્ટ હેઠળ ૨૩૦ કેસમાં રૂ. ૪૬,૦૦૦ નો દંડ વસુલ કરવામાં આવ્યો હોવાનું બંગરવાએ ઉમેર્યું હતું.

બેઠકમાં મહાનગરપાલિકા, ફૂડ એન્ડ ડ્રગ્સ, આરોગ્ય વગેરે વિભાગો દ્વારા કરાયેલ સર્ચની કામગીરીની વિગત પુરી પાડવામાં આવી હતી. રાજકોટ શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, ભારત સરકારના કસ્ટમ્સ વિભાગ દ્વારા નશાકારક ડ્રગ્સ અંગે કરવામાં આવેલા જાગૃતિ કાર્યક્રમ અંગે માહિતી પુરી પાડવામાં આવી હતી.

એન્કોર્ડ બેઠકમાં ડી.સી.પી. ઝોન -૧ હેતલ પટેલ, ઝોન - ૨ રાકેશ દેસાઈ, એ.સી.પી. ભરત બસિયા, એસ.ઓ.જી ના પી.આઈ. એસ.એમ. જાડેજા સહીત વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીશ્રીઓ, કૃષિ અને વન વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, કસ્ટમ, ફૂડ એન્ડ ડ્રગ્સ, ફોરેન્સિક વિભાગ સહીત વિવિધ વિભાગના અધિકારીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સીટીના નોડલ અધિકારીઓ જોડાયા હતાં.

તપસ્યા એટલે કર્મો બાળવાની ભઠ્ઠી

# જૈન સમાજ સોમવારે અખાત્રીજ ઉજવશે

**અબતક, રાજકોટ**

જૈન દર્શન તીર્થંકર ચરિત્ર મુજબ ત્રીજા આરાના અંતમાં ચૌદમા કુલકર શ્રી નાભિરાજાના કૂળે રત્નકુક્ષીણી માતા મરૂદેવાની કુક્ષીએ શ્રી આદિનાથ ઋષભદેવ ભગવાનનો જન્મ થયો હતો.ઋષભદેવ પ્રભુને લાભાંતરાય કર્મના ઉદયને કારણે ચારસો દિવસ સુધી આહાર - પાણી મળ્યાં ન હતાં,અખાત્રીજના દિવસે તેઓનું પારણું થયેલું,ત્યારથી વર્ષીતપ કરવાની પરંપરા શરૂ થઈ છે.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે જૈન શાસ્ત્રોમાં તપને અનેરૂ અને આગવું મહત્વ આપવામાં આવ્યું છે. જૈનાગમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ૩૦ મું ''તપો માર્ગ '' નામનું એક આખું અધ્યયન આપેલું છે તેમાં કહ્યુ છે.. કરોડો ભવોના બાંધેલા કર્મો તપથી ક્ષય અને નિર્જરી જાય છે.જિજ્ઞાસુ સાધક પરમાત્માને પ્રશ્ન પૂછે કે..

હે નાથ ! દીક્ષા લઈને અમારે કરવાનું શું ?

કરૂણાસાગર જવાબ આપે કે

હે ! ભવ્ય આત્માઓ !

તમારા આત્માને સંયમ અને તપમાં જોડી દેજો.

તપના બાર પ્રકાર છે,તેમા છ આભ્યંતર અને છ બાહ્ય.

વર્ષી તપની બાહ્ય તપમા ગણના થાય છે.વર્ષી તપ એ ૪૦૦ દિવસ સુધી કરવામાં આવતું વિશિષ્ઠ તપ રહેલું છે.વર્ષી તપના તપસ્વીઓ ઉપકારી ગુરૂવર્યો, સાધુ - સાધ્વીજીઓના શ્રી મુખેથી ફાગણ વદ આઠમના તપના પચ્ચખાણ અંગીકાર કરી મંડાણ કરે છે અને વૈશાખ સુદ ત્રીજ એટલે કે અક્ષય તૃતીયાના દિવસે તપની પૂર્ણાહૂતિ થાય છે.અમુક તપસ્વીઓ અખાત્રીજથી પણ તપના મંડાણ કરે છે.

અખાત્રીજ સર્વ શ્રેષ્ઠ મુહૂર્ત પણ ગણાય છે.અક્ષય એટલે જેનો ક્ષય ન થાય તે.અખાત્રીજને યુગાદિ તિથિ અને લોકબોલીમાં અખાત્રીજ કહેવાય છે.

## વર્ષીતપ એટલે એક વર્ષ સુધી કરવામાં આવતું વિશિષ્ટ તપ

વર્ષીતપની શરૂઆત સંદર્ભે એક પ્રસંગ સંકળાયેલો છે.

આ યુગના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ - ઋષભદેવ ભગવાને સંયમનો સ્વીકાર કર્યો ત્યારે તેઓને છઠ્ઠ - બે ઉપવાસ હતાં.પારણાને દિવસે પ્રભુ ગોચરી - પાણી માટે નગરમાં નીકળ્યા પરંતુ નગરજનો સાધુની આહાર વિધી - નિયમોથી અજાણ હોવાથી તેઓ પ્રભુને હાથી,ઘોડા,હીરા,માણેક,મોતી,વસ્ત્ર અને પોતાની કન્યાઓ ઋષભદેવને ધરવા લાગ્યાં.આવું બે - ચાર દિવસ નહીં પરંતુ ચારસો દિવસ સુધી ચાલ્યું,છતાં પરમાત્મા ચિત્ત પ્રસન્ન રહેતાં. સમતા ભાવે ભૂખ - તરસને સહન કરતાં. પ્રભુ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ૪૦૦ દિવસ પછી હસ્તિનાપુર પધાર્યા. મહેલના ઝરૂખામાં બેસીને નગર નિરીક્ષણ કરતાં શ્રેયાંસ કુમાર પ્રભુને જોઈને ચિંતને ચડ્યા કે... આવા સાધુને મેં કયાંક જોયાં છે,ચિંતન - મનન કરતાં તેઓને જાતિ સ્મરણ જ્ઞાન થાય છે તથા પૂર્વ ભવમાં જૈન સાધુને આપેલો આહાર તથા વિધી - નિયમો યાદ આવી જાય છે અને અતિ હર્ષિત થઈ સાત - આઠ ડગલા પ્રભુની સમીપે જઈ કહે છે... પધારો ભગવંત...પધારો...ગોચરી, પાણીનો લાભ આપો.




:: સંકલન ::
મનોજ ડેલીવાળા

નિર્દોષ ઈક્ષુ રસ - શેરડીના રસથી ભરેલા ઘડામાંથી અહોભાવથી ઋષભદેવ ભગવાનને ઈક્ષુ રસ વ્હોરાવે છે.પ્રભુ પોતાના કરપાત્રથી પારણું કરતાં જ ''અહો દાનમ...મહા દાનમ''ની ઉદ્ઘોષણા થાય છે તેમજ પંચ દિવ્યો પ્રગટ થાય છે.પ્રભુ આદિનાથ ઋષભદેવના પારણાનો દિવસ એટલે વૈશાખ સુદ ત્રીજ.

આ તપને સંવત્સર તપ પણ કહે છે.અમુક તપસ્વીઓ ૪૦૦ દિવસને બદલે એક વર્ષ સુધી પણ તપ કરતાં હોય છે.અમુક આરાધકોથી ઉપવાસ ન થઈ શકતો હોય તો એકાસણા,આયંબિલ વગરે નાની - મોટી તપશ્ચર્યા કરી વર્ષી તપની આરાધના કરતાં હોય છે.પ્રભુ પ્રત્યેના ભક્તિભાવથી તેઓએ કંડારેલી તપરૂપી કેડીને વર્ષી તપની પરંપરાને જૈન - જૈનેત્તર સૌ અનુસરી તપ માર્ગને આગળ ધપાવે છે.જૈન દર્શનમાં કહ્યું છે તપ કરવાથી,કરાવવાથી તથા તપસ્વીઓની અનુમોદના કરવાથી પણ કર્મ નિર્જરા થઈ શકે છે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી કાલે બનશે જૂનાગઢના મહેમાન

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો ચતુર્થ પદવીદાન સમારોહ યોજાશે: ૩૬ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, ૧૦૯ પીએચડીની પદવી એનાયત થશે: કુલ ૨૭,૪૭૬ વિદ્યાર્થીઓને ડિગ્રી પ્રાપ્ત કરશે



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ૧૮મી એપ્રિલે જૂનાગઢના અતિથિ બનશે, અને તેમના અધ્યક્ષસ્થાને ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો ચતુર્થ પદવીદાન સમારોહ યોજાશે.આ પ્રસંગે રાજ્યપાલ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવાની સાથે પ્રેરણાદાયી સંબોધન કરશે.

જૂનાગઢ શહેરના વંથલી રોડ પર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે ૧૮-૦૪-૨૦૨૬ સવારે ૧૧:૦૦ કલાકે આ ગરિમાપૂર્ણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા કુલ ૩૬ તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવશે. આ ઉપરાંત વિવિધ વિષયોમાં સંશોધન પૂર્ણ કરનાર ૧૦૯ જેટલા વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની પદવી એનાયત કરાશે.

આ પદવીદાન સમારોહમાં યુનિવર્સિટીની વિવિધ ૬ ફેકલ્ટીના જુદા જુદા કોર્સના કુલ ૨૭,૪૭૬ વિદ્યાર્થીઓને સ્નાતક, અનુસ્નાતક અને ડિપ્લોમાની પદવી એનાયત કરવામાં આવશે. ફેકલ્ટીવાઈઝ જોઈએ તો આર્ટસમાં ૯૮૦૫, કોમર્સમાં ૬૮૭૧, સાયન્સમાં ૧૫૨૦, હ્યુમેનીટી અને સોશ્યલ સાયન્સ-૧૧૩૭, લાઈફ સાયન્સ,-૯૯, એજ્યુકેશન-૨૫૩૪, રૂરલ સ્ટડીઝ- ૧૧૯૫, મેનેજમેન્ટ-૪૭૦, હોમ સાયન્સ-૧૫૧, મેડીસન-૪૮૩, નર્સીંગ-૨૬૬, હોમીયોપેથી-૯૫, લો-૭૯૯, કોમ્પ્યુટર સાયન્સ-૧૯૪૨, પીએચ.ડી. ઓલ ફેકલ્ટી-૧૦૯ મળીને ૨૭૪૭૬ વિદ્યાર્થી પદવી હાંસલ કરશે.

આ પ્રસંગે આઈ.આઈ.એમ. અમદાવાદના પૂર્વ પ્રોફેસર અને પદ્મશ્રી અનિલકુમાર ગુપ્તા મુખ્ય અતિથિ તરીકે વિશેષ ઉપસ્થિત રહી પદવીધારક વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંબોધન કરશે.

# સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના ૧૩ વોર્ડની બઠકો પર ૧૩૬ ઉમેદવારો નસીબ અજમાવશે

## જીલ્લા પંચાયતની ૩૨ બેઠકો માટે ૧૦૩ ઉમેદવારો અને ૧૦ તાલુકા પંચાયતની ૧૮૦ બેઠખો પર ૫૧૨ ઉમેદવારો વચ્ચે મુકાબલો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં આગામી તા.૨૬ એપ્રિલના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને અનુલક્ષીને વહીવટી તંત્ર અને રાજકીય પક્ષોમાં ઉત્સાહ સાથે ગરમાવો જોવા મળી રહ્યો છે. જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરના માર્ગદર્શન હેઠળ ઉમેદવારી ફોર્મની ચકાસણી અને પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થતા જ ચૂંટણીનું આખરી ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે.

જેમાં સુરેન્દ્રનગર જીલ્લા પંચાયતની ચૂંટણીમાં કુલ ૩૨ બેઠકો માટે ૧૦૩ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ભાજપના ૩૨ ઉમેદવારો, કોંગ્રેસના ૩૧ ઉમેદવારો, આમ આદમી પાર્ટીના ૩૧ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. જ્યારે સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના ૧૩ વોર્ડની ૫૨ બેઠકો પર પણ ૧૫૫ ફોર્મ માન્ય રહ્યા હતા અને ૧૯ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા આખરે ૧૩૬ ઉમેદવારો હવે મેદાનમાં છે. ભાજપ, કોંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને અપક્ષ ઉમેદવારોએ પણ મહાનગરપાલિકાની ચુંટણીમાં ઝંપલાવ્યું છે.

જ્યારે ધ્રાંગધ્રા, લીંબડી, ચોટીલા અને પાટડીની કુલ ૧૧૨ બેઠકો માટે કુલ ૨૭૬ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા, જેમાંથી માન્ય ૨૪૩ ફોર્મમાંથી ૨૬ ફોર્મ અંતિમ દિવસે પરત ખેચવામાં આવ્યા હતા.

હવે ૧૮૯ ઉમેદવારો વચ્ચે મુકાબલો થશે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૮ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે. આથી ભાજપના ૮૪ અને કોંગ્રેસના ૭૦ ઉમેદવારો મુખ્ય હરીફ છે. આ ઉપરાંત થાન નગરપાલિકામાં ખાલી પડેલી ૦૧ બેઠકની પેટા ચૂંટણી માટે પણ વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે.

નગરપાલિકા વિસ્તારોમાં મતદારોનો ઉત્સાહ જોતા આ વખતે ઊંચું મતદાન થવાની શક્યતાઓ સેવાઈ રહી છે. આ ઉપરાંત જીલ્લાની ૧૦ તાલુકા પંચાયતો જેમ કે સાયલા, લીંબડી, ચોટીલા, લખતર, વઢવાણ, ચુડા, મુળી, દસાડા, ધ્રાંગધ્રા અને થાનગઢની કુલ ૧૮૦ બેઠકો પર પણ જંગ જામશે આ બેઠકો માટે કુલ ૫૧૨ ઉમેદવારો મેદાનમાં છે, જ્યારે ૦૭ ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે.


## કોટડાસાંગાણી તાલુકાના અબતક દૈનિકના એજન્ટ અને રિપોર્ટર

- આપના વિસ્તારમાં કોઈપણ પ્રકારના પ્રશ્નો હોય તો અમોને જાણ કરશો
- કોઈપણ સંસ્થાની કે જાહેર પ્રેસ નોટ આપવા માટે
- તમારા કોઈપણ ધંધાની આકર્ષક જાહેરાત અને જાહેર નોટિસ આપવા માટે
- અવસાન નોંધ (શ્રદ્ધાંજલિ) આપવા માટે
- અબતક ચેનલના સમાચાર હોય તો અમને જણાવશો
- અબતકનું લવાજમ મેળવવા માટે



**સલીમ પતાણી**
(રિપોર્ટર અને એજન્ટ - કોટડાસાંગાણી તાલુકો)

સંપર્ક સ્થળ:
**પતાણી ન્યુઝ એજન્સી**
ભાડવા રોડ, કોટડાસાંગાણી
સલીમ પતાણી ૯૭૨૩૮ ૪૪૭૮૬
સોયબ પતાણી ૯૪૨૯૮ ૭૬૭૮૬


**અથવા રૂબરૂ મુલાકાત માટે મળો**


# ઉપલેટા તાલુકા પંચાયતની ૧૮ અને જિલ્લા પંચાયત ૩ બેઠકો માટે જંગ ખેલાશે

## તાલુકા પંચાયતમાં ૬૧ ઉમેદવારો અને જીલ્લા પંચાયત ૧૦ ઉમેદવારો ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે ત્રિપાંખીયા જંગ

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

આગામી તા. ૨૬મી યોજાનાર તાલુકા અને જીલ્લા પંચાયતની ચૂંટણીમાં ગઈકાલે ઉમેદવારી ખેંચવાના અંતિમ દિવસે તાલુકામાંથી એક પણ ઉમેદવારી પત્રક પરત નહી ખેંચાતા ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે મુકાબલો થશે અને ત્રિપાંખીયો જંગ ખેલાશે.



ઉપલેટા તાલુકા પંચાયતની ૧૮ બેઠક અને જીલ્લા પંચાયતની ત્રણ બેઠકમાં આગામી તા.૨૬મી રવિવારે મતદાન થવાનું છે. ત્યારે મોટાભાગની બેઠક ઉપર ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે જંગ ખેલાશે તાલુકા પંચાયતની ૧૮ બેઠકો માટે ૬૧ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જયારે જીલ્લા, પંચાયતની ત્રણ સીટ માટે ૧૦ ઉમેદવારો જંગમાં ઝુકાવ્યું છે. ગઈકાલે ફોર્મ પરત ખેંચવાની અંતિમ દિવસે એક પણ ફોર્મ પરત નહિ ખેંચાતા ત્રિપાંખીયા જંગ નિશ્ચત બન્યો છે. હાલ જોવા જઈએ તો ભાજપ પાસે કાર્યકરોની ફોજ છે પૈસા જયારે કોંગ્રેસ પાસે કાર્યકરો અને પૈસા બન્ને નથી જયારે આપ પાસે ઉમેદવાર સિવાય કોઈ નથી. જયારે પ્રજામાં પણ જોઈ તેવો ચુંટણીમાં ઉત્સાહ જોવા મળતો નથી. ભાજપે ક્યાં ક્યાં પ્રચાર શરુ કરી દીધો છે. જયારે કોંગ્રેસ પાસે કાર્યકરોની ઘટ જોવા મળી રહી છે. આ ઉપરાંત પૈસાની પણ કસુર જોવા મળી રહી છે. જયારે આમ આદમી એ પોતાના મતદારોના ભરોષે જંગમાં લડવા નીકળી પડયું છે.




તંત્રી લેખ

# રાજનીતિમાં પણ હવે મજબૂત મહિલા શક્તિકરણ

નારીશક્તિ વંદન અધિનિયમનો અમલ રાજ્યોની વિધાનસભાથી લઈને દેશની સંસદ સુધી મહિલાશક્તિની ભાગીદારીથી વિકસિત ભારતની જર્નીનો એક નવો માઈલસ્ટોન બનશે.પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધી મહિલાઓને જાહેર જીવનમાં પદાર્પણની યોગ્ય તક મળશે.નીતિ-નિર્ધારણની પ્રક્રિયામાં મહિલાઓની નિર્ણાયક ભૂમિકાથી શાસન વ્યવસ્થામાં વધુ સંવેદનશીલતા, પારદર્શિતા અને સંતુલન આવશે 'નારી શક્તિ વંદન અધિનિયમ' લોકશાહીના ઈતિહાસનું ક્રાંતિકારી પગલું છે.કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓના સફળ અમલથી ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.ઘર-પરિવારના નિર્ણયોમાં મજબૂતીથી ઉભી રહેતી નારીશક્તિની સક્રિય સહભાગિતાથી રાષ્ટ્ર નિર્માણ દ્વારા વિકસિત ભારત ૨૦૪૭ નો ધ્યેય સાકાર થશે.રાજનીતિમાં નારી શક્તિની સહભાગિતાનો નવો ઈતિહાસ વિધાનસભાથી લઈને સંસદ સુધી મહિલાઓની ૩૩ ટકા ભાગીદારીથી રચાશે .નીતિ-નિર્ધારણની પ્રક્રિયામાં મહિલાઓની નિર્ણાયક ભૂમિકાથી શાસન વ્યવસ્થામાં વધુ સંવેદનશીલતા, પારદર્શિતા અને સંતુલન આવશે. નારી શક્તિ વંદન અધિનિયમ પસાર ૨૧મી સદીના ભારતના ઈતિહાસમાં આ વર્ષ સુવર્ણ અક્ષરે લખાયું છે. સંસદના બંને ગૃહોમાં પસાર થયેલો 'નારી શક્તિ વંદન અધિનિયમ' માત્ર મહિલા અનામતનો કાયદો નથી, પરંતુ રાજકીય ફલક પર ક્રાંતિ લાવનારો ઐતિહાસિક દસ્તાવેજ છે. નારી શક્તિ વંદન અધિનિયમ દ્વારા મહિલા સશક્તિકરણ ક્ષેત્રે મહત્વનું પગલું છે. ભારતીય સંસ્કૃતિમાં નારીને હંમેશા પૂજનીય સ્થાન આપવામાં આવ્યું છે.

ગુજરાત હંમેશા મહિલાલક્ષી નીતિઓ અને નારી સશક્તિકરણનું પ્રણેતા રહ્યું છે. રાજ્યમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રમાં થયેલી ક્રાંતિની સફળતા પાછળ પરિશ્રમી બહેનોનો સિંહફાળો છે. રાજ્યમાં એક દાયકા પહેલા જ પંચાયતી રાજ વ્યવસ્થામાં મહિલાઓને ૫૦ ટકા અનામત આપીને સ્થાનિક સ્વરાજમાં નિર્ણાયક ભૂમિકા આપવામાં આવી છે. મહિલાઓના સામાજિક-આર્થિક ઉત્થાન માટેની વિવિધ યોજનાઓની ભૂમિકા આપતા કહ્યું કે, લાખો બહેનોએ સખી મંડળો દ્વારા આત્મનિર્ભર બની માઈક્રો એન્ટરપ્રિન્યોર તરીકે પોતાની આગવી ઓળખ બનાવી છે. ધુમાડા મુક્ત રસોડા જેવી અનેક મહિલાલક્ષી યોજનાઓએ તેમના સ્વાસ્થ્ય અને જીવનધોરણમાં સુધારો કર્યો છે.

જ્યારે મહિલાઓને યોગ્ય તક અને પ્રોત્સાહન મળે છે, ત્યારે તેઓ સમાજમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે છે. ગ્રામીણ પૃષ્ઠભૂમિ અને મર્યાદિત શિક્ષણ હોવા છતાં, તેમણે અત્યાર સુધીમાં ૧૬૨ જેટલા સ્વ-સહાય જૂથો કાર્યરત કર્યા છે. આ જૂથો દ્વારા બહેનોને કડિયાકામ, સિલાઈ, બ્યુટી પાર્લર અને વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની તાલીમ આપીને આર્થિક રીતે સદ્ધર કરવામાં આવી રહી છે. આ ઉપરાંત તેમણે ગામડાઓમાં સ્વચ્છતા અભિયાન અને સુકન્યા સમૃદ્ધિ જેવી સરકારી યોજનાઓનો લાભ છેવાડાની મહિલાઓ સુધી પહોંચાડવા માટે ભગીરથ પ્રયાસો કરી રહ્યા છે.

# ઉપલેટા: ભીમ જ્યોત બૌધ્ધ વિહાર વ્રજભુમિ આશ્રમ શાળાના સવિતાબેન મણવરનું સન્માન

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા શહેરમાં ઢાંક માર્ગ ઉપર આવેલ ભીમ જ્યોત બૌધ્ધ વિહાર દ્વારા ડો.ભીમરાવ આંબેડકરની ૧૩૬મી જન્મ જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા અને અતિથીઓના સન્માન કરવામાં આવ્યા હતા.





તસવીર : શહેઝાદ બાદશાહ

૧૪મી ફેબ્રુઆરી પૂર્વે સંધ્યાએ ભીમ જ્યોત બૌધ્ધ વિહાર દ્વારા સૌના ઉદ્ધારક, યુગપુરૂષ, ભારત રત્ન, ભારત બંધારણના ઘડવૈયા, ડો.ભીમરાવ આંબેડકરની ૧૩૬મી જન્મ જયંતિ નિમિતે ભીમ રાસોત્સવ, ભોજન પ્રસાદ, અતિથીઓના સન્માન અને દલિત પરિવારના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે પધારેલા વ્રજભૂમિ આશ્રમ શાળાના મેનેજીંગ ટ્રસ્ટી સવિતાબેન મણવર, સમસ્ત આહિર સમાજના પૂર્વ પ્રમુખ વિક્રમભાઈ સુવા, ગુજરાત આહિર યુવા સમિતિના નિકુલભાઈ ચંદ્રવાડીયા, લેઉવા પટેલ સમાજના ટ્રસ્ટી ભરતભાઈ રાણપરિયા, સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસ, ક્ષત્રિય સમાજના પ્રમુખ હરપાલભાઈ જાડેજા તેમજ નગરપાલિકાના પ્રમુખ, હોદ્દેદારો ભાજપ - કોંગ્રેસના આગેવાનો સહિતના સન્માન કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમને સરળ બનાવવા શિવશક્તિ સોસાયટી, મારૂતિ સોસાયટી, ગેલેક્સી પાર્ક, પ્રબુધ્ધ પાર્ક, શાંતિ નિકેતન સોસાયટી અને ગીરનાર સોસાયટીના યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢ મનપાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા રૂ.૩૦.૨૧ કરોડના વિકાસ કામોને મંજુરીની મહોર

## ચોમાસામાં જળબંબાકારની સમસ્યાનો કાયમી ઉકેલ લવાશે, કચરામાંથી કોલસો બનાવવાના પ્રોજેક્ટ માટે એજન્સી નિમાઈ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**



જૂનાગઢ મહાનગરપાલિકાની સ્ટેન્ડીં કમીટીની ગઈકાલે બેઠલ મળી જેમાં જૂનાગઢ શહેરના વિકાસ માટે રૂ. ૩૦.૨૧ કરોડના વિવિધ વિકાસલક્ષી કામો મંજૂરી આપવામાં આવી છે, જો કે, વિપક્ષ કોંગ્રેસ એ શહેરીજનોની હાલાકી મુદે મનપાના શાસક પક્ષને આડા હાથે લઈ, આ આંકડાઓને માત્ર કાગળ પરના વાયદા ગણાવ્યા આ જૂનાગઢ મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પલ્લવીબેન ઠાકરના જણાવ્યા પ્રમાણે, ગઈકાલે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૧૧ મુખ્ય મુદાઓ ઉપર ચર્ચા કરાઈ હતી, જેમાં શહેરના અનેક વિસ્તારોમાં ચોમાસામાં જળબંબોળની સ્થિતિ સર્જાય છે, જેનો કાયમી ઉકેલ લાવવા માટે વરસાદી પાણીના નિકાલ અને સંગ્રહ અંગેનો નિર્ણય લેવાયો છે. તથા રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ હેઠળ ખાસ ચેમ્બરો બનાવાશે, આ પ્રોજેક્ટ માટે એજન્સીની નિમણૂક પણ કરી દેવામાં

આવી છે. આ ઉપરાંત કચરાના નિકાલ માટે 'વેસ્ટ ટુ ચારકોલ' પ્રોજેક્ટનું નક્કી કરાયું છે, જેમાં મનપાને કોઈ ખર્ચ થશે નહીં. અને ખાનગી એજન્સી ડમ્પિંગ સાઈટ પરના કચરામાંથી કોલસો બનાવશે, આ ઉપરાંત નરસિંહ સરોવર ખાતે 'વાંચન વલોણું' નામની ઓપન લાયબ્રેરી શરૂ કરવાનું આજની બેઠકમાં નક્કી કરાયું છે, મધુરમ વિસ્તારમાં તૈયાર થયેલા હોકર્સ ઝોન માટેના નિયમોને આખરે મંજૂરી આપી દેવામાં આવી છે, બેદરકારી દાખવનાર બે કંપનીઓને બ્લેક લિસ્ટમાં મૂકવામાં આવી છે. તથા ગટર અને રોડ-રસ્તાના પ્રશ્નો માટે પણ આ બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.

# બાબરાની મન્નત જોશીએ CBSE ધો. ૧૦ની પરીક્ષામાં મેદાન માર્યુ

**અબતક, અપ્પુ જોશી, બાબરા**



બાબરાના 'અબતક'ના પ્રતિનિધિ અપ્પુ જોશીના નાના ભાઈ ધર્મેશ જોશીની દીકરી મન્નત જોશીએ સીબીએસઈ ધોરણ ૧૦ની પરીક્ષામાં ઉત્તમ સફળતા મેળવી છે. ભરૂચ સ્થિત અમિકસ ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતી મન્નત જોશીએ કુલ ૫૦૦માંથી ૪૭૭ ગુણ મેળવી ૯૫.૪% જેટલું ઉત્તમ પરિણામ હાંસલ કર્યું છે.

મન્નત જોશીની આ શાનદાર સિદ્ધિ માત્ર તેમના પરિવાર માટે જ નહીં, પરંતુ સમગ્ર બાબરા શહેર માટે ગૌરવની વાત છે. તેમની મહેનત, લગન અને પ્રતિબદ્ધતા અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે.

જોશી પરિવાર તરફથી કુમારી મન્નતને દિલથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે અને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ આપવામાં આવે છે. તેઓ શિક્ષણ ક્ષેત્રમાં વધુ આગળ વધે અને જીવનમાં પોતાના તમામ લક્ષ્યો હાંસલ કરે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવે છે.

# ગોંડલ : ફોરેસ્ટ યુથ ક્લબ દ્વારા ખારાવાડી સીમ શાળાના ભુલકાઓને બિસ્કિટ-ચોકલેટનું વિતરણ

**અબતક, હરેશ ગણોદિયા, ગોંડલ**




ગોંડલ ફોરેસ્ટ યુથ કલબ દ્વારા ગોંડલ તાલુકાની શિવરાજગઢ પાસે આવેલ ખારાવાડી સરકારી પ્રાથમિક સીમ શાળાના ધોરણ ૧ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓને દાતા તુષારભાઈ પટેલ,રજનીશભાઈ રાજપરા,પરફેક્ટ ક્લાસીસ, દીપકભાઈ કનુભાઈ રાવલ અને રવજીભાઈ તરફથી ગરમી માં ઉપયોગી થાય તે માટે સેન્ડલ્સ,ટોપી,બિસ્કિટ અને ચોકલેટ્સ ભેટ આપવામાં આવી હતી.

આ તકે રજનીશ રાજપરા એ ગરીબ પરિવારના બાળકોને તેમના સપના સાચા કરવા માં શિક્ષણ ની ઉપયોગીતા અને નિયમિત શાળા એ હાજરી આપવા પ્રોત્સાહિત કરેલ.સમાજસેવી હિતેશભાઈ દવે એ શાળા ના વિદ્યાર્થીઓને સારી આદતો. સારા વિચારો અને શિક્ષણ અને સંસ્કારોથી જીવન ને સારું અને સમૃદ્ધ બનાવવામાં શિક્ષક અને માતાપિતા ના યોગદાન અને તેમનું સન્માન જાળવવા સમજ આપી હતી.

# કાલાવડ: મોટા વડાળા ગામે બજરંગ બાપાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ગ્રામજનોએ લીધો લ્હાવો

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**








## લોકડાયરોમાં સર્જ્યો ભક્તિમય માહોલ

કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામમાં ધાર્મિક અને સાંસ્કૃતિક ઉજવણીનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. શ્રી બજરંગ બાપાના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ગ્રામજનો દ્વારા ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ગ્રામજનો અને ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

ડાયરામાં જાણીતા કલાકારો દ્વારા ભજન, લોકગીતો અને ધાર્મિક ગીતોની સુંદર રજૂઆત કરવામાં આવી હતી, જેને હાજર શ્રોતાઓએ ભાવભીની પ્રશંસા આપી હતી. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું અને શ્રદ્ધાળુઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે ગામના આગેવાનો અને આયોજકો દ્વારા મહોત્સવને સફળ બનાવવા માટે કરાયેલા પ્રયત્નોની પ્રશંસા કરવામાં આવી હતી. અને આમંત્રિત મહેમાનોનું આયોજકો દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન શિસ્તબદ્ધ આયોજન અને ભક્તિભાવથી ભરપૂર માહોલ સૌને આકર્ષી ગયો હતો. શ્રી બજરંગ બાપાના આશીર્વાદથી ગામમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધે તેવી સૌએ પ્રાર્થના વ્યક્ત કરી હતી.

# જૂનાગઢના ઝાંઝરડા વિસ્તારમાં રવિવારે પરશુરામ દાદાની મહા આરતી

**અબતક દર્શન જોશી, જુનાગઢ**



જૂનાગઢ ભગવાન પરશુરામ દાદાની જયંતિ નીમીતે તા. ૧૯ને રવિવારના ઝાંઝરડા રોડ વિસ્તારમાં ભકિતમય માહોલમાં પરશુરામદાદાની આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. બ્રહ્મ સમાજ સંગઠનના અગ્રણી નિકુંજભાઈ ભટ્ટ દ્વારા બાબા કોમ્પ્લેક્સ પાસે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારતીય સાધુ સમાજના પ્રમુખ મુકતાનંદ બાપુ તથા મહેશગીરી બાપુના આશીર્વાદ તેમજ બ્રહ્મ સમાજના પ્રમુખ જયદેવભાઈ જોશીના માર્ગદર્શન હેઠળ. આ કાર્યક્રમ ૧૮ને શનિવારે સાંજે ૫:૩૦ કલાકે શરૂ થશે, જે સાંજના ૭ વાગ્યા સુધી ચાલશે. આ પ્રસંગે બેન્ડ પાર્ટી અને ધાર્મિક સુરાવલીઓ રેલાશે.

આ મહા આરતીમાં સહપરિવાર જોડાઈ ભગવાન પરશુરામના આશીર્વાદ લેવા આયોજક નિકુંજભાઈ ભટ્ટ અને તેમની ટીમ દ્વારા સમસ્ત ધર્મપ્રેમી જનતાનું જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ચાપરડા: બ્રહ્માનંદ કોલેજ ઓફ નર્સિંગનું સેમેસ્ટર-5નું 100% પરિણામ







## ભાટિયા હિરલ અને વાળા હિરેન યુનિવર્સિટીમાં પ્રથમ

**અબતક ગીજુભાઈ વિકમાં વિસાવદર**

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના ચાપરડા સ્થિત મુક્તાનંદજી બાપુ સ્થાપિત બ્રહ્માનંદ કોલેજ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓએ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા માર્ચ-૨૦૨૬માં લેવાયેલ પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું છે. યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા પરિણામોમાં કોલેજના વિદ્યાર્થીઓએ ટોચના ત્રણેય ક્રમાંકો પર કબજો જમાવ્યો છે.

B.Sc. નર્સિંગ સેમેસ્ટર-૫ માં કોલેજનું પરિણામ ૧૦૦% રહ્યું છે, જેમાં ભાટિયા હિરલ યુનિવર્સિટીમાં પ્રથમ, મોડાસિયા રિદિપ દ્વિતીય અને કિયા અસ્મિના તૃતીય ક્રમે ઉત્તીર્ણ થયા છે. તેવી જ રીતે B.Sc. નર્સિંગ સેમેસ્ટર-૧ માં ૯૦% પરિણામ સાથે વાળા હિરેન પ્રથમ, લગારિયા જયદીપ અને બળવા પરાગ સંયુક્ત રીતે દ્વિતીય તથા ઓડેદરા કરણ તૃતીય ક્રમે રહ્યા છે. આ ભવ્ય સફળતા બદલ સંસ્થાના પ્રેરણાસ્ત્રોત પૂજ્ય મુક્તાનંદજી બાપુએ તમામ વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ કારકિર્દી માટે આશીર્વાદ આપ્યા હતા. આ તકે સંસ્થાના અધ્યક્ષ રાઠોડ સાહેબ, ડાયરેક્ટર ચિરાગ પંડયા અને પ્રિન્સિપાલ કારેણા સાહેબ સહિતના સ્ટાફે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી ખુશી વ્યક્ત કરી હતી.

# દ્વારકા: જિ.-તા.પં. અને ન.પા.ની ચૂંટણીમાં ૪.૫૧ લાખ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે વહીવટી તંત્રની તૈયારીઓ પૂર્ણ: ૨૮મીએ થશે મતગણતરી

**અબતક, મહેન્દ્ર કક્કડ દ્વારકા**



રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર રાજેશ તન્નાના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા ૧લી એપ્રિલથી શરૂ થયેલી આ પ્રક્રિયામાં હવે મતદાનની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. આગામી ૨૬મી એપ્રિલે મતદાન યોજાશે અને ૨૮મી એપ્રિલે પરિણામ જાહેર કરવામાં આવશે.

જિલ્લા પંચાયતની ૨૨ અને તાલુકા પંચાયતની ૮૦ બેઠકો પર ચૂંટણી યોજાશે. ખંભાળિયા નગરપાલિકાના ૯ વોર્ડની ૩૬ બેઠકો અને જામ રાવલના ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે સામાન્ય ચૂંટણી, જ્યારે સલાયામાં ૧ બેઠક માટે પેટા ચૂંટણી યોજાશે.પંચાયતોમાં ૩,૮૯,૬૧૭ અને નગરપાલિકા વિસ્તારમાં ૬૧,૭૨૬ મળી કુલ ૪,૫૧,૩૪૩ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. જિલ્લામાં કુલ ૫૪૫ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે.જિલ્લા ચૂંટણી અધિકારી રાજેશ તન્નાએ જણાવ્યું હતું કે, ચૂંટણી પ્રક્રિયા મુક્ત, ન્યાયી અને પારદર્શક રીતે સંપન્ન થાય તે માટે તમામ આયોજન કરી લેવામાં આવ્યું છે. તેમણે લોકશાહીના આ મહાપર્વમાં જિલ્લાના તમામ મતદારોને ઉત્સાહપૂર્વક સહભાગી થવા અને વધુમાં વધુ મતદાન કરવા અનુરોધ કર્યો છે.

# રાજકોટમાં ૬ જિલ્લાના ખેલાડીઓ માટે 'ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ' યોજનાની ઝોન કક્ષાની ટ્રાયલ્સ

## જુડો, આર્ચરી અને બાસ્કેટ બોલના ખેલાડીઓની ૨૨ થી ૨૪ એપ્રિલ દરમિયાન લેવાશે પ્રાથમિક કસોટી: પસંદગી પામેલા રમતવીરોને રાજ્ય કક્ષાએ મોકલાશે

**અબતક રાજકોટ**

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઉભરતા ખેલાડીઓની પસંદગી કરવા રાજકોટ ખાતે ઝોન કક્ષાની પી.ટી. ટ્રાયલ્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટ્રાયલ્સમાં રાજકોટ સહિત જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, કચ્છ અને મોરબી જિલ્લાના ખેલાડીઓ પોતાની પ્રતિભા સાબિત કરશે.

આ યોજના અંતર્ગત જે ખેલાડીઓનો જન્મ ૧ જાન્યુઆરી ૨૦૧૧ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૫ વચ્ચે થયો હોય અને જિલ્લા કે રાજ્ય કક્ષાએ સિદ્ધિ મેળવી હોય તેઓ ભાગ લઈ શકશે. કાર્યક્રમની વિગતો મુજબ, ૨૨ એપ્રિલે જુડોની ટ્રાયલ્સ વિમલનગર મેઈન રોડ સ્થિત SAG સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાશે. ૨૩ એપ્રિલે આર્ચરી માટે ૧૫૦ ફીટ રીંગ રોડ પર આવેલી જી. કે. ધોળકિયા સ્કૂલ ખાતે અને ૨૪ એપ્રિલે બાસ્કેટ બોલની સ્પર્ધા ફરી SAG કોમ્પ્લેક્સ ખાતે યોજાશે. તમામ ખેલાડીઓએ સવારે ૦૭:૦૦ ક્લાકે રિપોર્ટિંગ કરવાનું રહેશે. ખેલાડીઓએ પોતાની સાથે ઓરીજીનલ પ્રમાણપત્રો, આધાર કાર્ડ, જન્મનો દાખલો અને બેંક વિગતો લાવવી અનિવાર્ય છે. સ્પર્ધા માટે જરૂરી સ્પોર્ટ્સ કીટ ખેલાડીએ સ્વયં લાવવાની રહેશે, જ્યારે દૂરથી આવતા ખેલાડીઓ માટે રોકાણ અને ભોજનની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. ઝોન કક્ષાએથી પસંદગી પામનાર રમતવીરોને રાજ્ય કક્ષાની ટ્રાયલ્સમાં મોકલવામાં આવશે, જેના આધારે તેમને સ્પોર્ટ્સ સ્કૂલમાં પ્રવેશ મળશે. વધુ માહિતી માટે જે તે રમતના નિર્ધારિત કોચ અથવા જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરીનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# લીલીયાના સનાળીયા ગામે બાઈકના હપ્તાની ઉઘરાણીના મામલે નવાણીયાની હત્યા

## મૃતકના પિતરાઈએ આરોપી અજયના ડોક્યુમેન્ટથી બાઈક ખરીદી કરેલ જેમાં મૃતક સાહેદ તરીકે હોય અને યુવરાજએ આપેલ પૈસા આરોપી જમા ન કરતો હોવાનો આક્ષેપ

**અબતક, રાજકોટ**

અમરેલી જિલ્લાના સનારીયા ગામે રહેતા મહેન્દ્રભાઈ ધનસુખભાઈ ધીમેચા ઉંમર વર્ષ ૨૪ વર્ષીય યુવાન પર પૈસાની લેતી દેતી બાબતે છ શખ્સો દ્વારા કુહાડી, ધોકા, લાકડા દ્વારા હિચકારો હુમલો કરતા ઈજાગ્રસ્તને સારવાર અર્થે લીલીયા અમરેલી થી રાજકોટ રીફર કરવામાં આવ્યા હતા. જેનું ગઈકાલે સારવાર દરમિયાન મોત નીપજતા બનાવ હત્યા માં પલટાતા ઘટના સ્થળે લીલીયા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ અમરેલી જિલ્લાના સનાળીયા ગામે રહેતો અને દવાની કંપનીમાં સેલ્સમેન તરીકે કામ કરતો મહેન્દ્રભાઈ ધનસુખભાઈ ધીમેચા ઉંમર વર્ષ ૨૪ વર્ષે યુવાન ના મોટાબાપુ ના દીકરા યુવરાજભાઈ ભરતભાઈ ધિમેંચા એ પોતાનું મોટરસાયકલ સનાળીયા ગામે રહેતા અજય ભાઈ ભીખાભાઈ મકવાણા નામે લીધેલ હોય અને સાક્ષી તરીકે મહેન્દ્ર ધીમેચા રાખેલ હોય જે બાબતે યુવરાજ દ્વારા અજય મકવાણા દર મહિને હપ્તો મોકલતો હોય અને અજય મકવાણા તે પૈસા વાપરી નાખતા હોવાના આક્ષેપ બાબતે સામાન્ય ઝઘડો થયો



હતો ગત ૧૨ ના રોજ સનારીયા ગામમાં રહેતા આરોપી સાગર ભીખા મકવાણા, પ્રકાશ ખોડા મકવાણા, મિલન બાલા મકવાણા, હરેશ ખોડા મકવાણા, વિશાલ

### ૬ શખ્સો સામે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી તમામની ધરપકડ

ખોળા મકવાણા, અજય ભીખા મકવાણા એ ભેગા થઈ અને મહેન્દ્ર ધીમેચાના ઘરે ૬ શખ્શો એ કુહાડી, ધોકા, લાકડા વડે હિચકારો હુમલો કરતા મહેન્દ્ર ને માથાના ભાગે ગંભીર જાઓ પહોંચતા સારવાર અર્થે લીલીયા બાદ અમરેલી અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન ગઈ કાલે મહેન્દ્ર ધીમેચા એ દમ તોડતા લીલીયા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક મહેન્દ્રભાઈ ના મોટા બાપુ ના દિકરા યુવરાજે આરોપી અજય ભીખા મકવાણા ડોક્યુમેન્ટ આપી બાઈક લીધું હતું અને હપ્તા ન ભરવા બાબતે ઝઘડા થતો હતો અને બનાવ હત્યામાં પલટાયો હતો આ અંગે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ એમડી સાનુકે તપાસ ચલાવી રહ્યા છે.

# જેતપુરના બળદેવધારમાં ધાર્મિક પ્રસંગમાં બે મહિલાના સોનાના ચેઈનની ચોરી

## પ્રસંગ દરમિયાન ૨૦૦૦ થી વધુ લોકો એકત્ર થયા હતાં: જેતપુરની મહિલાના ત્રણ લાખના, ધોરાજીની મહિલાના ૧ લાખના ચેન ચોરાયા

**અબતક, રાજકોટ**

જેતપુરના બળદેવધારમાં ધાર્મિક પ્રસંગ દરમિયાન ભીડનો લાભ લઈ બે મહિલાના સોનાના ચેન કિં.રૂ ૪ લાખ કોઈ સેરવી ગયા અંગે જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જેતપુરમાં ચામુંડા ચોક પાસે ભાદરના સામાકાંઠે રહેતા રાજીબેન રાજશીભાઈ ઓડેદરા (ઉ.વ. ૫૦) નામના મહિલાએ જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, ગઈ તા. ૧૩/૪ ના તેઓ બળદેવધારમાં આવેલ રામાપીરના મંદિરના બે જોડિયા સ્તંભ ઉભા કરવાનુ આયોજન બળદેવધારમાં પીરબાપાની દરગાહ પાસે આવેલ ખેતરમાં કરવામાં આવ્યું હતું. ત્યાં મહિલા તેના પતિ, પુત્ર અને પુત્રવધુ તથા પૌત્રી સહિતના અલગ અલગ બે વાહનમાં સવારના ૭:૩૦ વાગ્યા આસપાસ ગયા હતા.

અહીં રામાપીરનો સ્તંભ ઉભો કરેલ હોય ત્યાં ખેતરમાં આશરે ૨૦૦૦ જેટલા માણસો ભેગા થયા હતા. મહિલા તેની પુત્રવધુ અને પૌત્રી ત્રણેય સ્તંભને સવારના આઠેક વાગ્યે પગે લાગી પરિવારના સભ્યો ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે મહિલાએ ગળામાં જોતા તેમણે પહેરેલ સોનાનો ચેન જે આશરે ૩૦ ગ્રામનો હોય તે જોવા મળ્યો ન હતો. જેથી આ બાબતે તુરંત પુત્ર અને પુત્રવધુને તથા પતિને વાત કરી હતી જેથી અહીં આસપાસ તેઓ ચેન શોધવા લાગ્યા હતા. પરંતુ ચેન મળ્યો ન હતો.મહિલા અને તેના પરિવારજનો ચેન શોધતા હતા તેવામાં અન્ય એક મહિલા પણ કહેતા હતા કે મારો ચેન પણ કોઈ કાઢી ગયું છે જેથી તેમને પૂછતા તેણે કહ્યું હતું કે હું સવારના ૭:૩૦ વાગ્યે અહીં આવી હતી અને સ્તંભને પગે લાગીને બહાર નીકળતી હતી. ત્યારે ગળામાં જોતા મેં પહેલ રૂપિયા એક લાખની કિંમતનું ચેન કોઈ કાઢી ગયું છે આ મહિલાનું નામ સુમિતાબેન અતુલભાઈ વાઘીયા(રહે. ધોરાજી) હોવાનુ માલુમ પડ્યું હતું.આમ જેતપુરના બળદેવધારમાં ધાર્મિક પ્રસંગ દરમિયાન ફરિયાદીનો રૂ. ૩ લાખની કિંમતનો ચેન તથા ધોરાજીના મહિલા સુમિતાબેનનો રૂ. ૧ લાખની કિંમતનો ચેન કોઈ શખસો ભીડનો લાભ સેરવી ગયા હતા. જે અંગે જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# દેવભૂમિ દ્વારકા એસ.સી.બી.એ બોગસ ડ્રાઈવીંગ લાયસન્સ કૌભાંડનો કર્યો પર્દાફાશ

## કલ્યાણપુરના ભેજાબાજ શખ્સે મોબાઈલમાંથી અનેક લોકોને બોગસ પાકા ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યુ કર્યા

**અબતક**
**મહેન્દ્ર કકકડ, દ્વારકા**

કલ્યાણપુર શહેરમાં રહેતા એક શખ્સે ડ્રાઈવીંગ લાયસન્સ મેળવવા ઈચ્છતા આસામીઓને છેલા બે વર્ષ દરમ્યાન પોતાના મોબાઈલમાંથી બોગસ લર્નિંગ લાયસન્સ કાઢી આપ્યા બાદ બોગસ પાકા લાયસન્સ ઈશ્યુ કર્યાનું કૌભાંડનો જિલ્લા એલ.સી.બી.એ પર્દાફાશ કરતા એલ.સી.બી.ના ફોજદારે જાતે ફરીયાદી બની આ શખ્સ સામે સરકાર તથા નાગરિક સાથે ઠગાઈ કર્યાનો ગુન્હો દાખલ કરાવ્યો છે. પ્રાપ્ત વિગત અનુસાર દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુરમાં રહેતો એક શખ્સ કલ્યાણપુર તેમજ આસપાસના પંથકમાં રહેતા કેટલાક નાગરીકોને ડ્રાઈવીંગ લાયસન્સ બનાવી આપતો હોવાની વિગત તંત્ર સુધી પહોંચ્યા બાદ તપાસ શરૂ કરાઈ હતી. તે દરમ્યાન છેલા બે વર્ષના સમયગાળામાં કેટલાક આસામીઓના બની ગયેલ ડ્રાઈવીંગ લાયસન્સને કેન્દ્રમાં રાખી કરાયેલ સઘન તપાસમાં કલ્યાણપુરના સરકારી દવાખાના નજીક રહેતા કિશન નટવરભાઈ સોમૈયા નામનો શખ્સ છેલા બે વર્ષથી કેટલાક વ્યકિતઓના પાકા ડ્રાઈવીંગ લાયસન્સ જેવા ખોટા દસ્તાવેજો પોતાના મોબાઈલમાં તૈયાર કરી ઈશ્યુ કરી નાખતો હોવાનું ખૂલ્યુ છે. આ શખ્સ સામે દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી.ના પી.એસ. આઈ. બી.એમ્ દેવમુરારીએ જાતે ફરીયાદી બની કલ્યાણપુર પોલીસ સ્ટેશનમાં આ શખ્સ વિરૂધ્ધ ગુન્હો નોંધાવ્યો છે. આ શખ્સે આર.ટી.ઓ. લગત બોગસ લર્નિંગ લાયસન્સ અને તે પછી પાકા ડ્રાઈવીંગ લાયસન્સ જેવા દસ્તાવેજો બોગસ રીતે તૈયાર કરી જે તે વ્યક્તિને ઈશ્યુ કરી સરકાર તથા નાગરીકો સાથે ઠગાઈ કર્યાનો આક્ષેપ મૂકવામાં આવ્યો છે. આરોપીની ધરપકડ માટે એસ.ઓ.જી. દ્વારા તજવીજ કરાઈ રહી છે.

# વેરાવળ: માથાભારે સોઈલ ઉર્ફે સોહિલ કુરેશી પાસાના પિંજરે પુરાયો

## પોલીસે અટકાયત કરી સુરતની જેલમાં ધકેલ્યો

**અબતક**
**અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ અને મતદારો નિર્ભય- નિષ્પક્ષ રીતે મતદાન કરી શકે તે સારું જિલ્લા મેજિસ્ટ્રેટ એન. વી. ઉપાધ્યાન દ્વારા અસામાજિક પ્રવૃત્તિ આચરતા ઈસમો વિરૂધ્ધ સખ્ત કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.તાજેતરમાં જ સતત અસામાજિક પ્રવૃત્તિ આચરતો ઈશમ સોઈલ ઉર્ફે સોહિલ ઉર્ફે ચક્કી મુસ્તાક કુરેશી, સામે ગંભીર ઈજાના છ જેટલા ગુન્હા વેરાવળ સિટી પોલિસ સ્ટેશન ખાતે નોંધાયેલા હતા. આ ઈશમ ઝનૂની સ્વભાવવાળા હોવાથી લોકોની



સલામતી જાળવવા સારું તેની તાત્કાલિક અટકાયત કરવી આવશ્યક જણાતા તેને આવા જાહેર સુલેહશાંતી વિરુદ્ધનાં કૃત્યો કરતો અટકાવવા સારું ગીર સોમનાથ જિલ્લા મેજિસ્ટ્રેટએ પાસા ધારા તળે અટકાયત કરવા હુકમ કરતા મધ્યસ્થ જેલ,સુરત ખાતે મોકલી આપવામાં આવેલ હતો.

# સલાયા માછીમારીની આડમાં ડીઝલની ગેરકાયદે હેરાફેરી પકડાઈ

**અબતક**
**મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

સલાયા મરીન પોલીસે દરિયામાં માછીમારીની આડમાં ચાલતા ડીઝલના ગેરકાયદે ખરીદ-વેચાણનો પર્દાફાશ કરી એક શખ્સને ૧૨૦૦ લીટર ડીઝલના જથ્થા સાથે ઝડપી લીધો છે. દરિયામાં મોટા બાર્જમાંથી પાઈપ મારફતે ડીઝલ કાઢી લઈ શખ્સ ડીઝલની હેરાફેરી કરતો હોવાનું બહાર આવ્યું છે.

સલાયાના દરિયામાં માછીમારીની આડમાં ગેરકાયદેસર રીતે ડીઝલ ખરીદ-વેચાણનું કૌભાંડ ચાલતુ હોવાની મળેલ વિગતો પરથી દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.પી. જયરાજસિંહ વાળાએ તપાસની સૂચના આપતા ડીવાય.એસ.પી. મીત રૂદલાલના વડપણ હેઠળ વોચ ગોઠવવામાં આવી હતી. સલાયાના ઈન્ચાર્જ પી.આઈ. વી.એ.રાણા તથા સ્ટાફ દ્વારા તેના અંતર્ગત કરવામાં આવી રહેલ પેટ્રોલીંગમાં સ્ટાફના ઓમદેવસિંહ, ડી.જી. જાડેજાને બાતમી મળેલ કે હુસેન



### સ્થાનિક પોલીસે દરોડો પાડી ૧૨૦૦ લિટર ડીઝલ સાથે એક શખ્સની કરી અટકાયત

કાસમ સંઘાર નામનો શખ્સ દરિયામાં મોટા બાર્જમાંથી પાઈપના માધ્યમથી ડીઝલ કાઢી તેની હેરફેર અને વેચાણ કરી રહયો છે. તે બાતમીના આધારે વોચ રાખી પોલીસે હુસેન કાસમ સંઘારને દબોચી લઈ પૂછપરછ કરતા આ શખ્સ પાસેથી ૧૨૦૦ લીટર ડીઝલ મળી આવ્યું હતું. રૂપિયા એક લાખ આઠ હજારની કિંમતના ડીઝલના જથ્થાને ઝબ્બે લઈ સલાયા મરીન પોલીસે આરોપી સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

# બગસરાના કાગદડી ગામે પાણીના ટાંકામાં ડૂબી જતાં યુવાનનું મોત

## ન્હાવા પડતી વખતે છાતીએ બાંધેલું તૂટી જતા દુર્ઘટના સર્જાઇ

**અબતક**
**હર્ષ ઠાકર, અમરેલી**

બગસરા તાલુકાના કાગદડી ગામની સીમમાં આવેલા ખેતરમાં પાણીના ટાંકામાં ડૂબી જવાથી એક યુવાનનું દુખદ મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. બનાવને પગલે વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

ગઈ કાલે બપોરે આશરે ૨ વાગ્યે કાગદડી ગામની સીમમાં દિનેશભાઈ વીરાભાઈ ચાવડાની વાડીએ રહેતા અને મૂળ ધારી તાલુકાના મીઠાપુર નક્કી ગામે રહેતા હમીરભાઈ લાલજીભાઈ માથાસુળીયા (ઉ.વ.૩૦) પાણીના ટાંકામાં નહાવા માટે પડ્યા હતા. તે દરમિયાન તેમની છાતીએ બાંધેલુ દોરડું અચાનક તૂટી જતા તેઓ ટાંકાના પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. બાદ ઘટનાની જાણ મીઠાપુર ગામના લાલજીભાઈ પાંચાભાઈ માથાસુળીયા (ઉ.વ.૫૫) દ્વારા આ બાબતે જાણ કરવામાં આવતા આસપાસના લોકો દોડી આવી યુવકને કૂવામાંથી બહાર કાઢવાની કવાયત શરૂ કરવામાં આવી હતી. પરંતુ દુર્ભાગ્યવશ તે દરમિયાન તેનું મોત થઈ ગયું હતું. ઘટનાની જાણ થતાંજ બગસરા પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતદેહને પીએમ માટે ખસેડી જરૂરી કાર્યવાહી શરૂ કરી હતી.

# રાણપુરના બોડિયા ગામેથી દારૂની ૭૦ બોટલ પકડાઈ

## રૂ.૧૮,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કુલદીપ ખાચરની શોધખોળ

**અબતક**
**વિપુલ ગોહિલ, બોટાદ**

બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા દ્વારા સમગ્ર જિલ્લામાં દારૂની બદી નાબૂદ કરવાની સુચના આપવામાં આવેલ હોય સૂચનાને લઈને ડીવાયએસપી મહર્ષિ રાવલ તેમજ બરવાળા વિભાગના ડીવાયએસપી ચિંતન પટેલના માર્ગદર્શન હેઠળ રાણપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એ. પટેલ તેમજ પોલીસ સ્ટાફના દશરથભાઈ મીઠાપરા, અશોકભાઈ ઝાપડીયા, હળદેવસિંહ ડોડીયા,અનિરૂધ્ધભાઈ જેબલીયા, રાજુભાઈ ધોરીયા એ બાતમી ને આધારે રાણપુર તાલુકાના બોડીયા ગામે રહેણાકી મકાનમાંથી ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂની ૭૦ બોટલ કીંમત રૂ.૧૮,૨૦૦ નો મુદ્દામાલ ઝડપી લઈ કુલદીપભાઈ વહતુભાઈ ખાચર વિરૂધ્ધ ગુન્હો નોંધી કાર્યવાહી કરવામાં આવી હતી.

# ખંભાળીયાના સલાયા ફાટક બંધ કરાતા લોકોને ભારે હાલાકી

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

ખંભાળીયા શહેરમાં સલાયા ફાટક કામગીરીને લીધે બંધ કરી દેવાતા સવારથી સાંજ સુધી અસંખ્ય લોકોની અવરજવર વાળા તેમજ હોસ્પિટલ-કોર્ટ જતાં શહેરીજનોને વધુ એક પરેશાનીનો ભોગ બનવું પડી રહયુ છે અને અસંખ્ય વાહનચાલકોને લાંબા ફેરા સાથે ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહયો છે. ખાસ કરીને સરકારી હોસ્પિટલ અને જિલ્લા કોર્ટના નજીકના અંતરે જવા માટે પણ ૩ થી ૪ કિમી ધકકો ખાવો પડતો હોય લોકો પરેશાન થઈ ગયા છે. રેલવે તંત્ર દ્વારા બ્રીજની કામગીરી સંદર્ભે રસ્તો બંધ કરતા વાહનચાલકો પરેશાન થઈ રહયા છે. આ સાથે ખંભાળીયા રેલવે ફાટક સલાયાની પાસે જ રંગીલા હનુમાનની બાજુમાંથી રેલવે પુલની નીચેથી રસ્તો ટુ-વ્હીલર અને ફોર વ્હીલર તેમજ હળવા વાહનો માટે નીકળી શકે તેમ હોય આ રસ્તો છેક ટાઉનહોલ સુધી પોરબંદર રોડ પાસે નિકળે તેમ હોય આ વૈકલ્પિક રસ્તો હોસ્પિટલ તથા કોર્ટ જવા માટે ખૂબ જ ઉપયોગી હોય આ વૈકલ્પિક રસ્તો ચાલુ કરવા માંગ કરવામાં આવી છે.

# અંજારમાં સરાજાહેર યુવાનની ઘાતકી હત્યા

## પોલીસે ભેદ ઉકેલી હત્યારાને સકંજામાં લીધો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજારના ગંગાનાકા વિસ્તારમાં અજાણ્યા શખ્સે મુસ્તાક જુમા મન્સુરી (ઉ.વ.૩૨)નામના યુવાનને તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા નીપજાવી હતી. આ બનાવને લઈને પોલીસબેડામાં દોડધામ મચી હતી. જાણવા મળતી વિગતો અનુસાર ગંગાનાકા વિસ્તારમાં બી.એમ. પેટ્રોલપંપમાં ગતરોજ સાંજે છ વાગ્યાના અરસામાં હત્યાનો આ બનાવ બન્યો હતો. પોલીસે પ્રાથમિક વિગતો આપતાં જણાવ્યું હતુ કે, નવાનગર વિસ્તારમાં રહેતા અને માલ પરિવહનના વાહનચાલક મુસ્તાકભાઈની આ પેટ્રોલપંપ પાસે રોજિંદી બેઠક હતી. આ યુવાન બનાવ સ્થળે ઊભા હતા તે સમયે અજાણ્યા શખ્સે તેના ઉપર છરી વડે હુમલો કર્યો હતો, જેના કારણે તેમને શરીરના જુદા-જુદા બે ભાગે ઈજા પહોંચી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા આ યુવાનને સારવાર કારગત નીવડે તે પહેલાં તેમણે આંખો મીંચી લીધી હતી. હત્યાના બનાવ અંગે સ્થાનિક પોલીસે વધુ છાનબીન



આરંભી ગુનામાં સામેલ આરોપીને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કરી વધુ તપાસ આરંભી છે. હાલમાં પોલીસ વિધિવત રીતે ગુનો નોંધવા સહિતની કાર્યવાહીમાં પરોવાયેલી હોવાથી વધુ વિગતો સપાટી ઉપર આવી ન હતી.

# ભચાઉમાં આડા સંબંધની શંકાએ યુવાનની કરપીણ હત્યા

## આયુષ્માન કાર્ડ કઢાવવા ભચાઉ ગયેલા યુવાનને 'મામાના ઘરે જવું છે' તેમ કહી બોલાવી રહેંસી નંખાયો, બે સામે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ભચાઉમાં જૂની અદાવત અને આડા સંબંધની શંકાના આધારે એક ૨૩ વર્ષીય યુવાન સાગર વજુભાઈ હુડીયા (વાઘરી) ને બે શખ્સોએ વિશ્વાસમાં લઈ, ઘરે બોલાવી લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે નિર્મમ માર મારતા તેનું મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો છે. આ મામલે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે મૃતકના પિતાએ ભાવેશ ચતુર અને અજય ચતુર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.મૃતકના પિતા વજુભાઈ મગનભાઈ હુડીયાની નોંધાવેલ ફરિયાદ મુજબ, ભચાઉના વતની અને હાલ રાજકોટમાં રહેતો મારો દીકરો સાગરભાઈ વજુભાઈ હુડીયાની (ઉ ૨૩) ગત તારીખ ૦૮ એપ્રિલના રોજ આયુષ્યમાન કાર્ડ કઢાવવા અને આધાર-પાન લિંક કરાવવા ભચાઉ ગયો હતો. બીજા દિવસે એટલે કે ૦૯ એપ્રિલના રોજ બપોરે ૨:૦૦ વાગ્યાના અરસામાં આરોપીઓ ભાવેશ ચતુર અને અજય ચતુરે સાગરને તેના મામાના ઘરે લઈ જવાનું કહી મદિનાનગર પાસે બોલાવ્યો હતો.

આરોપીઓને શંકા હતી કે સાગરને તેમના ઘરની સ્ત્રી સાથે આડા સંબંધ છે. આ વહેમ રાખીને બંનેએ સાગરને લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે આખા શરીરે, પેટના ભાગે અને સાથળમાં જીવલેણ માર માર્યો હતો. મારા સંબંધી દીપકભાઈ વેજુભાઈ દેવીપુજકનો ફોન આવ્યો હતો. દીપકભાઈએ મને જાણકારી આપી હતી કે, "તમારા દીકરા સાગરને ભાવેશ ચતુર અને અજય ચતુર તેમના મામાના ઘરે લઈ જવાનું કહીને મદિનાનગર લઈ ગયા છે અને ત્યાં અગાઉની બાબતનું મનદુઃખ રાખી તેને ઢોર માર માર્યો છે." આ સમાચાર મળતા જ હું તાત્કાલિક રાજકોટથી ભચાઉ પહોંચ્યા હતા અને સાગરના મોટા ભાઈ અનિલ પણ ધાંગધ્રાથી ભચાઉ દોડી આવ્યા હતા.

હું ભચાઉ બસ સ્ટેન્ડ પહોચ્યો ત્યારે મારા સંબંધી સુરેશભાઈ સાગરને લઈને ત્યાં હાજર હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત સાગરને પ્રથમ ભચાઉ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં ખસેડવામાં આવ્યો હતો. છેલ્લા ઘણા દિવસોથી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા સાગરે આખરે સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. યુવાનનું મોત થતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતક સાગરના પિતાની ફરિયાદના આધારે પોલીસે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમો અને જી.પી. એક્ટ-૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આરોપીઓએ કલેકટરના જાહેરનામાનો ભંગ કરી એકબીજાની મદદગારીથી આ કૃત્ય આચર્યું હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. ભચાઉ પોલીસે આરોપીઓની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબીમાં જૂના મનદુ:ખમાં કાકા અને પુત્રોએ યુવાનની કરી ધોલાઈ

## મેટોડામાં બે શખ્સોનો યુવક પર છરી અને પાઈપ વડે હુમલો

**અબતક, રાજકોટ**

રાજકોટ અને મોરબીમાં હિંસક હુમલાની બે અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે. રાજકોટના મેટોડામાં યુવક પર છરી-પથ્થર વડે હુમલો થયો છે, જ્યારે મોરબીમાં કૌટુંબિક જૂની અદાવતમાં યુવાન પર હુમલો કરવામાં આવ્યો હતો, બંનેને સારવાર અર્થે સિવિલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટના મેટોડા જીઆઈડીસી ગેટ નંબર ૧ પાસે આવેલા અંજલી પાર્કમાં રહેતા વિજયભાઈ મેરૂભાઈ મોકરીયા (ઉં.વ. ૩૬) પર ગઈકાલે બપોરે પોતાના રહેણાંક વિસ્તારમાં હતા ત્યારે કોઈ અગમ્ય કારણોસર રાજુભાઈ અને મહારાજ નામના શખ્સોએ તેમની સાથે ઝઘડો કર્યો હતો. ઉશ્કેરાયેલા હુમલાખોરોએ વિજયભાઈને છરી અને પથ્થરના ઘા ઝીંકી દેતા તેમને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. બીજા બનાવમાં મોરબીના માટેલ રોડ પર ભંગારનો વ્યવસાય કરતા સંજયભાઈ નયનભાઈ મંડરીયા (ઉં.વ. ૩૦) પર તેમના જ સંબંધીઓએ હુમલો કર્યો હતો. સંજયભાઈ પોતાના ઘર પાસે હતા ત્યારે જૂનું મનદુઃખ રાખીને દિલાભાઈ, સંજયભાઈ (કાકાજી) અને દિલાભાઈના પુત્ર કરશનએ પથ્થર તથા ધોકા વડે હુમલો કર્યો હતો. જેને સારવાર અર્થે તત્કાલીક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ છે કે ઈજાગ્રસ્ત સંજયભાઈ એક ભાઈ અને એક બહેનમાં મોટા છે. તેમને સંતાનમાં એક દીકરી અને બે દીકરા છે. આ બંને મામલે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી છે અને પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# બાબરાના દરેડ ગામે પતિ સાથે પીયર જવા બાબતે માથાકૂટ થતા પત્નીએ એસિડ પીધું

**અબતક,**
**હર્ષ ઠાકર, બાબરા**

બાબરા તાલુકાના દરેડ ગામે પતિ સાથે પિયર જવા બાબતે રકઝક થતા યુવતીએ એસિડ પી લેતા સારવાર હેઠળ ખસેડવાનો બનાવ સામે આવ્યો છે. બાબરાના દરેડ ગામે સવારે આશરે નવ વાગ્યે આ બનાવ બન્યો હતો. આ અંગે હીરાનું કામ કરતા કલ્પેશભાઈ ધીરૂભાઈ જમોડ (ઉ.વ.૨૬)એ પોલીસને જાણ કરી હતી કે, તેઓના પત્ની. કિન્જલબેન કલ્પેશભાઈ (ઉ.વ.૨૩) પોતાના પીયર જવાનું હોય અને તેમણે આવતી કાલે જઈશું એવું કહેતા તે વાત મનમાં લાગી જતા તેણે પોતાની મેળે એસિડ પી લીધું હતું. વાતની પરિવારને જાણ થતાં તેણીને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હાલ તેઓ સારવાર હેઠળ હોવાથી સ્પષ્ટ રીતે બોલી શકતા નથી. સારવાર પૂર્ણ થયા બાદ તેઓ કયા કારણોસર એસિડ પીધું તેની વધુ તપાસ બાબરા પોલીસ કરશે.

# ઉપલેટા: બુટલેગર મેણસી મારૂને ત્રણ જિલ્લામાંથી કરાયો હદપાર

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાય અને ગુનાખોરી અટકાવવા ઉપલેટા પોલીસ સ્ટેશન દ્વારા ઉપલેટા મા ટુટીયાપરા માં રહેતો બુટલેગર મેણસી ઉર્ફે વિજય નારણ મારુ ને રાજકોટ પોરબંદર અને જુનાગઢ જિલ્લાની હદમાંથી હદ પાર કરી મોરબી જિલ્લાના ગામે ઘૂટુ ગામે મોકલી આપવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી

આ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાય, એસ.પી વિજયસિંહ ગુર્જર નાઓએ સૂચના આપેલ કે



અસામાજિક પ્રવૃત્તિ કરતા અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમો વિરુદ્ધ અટકાયતી પગલા ભરવા સુચના અન્વયે ઉપલેટા પોલીસ સ્ટેશનના પીઆઈ એસએમ ધાંધલ ના માર્ગદર્શન હેઠળ ઉપલેટામાં ટુટિયાપરામાં રહેતો મેણસી ઉર્ફે વિજય નારણ મારુ ને હદ પાર કરવા પ્રપોઝલ તૈયાર કરી સબ ડિવિઝન મેજિસ્ટ્રેટ ધોરાજીને મોકલવામાં આવી હોય અને મેજિસ્ટ્રેટ દ્વારા રાજકોટ, પોરબંદર, જુનાગઢ, જીલ્લા માંથી હદ પાર કરવા હુકમ કરી ને બજવણી કરી મેણસિ ને મોરબી જિલ્લાના ઘુટુ ગામે મોકલી આપવા આવ્યો હતો આ કામગીરીમાં એએસઆઈ રાજદિપસિંહ ચૌહાણ હેડ કોન્સ્ટેબલ જયંતીભાઈ મકવાણા, કોન્સ્ટેબલ રઘુભાઈ ઘેડ સહિતનાઓ રોકાયા હતા.

નેચરલ ગેસ આધારીત

# મોરબી: સિરામિક ઉદ્યોગના ૧૪૨ એકમો ધમધમવા લાગ્યા

## ગુજરાત ગેસ અને મોરબી સિરામિક એસોસિએશનના સંયુક્ત પ્રયત્નોથી પરિસ્થિતિમાં ધીરે ધીરે સુધારો જોવા મળ્યો છે

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના સિરામિક ઉદ્યોગમાં છેલ્લા કેટલાક સમયથી પડકારજનક પરિસ્થિતિ વચ્ચે હવે ધીમે ધીમે સુધારો જોવા મળી રહ્યો છે. ગુજરાત ગેસ દ્વારા વધારાના પુરવઠા અને મોરબી સીરામીક એસોસિએશન સાથે સંકલનના પ્રયાસોથી હાલમાં ૧૪૨ સિરામિક એકમો ફરી કાર્યરત થયા છે. જોકે વૈશ્વિક એલએનજીના વધતા ભાવ અને સપ્લાય ચેઈનની અસ્થિરતા વચ્ચે મે મહિના દરમિયાન પણ ગેસના ભાવ ઊંચા રહેવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે, જે ઉદ્યોગ માટે હજુ પડકારરૂપ બની શકે છે.

મોરબીના સિરામિક ઉદ્યોગ માટે નેચરલ ગેસ મુખ્ય ઈંધણ તરીકે ઉપયોગમાં લેવાય છે, જેમાં ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી) પુરવઠો કરવામાં આવે છે. ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં આશરે ૩૭૭ સિરામિક એકમો પીએનજી પર કાર્યરત હતા, જ્યારે લગભગ ૪૧૫ એકમો પ્રોપેન ગેસ પર નિર્ભર હતા, જે કુલ ઈંધણ માંગમાં લગભગ ૭૦ ટકા હિસ્સો ધરાવતા હતા.માર્ચ ૨૦૨૬ દરમિયાન યુએસ-ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવના કારણે એલએનજી સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ હતી. ભારત સરકાર દ્વારા ગેસ પુરવઠાને છેલ્લા છ મહિનાના સરેરાશના ૮૦ ટકા સુધી મર્યાદિત કરવાનો નિર્ણય લેવાતા સિરામિક ઉદ્યોગ પર સીધી અસર પડી હતી. આ પરિસ્થિતિમાં કાચા માલનો ખર્ચ, પરિવહન ખર્ચ અને પ્રોપેન ગેસના ઉપયોગ પર નિયંત્રણ વધતા ઘણા ઉદ્યોગોએ સ્વૈચ્છિક રીતે ઉત્પાદન બંધ કરવાનું પસંદ કર્યું હતું. પરંતુ ત્યારબાદ ગુજરાત ગેસ દ્વારા સક્રિય પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. ઉદ્યોગકારો સાથે સંકલન કરીને પ્રોપેનના વિકલ્પ રૂપે વધારાનો નેચરલ ગેસ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો.

એપ્રિલ ૨૦૨૬ દરમિયાન સ્પોટ માર્કેટમાંથી ગેસ સોર્સ કરીને પુરવઠો જાળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ત્યારે મોરબી સીરામીક એસોસિએશન અને ગુજરાત ગેસના આ સંયુક્ત પ્રયાસોના પરિણામે હાલ પરિસ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે અને મોરબીમાં ૧૪૨ સિરામિક એકમો ફરી કાર્યરત બન્યા છે. તેમ છતાં વૈશ્વિક બજારમાં એલએનજીના ભાવ હજુ પણ ઊંચા સ્તરે (આશરે ૧૮-૨૦ પ્રતિ MMBtu) રહેતા હોવાથી મે મહિના દરમિયાન પણ ગેસના ભાવમાં ઘટાડો થવાની શક્યતા ઓછી છે.

ગુજરાત ગેસ અને મોરબી સિરામિક એસોસિએશન વચ્ચે સતત સંવાદ દ્વારા ગેસ પુરવઠાની સ્થિરતા, ભાવ નિયંત્રણ અને તબક્કાવાર ઉત્પાદન પુનઃશરૂ કરવાની દિશામાં કામગીરી ચાલુ છે.

ઉદ્યોગને ફરી પૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત કરવા માટે સંયુક્ત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જેના પરિણામે આવનારા સમયમાં સિરામિક ઉદ્યોગ ફરી ગતિ પકડશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### સિરામિક એસોસિએશનોએ ગુજરાત ગેસનો આભાર વ્યક્ત કર્યો



ગાંધીનગર ખાતે યોજાયેલી બેઠકમાં સિરામિક ઉદ્યોગ માટે પરવડે તેવા ભાવે ગેસ સપ્લાય અંગે સહમતિ થતા મોરબી સિરામિક મેન્યુફેકચરર્સ એસોસિયેશને ગુજરાત ગેસ લિમિટેડનો આભાર વ્યક્ત કર્યો હતો.

તા.૧૬ એપ્રિલે ગાંધીનગર ખાતે ગુજરાત ગેસ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અવંતિકા મેડમ તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે મોરબી સિરામિક મેન્યુફેકચરર્સ એસોસિયેશનના પ્રતિનિધિઓની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એસોસિયેશનના પ્રમુખ મનોજભાઈ એરવાડીયા સાથે નિલેષ જેતપરીયા, પરેશભાઈ કુંડારીયા અને ગૌતમભાઈ કાંજીયા સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના વધતા ભાવ અને તેના કારણે સિરામિક ઉદ્યોગ પર પડતા પ્રભાવ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉદ્યોગને ફરી ગતિ આપવામાં આવે અને ઉત્પાદન ક્ષમતા વધે તે માટે ગેસ સપ્લાય પરવડે તેવા દરે પૂરો પાડવા અંગે રજૂઆત કરવામાં આવી હતી. ત્યારે આ ચર્ચા બાદ ગુજરાત ગેસ લિમિટેડ તરફથી ઉદ્યોગોને અનુકૂળ રહે તેવા ભાવે ગેસ પૂરો પાડવા બાબતે સહમતિ દર્શાવવામાં આવતા સિરામિક ઉદ્યોગને રાહત મળી છે. આ મહત્વપૂર્ણ નિર્ણય બદલ મોરબી સિરામિક મેન્યુફેકચરર્સ એસોસિયેશનના પ્રમુખ મનોજભાઈ એરવાડીયા દ્વારા ગુજરાત ગેસ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તથા તમામ ઉચ્ચ અધિકારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

# મોરબીમાં પારકા ઝઘડામાં છોડાવવા ગયેલા યુવક પર હુમલો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીમાં મોરબી-રાજકોટ બાયપાસ ધુતારી વિસ્તારમાં પાડોશીના ઝઘડામાં સમાધાન કરાવવા ગયેલા યુવક ઉપર ત્રણ ઈસમોએ ધારિયાથી હુમલો કરી ઈજા પહોંચાડી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

મળતી માહિતી અનુસાર, મોરબીના નવલખી રોડ ગાયત્રી આશ્રમ પાછળ ધુતારી વિસ્તારમાં રહેતા દીપકભાઈ સુરેશભાઈ આંત્રેસા ઉપર ગત તા.૧૫ એપ્રિલે બપોરે પાડોશીના ઝઘડામાં છોડાવવા જતા હુમલો થયો હતો. જેમાં પાડોશી વિક્રમભાઈ ડાભીના ઘરે ઝઘડો શાંત કરવા ગયા હતા, ત્યારે વિક્રમભાઈ ભાગીને બાજુમાં આરોપી જગદીશભાઈ સરવૈયાની વાડીએ ગયા હતા, જ્યાં જગદીશભાઈ અને વિક્રમભાઈ વચ્ચે ઝઘડો ચાલુ થતા, ફરિયાદી વિક્રમભાઈને છોડાવી ઘરે લઈ ગયા હતા.

બાદમાં આરોપી જગદીશભાઈ સરવૈયા, તેમનો દીકરો દક્ષ અને ભાઈ છનાભાઈ તમામ રહે. રાજકોટ બાયપાસ ધુતારી વિસ્તાર મોરબી વાળાએ ફરિયાદી દીપકભાઈ પર હુમલો કર્યો હતો. જેમાં દક્ષે ધારિયાથી માથામાં ઘા કર્યો જ્યારે છનાભાઈએ હાથ પર હુમલો કર્યો હતો. હુમલા બાદ જગદીશભાઈએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ ઈજાગ્રસ્તની ફરિયાદને આધારે બી ડિવિઝન પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીના યુવક સાથે વિઝાના મામલે રૂ. ૧૦.૨૪ લાખની ઠગાઈ

## ૩૪ મુસાફરોના ઉમરાહના નકલી વિઝા મોકલ્યા, એરપોર્ટ ઉપર રૂ.દોઢ લાખ આપવા અમદાવાદીની ધમકી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના યુવકને વિશ્વાસમાં લઈ અમદાવાદના ઈસમે ૩૪ વ્યક્તિઓના સાઉદી અરેબિયા ઉમરાહ વિઝા માટે રૂપિયા ૪.૬૫ લાખ લઈ સમયસર વિઝા ન કરાવી, બનાવટી વિઝા મોકલતા ૧૦.૨૪ લાખની એર ટિકિટની નુકસાની કરાવી હતી. બાદમાં એરપોર્ટ પર દોઢ લાખ રૂપિયા ન આપો તો બહાર ન નીકળવા દેવાની ધમકી આપતાં સમગ્ર બનાવ અંગે અમદાવાદ બાદ ટ્રાન્સફર એફઆઈઆર મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ છે.મોરબીના સર્ફરાજ અલારખાભાઈ દલવાણી ઉ.૨૬ રહે.લોમજીવન પાર્ક-૨ વાવડી રોડ મોરબી વાળા દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓને સાઉદી અરેબિયા ઉમરાહ માટે વિઝા કરાવી આપવાના બહાને અમદાવાદના આરોપી મહંમદ જુનેદ મહંમદ યુસુફ શેખ રહે. ફ્લેટ નં. આઈ/૨૦૪ હિમાલિયા ફુલકનુમા જુહાપુરા અમદાવાદ વાળાએ વિશ્વાસમાં લીધો હતો. આરોપીએ ૩૪ મુસાફરોના વિઝા માટે કુલ રૂપિયા ૪,૬૫,૦૦૦ લઈ લીધા હતા અને એર ટિકિટ માટે ફરિયાદીએ રૂ. ૧૦,૨૪,૮૦૦/- ખર્ચ્યા હતા. છતાં સમયસર વિઝા ન કરાવી ખોટા બનાવટી વિઝાની પીડીએફ મોકલી હતી. અમદાવાદ એરપોર્ટ પર તપાસ દરમિયાન વિઝા ફર્જી હોવાનું બહાર આવતા સાઉદી અરેબિયા જવાની મુસાફરી અટકી ગઈ હતી. ત્યારબાદ આરોપીએ ફરી વિઝા કરવાની વાત કરી અને બાદમાં ઉમરાહથી પરત ફર્યા બાદ ફરિયાદીને ફોન પર દોઢ લાખ રૂપિયા નહીં આપો તો એરપોર્ટની બહાર ન નીકળવા દેવાની ધમકી આપી હતી.

આ મામલે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા કલમ ૩૧૬(૨), ૩૩૬(૨), ૩૫૧(૨) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

# હળવદ: કારમાં દારૂની મહેફિલ માણતા આપના બે નેતા ઝડપાયા

## હાઈવે ઉપર પેટ્રોલિંગ દરમિયાન પોલીસની કાર્યવાહી, કાર-દારૂ-મોબાઈલ સહિતનો મુદ્દામાલ જપ્ત.

**અબતક, રૂષિ મહેતા, મોરબી**



હળવદ પોલીસે હાઈવે ઉપર ચાલુ કારમાં દારૂ પીતા આમ આદમી પાર્ટીના બે સક્રિય નેતાઓને ઝડપી પાડી પ્રોહિબીશન તથા મોટર વ્હિકલ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ વિભાગના પોલીસ મહાનિરીક્ષક અને મોરબી જીલ્લા પોલીસવડાની સુચના મુજબ હળવદ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન હાઈવે રોડ ઉપર ચાલતી કાર રજી.નં. જીજે-૧૩-એએચ-૨૩૨૧માં દારૂની મહેફિલ માણતા આરોપી હિતેશભાઈ મનસુખભાઈ વરમોરા રહે. રુદ્રપાર્ક-૧ હળવદ (આમ આદમી પાર્ટી-ચરાડવા જીલ્લા પંચાયત પ્રભારી) તથા આરોપી વિકાસકુમાર વિજયકુમાર રહે.દિલ્હી (આમ આદમી પાર્ટી કાર્યકર તથા હળવદ-ધ્રાંગધ્રા વિધાનસભા વિસ્તાર પ્રભારી) એમ બંને ઈસમોને પકડી પાડ્યા હતા. આ સાથે હળવદ પોલીસે બંને સામે પ્રોહિબીશન તથા મોટર વ્હિકલ એક્ટ મુજબ કાર્યવાહી કરી કાર, બે ઈંગ્લીશ દારૂની બોટલ તથા ૩ મોબાઈલ સહિત કુલ રૂ.૩,૨૨,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

# મોરબી-૨: ગેંડા સર્કલ નજીક જુગાર રમતા ત્રણ પકડાયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી બી ડિવિઝન પોલીસે ગેંડા સર્કલ પાસે જાહેરમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા સાહિલભાઈ હુશેનભાઈ પીપરવાડીયા ઉવ.૨૩ રહે. ભાટીયા સોસાયટી શારદા સ્કુલની બાજુમાં વાંકાનેર, યુનુશભાઈ ગનીભાઈ કાસમાણી ઉવ.૫૦ રહે. બીલાલી મસ્જીદ પાસે ફુલછાબ ચોક વીશીપરા મોરબી તથા ઈમ્તીયાઝભાઈ દિલાવરભાઈ શાહમદાર ઉવ.૩૨ રહે. ભાટીયા સોસાયટી સ્મશાનની બાજુમાં વાંકાનેર વાળાને રોકડા ૪,૬૦૦/- સાથે રંગેહાથ પકડી લેવાયા હતા. પોલીસે ત્રણેય આરોપી વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી : એલ.ઈ. ડિગ્રી, કોલેજની વેબસાઈટ પર એબીવીપી નામનો ખોટો ઉલ્લેખ થતાં વિરોધ

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

મોરબીની એલ.ઈ. ડિગ્રી કોલેજની ઓફિશિયલ વેબસાઈટ ઉપર અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ નામનો ખોટો ઉલ્લેખ થતા વિદ્યાર્થીઓમાં ગેરસમજ ફેલાતી હોવાનો આક્ષેપ થયો હતો. જેના વિરોધમાં એબીવીપી કાર્યકર્તાઓએ કોલેજ કેમ્પસમાં વિરોધ નોંધાવ્યો અને તાત્કાલિક સુધારા સાથે કોલેજ પ્રશાસનને લેખિત માફી મંગાવી હતી.

મોરબી સ્થિત એલ.ઈ. ડિગ્રી કોલેજની ઓફિશિયલ વેબસાઈટ પર અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અંગે ખોટો ઉલ્લેખ કરવામાં આવતા કાર્યકર્તાઓએ કેમ્પસમાં આશરે ૫-૬ કલાક સુધી વિરોધ નોંધાવ્યો હતો. આ મુદ્દે કોલેજ તંત્ર સામે રજૂઆત બાદ ત્વરિત કાર્યવાહી કરવામાં આવી હતી. અને કોલેજ દ્વારા લેખિતમાં માફી માંગવામાં આવી હોવાનું એબીવીપી મોરબી દ્વારા યાદીમાં જણાવાયું છે.

# મોરબી: કારમાં દારૂ સાથે વેપારી ઝડપાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ દ્વારા ઉમિયા સર્કલ આગળ શનાળા રોડ પર પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ હેરીયર કાર રજી. નં. જીજે-૩૬-એએફ-૭૨૬૭ ની તલાસી લેતા, કારમાંથી 'ધ ગ્લેનલિવેટ ૧૨ યર્સ સિંગલ મોલ્ટ સ્કોચ વિસ્કી'ની એક બોટલ કિ.રૂ.૧૨,૨૦૦/- મળી આવી હતી. આ સાથે પોલીસે આરોપી મિતભાઈ મનહરભાઈ રતીલાલભાઈ ઓધવીયા ઉવ.૨૩ રહે.મિથીલા એપાર્ટમેન્ટ, એવન્યુ પાર્ક મોરબી વાળાને સ્થળ પરથી ઝડપી પાડવામાં આવ્યો હતો, જ્યારે આ દારૂ આપનાર મોબાઈલ નંબર ધારકને ફરાર જાહેર કરી પોલીસે કાર કિ.રૂ. ૭,૦૦,૦૦૦/-, મોબાઈલ ફોન કિ.રૂ. ૭૦,૦૦૦/- તથા વિદેશી દારૂની બોટલ મળી કુલ રૂ.૭,૮૨,૨૦૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ સાથે આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબીશન એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી, પોલીસે ફરાર આરોપીને પકડી લેવા તજવીજ શરૂ કરી છે.

# હળવદમાં બુટલેગર આમિન કાજેડીયા પાસા હેઠળ જેલ હવાલે

**અબતક, ઋષિ મહેતા, મોરબી**



હળવદ પોલીસે વધુ એક અસામાજિક પ્રવૃત્તિ સાથે જોડાયેલ અને અનેકો વાર ઈંગ્લીશ દારૂના ગુનામાં સંડોવાયેલ આરોપી સામે પાસા હેઠળ કાર્યવાહી કરી, આરોપીને ડિટેઈન કરવામાં આવ્યો છે.

હાલ તેને મધ્યસ્થ જેલમાં મોકલો આપ્યો છે.

હળવદ પોલીસ સ્ટેશનના પીઆઈ દ્વારા ઈંગ્લીશ દારૂના ગુનામાં સંડોવાયેલા આમિન અનવરભાઈ કાજેડીયા રહે. રાજલનગર ચરાડવા તા. હળવદ વાળા સામે પાસા હેઠળ દરખાસ્ત મોકલવામાં આવી હતી. જે દરખાસ્તને લઈને જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીના પાસા વોરંટ જારી કરતા હળવદ પોલીસે આરોપીને ઝડપી પાડીને પાસા એક્ટ હેઠળ ડિટેઈન કરી જેલ હવાલે કર્યો છે.

# વાંકાનેરમાં એકતા ગ્રુપ દ્વારા સાત દિવસમાં બે બિન વારસ પુરુષોના સ્વજન બની કરાયા અંતિમ સંસ્કાર

## એકતા ગ્રુપ દ્વારા અવિરત ૩૩ વર્ષથી કરાતી માનવ સેવા સમગ્ર પંથક માટે બની આશિર્વાદ

**અબતક લેતેશ ચંદારાણા વાંકાનેર**

વાંકાનેર માં૩૩ વર્ષથી માનવસેવા માટે એકતા ગ્રુપ દ્વારા બે બિન વારસું પુરુષો ના સ્વજન બની અંતિમ સંસ્કાર કરાયા હતા. તાલુકા પોલીસ મથક ની હદમાં ચાર દિવસ પૂર્વે અજાણ્યા૪૫ વર્ષના હોય એવા પુરુષ નો મૃતદેહ મળી આવતા તેના વારસદાર ન મળતા તપાસનીશવીપોલીસ હેડ કોન્સ્ટેબલ એમ એચ વાસાણી દ્વારા એકતા ગ્રુપના બીપીનભાઈ દોશી ને બિનવારસી મૂર્તદેહ સોપ્યો હતો તેમણે હિંદુ રીત રિવાજ મુજબ શાસ્રોત વિધિથી પોલીસની ઉપસ્થિતિમાં અજાણ્યા પુરુષના સ્વજન બની સન્માન અંતિમ વિધિ કરી હતી અગાઉ સાત દિવસ પહેલા પણ એકતા ગ્રુપ દ્વારા અજાણ્યા પુરુષની અંતિમવિધિ કરી હતી આમ સાત દિવસમાં બે બીન વારસ લોકોના સ્વજન બની એકતા ગ્રુપે માનવતા દાખવી હતી આ સેવામાં એકતા ગ્રુપના આગેવાન બીપીનભાઈ દોશી, મનીષભાઈ ગોહેલ, મુકેશભાઈ વાસાણી( હેડ કોન્સ્ટેબલ,) ચિરાગભાઈ જોશી મનીષભાઈ ડીજે સહિતના કાર્યકરો જોડાયા હતા આ કાર્ય માટે ,વૈકુંઠ રથની વ્યવસ્થા ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરી આપવામાં આવી હતી

# મોરબી નજીક પીકઅપે મોટર સાયકલને અડફેટે લેતા વૃદ્ધનું મોત

## સિકિયુરિટીના કામ અર્થે જતી વેળાએ અકસ્માત નડ્યો, સારવારમાં દમ તોડતા પરિવારમાં શોક છવાયો

**અબતક રાજકોટ**


મોરબીના ચાર રસ્તા પાસે ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં મોટરસાયકલને પૂરપાટ ઝડપે આવતા પીકઅપ વાહને પાછળથી ટક્કર મારતા ૬૯ વર્ષીય વૃદ્ધનું મોત નીપજ્યું છે. આ બનાવને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબીના સામાકાંઠે આવેલા મહાવીર નગર અને મહારાણા પ્રતાપ સર્કલ પાસે રહેતા અમૃતભાઈ ખીમજીભાઈ આરદેસણા (ઉં.વ. ૬૯) ગઈકાલે સવારે ૬:૩૦ વાગ્યાની આસપાસ પોતાનું મોટરસાયકલ લઈને સિક્યુરિટીની નોકરી પર જઈ રહ્યા હતા. આ દરમિયાન મોરબી ચાર રસ્તા પાસે પાછળથી પૂરપાટ ઝડપે ધસી આવેલા અજાણ્યા પીકઅપ વાહને તેમના બાઈકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો, અકસ્માતમાં અમૃતભાઈને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે મોરબીની હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલના બિછાને જિંદગી અને મોત વચ્ચેની જંગ લડતા અમૃતભાઈનું ચાલુ સારવાર દરમિયાન મોત થયું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક અમૃતભાઈ સિક્યુરિટીનું કામ કરીને પોતાના પરિવારનું ભરણપોષણ કરતા હતા. તેઓ બે ભાઈ અને એક બહેનમાં સૌથી મોટા હતા. ઘરના મોભીના અચાનક મોતથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પોલીસે આ મામલે ગુનો નોંધી અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા પીકઅપ ચાલકને પકડવા માટે તપાસ તેજ કરી છે.

# ભાજપે પોરબંદરના પ્રભારીનો પદભાર રામભાઇ મોકરિયાને સોંપ્યો

## ભાજપને રામભાઈ ફળ્યા: મનપા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપને ૨૨ બેઠકો મળી બિનહરીફ

**અબતક, રાજકોટ**



પોરબંદરમાં ભાજપે જિલ્લાની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી માટે પ્રભારી તરીકે રામભાઇ મોકરિયાને જવાબદારી સોંપી છે. ભાજપને આ નેતૃત્વ ફળ્યું હોય તેમ ચૂંટણી પહેલા જ મનપાની ૧૩, જિલ્લા પંચાયતની ૨ અને તાલુકા પંચાયતની ૭ બેઠકો બિનહરિફ ધોરણે ભાજપના ખાતામાં જમા થઇ છે.

પોરબંદર જિલ્લામાં મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓની જવાબદારી પ્રદેશ ભાજપે રાજ્યસભાના સંસદ રામભાઈ મોકરીયાને સોંપેલી છે. સંસદ સભ્ય રામભાઈ મોકરીયા, પોરબંદરના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની સાથે સંકલન કરીને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કેસરિયો લહેરાવવા માટે ખૂબ સક્રિય રીતે કામગીરી કરી રહ્યા છે. સંસદસભ્ય રામભાઈ મોકરીયાનું પોરબંદર વતન છે તેમજ રાજકીય કાર્યક્ષેત્ર છે. આ ચૂંટણીમાં ઉમેદવારોને વિજય બનાવવા ભાજપનો કેસરિયો લહેરાવવા માટે આયોજન બદ્ધ રીતે તૈયારીઓ આરંભી દીધી છે. અત્રેએ ઉલ્લેખનીય છે કે સાંસદ રામભાઈ મોકરીયા છેલ્લા ૫૦ વર્ષથી એ. બી. વી. પી. થી જનસંઘથી અત્યાર સુધી ભાજપ સાથે જોડાયેલ છે. ભૂતકાળમાં જે જવાબદારી મળી તે પ્રામાણિક, નિષ્ઠાપૂર્વક નિભાવી છે. ઉત્તર પ્રદેશમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીઓમાં તેમને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા માનનીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ એ ખાસ જવાબદારી સોપી હતી. વર્ષો સુધી પોરબંદરમાં રહ્યા છે. જેથી પોરબંદર જિલ્લાના દરેક ગામ, તાલુકા તથા શહેર થી પૂરી રીતે વાકેફ છે. તેઓ રાજકીય પરિસ્થિતિનો બહોળો અનુભવ ધરાવે છે. જેથી તેમની જિલ્લા પ્રભારી તરીકેની વરણી થતાં ભાજપને ચૂંટણીમાં વિશેષ લાભ મળશે.દિલ્હી ખાતે તા.૧૬ /૧૭ /૧૮ ત્રણ દિવસ સ્પેશિયલ પાર્લામેન્ટ સત્ર ચાલુ હોય જે સત્ર માં મહિલા સશકિતકરણના સંદર્ભમાં ચર્ચા થવાની હોય તેથી રામભાઈ મોકરીયા દિલ્હી ખાતે પાર્લામેન્ટમાં હાજરી આપશે. દિલ્હીથી પરત આવીને તે સીધા પોરબંદર ચુંટણીના કામે લાગી જશે.

# વાંકાનેર પંથકમાં ફરજ પર તૈનાત સરકારી કર્મચારીઓ માટે ઠંડા પીણા-ચાની મદદરૂપની અનોખી માનવ સેવા

## મદાર એજ્યુ. ટ્રસ્ટની સમાજસેવામાં માનવસેવાનો સમન્વય

**અબતક, લિતેષ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર પંથકમાં મદાર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માનવ સેવા, પશુ-પક્ષી સેવા અને સામાજિક એકતાને પ્રોત્સાહન આપતી અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. 'મદદ ગ્રુપ' નામે શરૂ કરાયેલ આ સેવામાં ફરજ પર રહેલા સરકારી કર્મચારીઓ માટે ગરમીના સમયમાં ઠંડા પીણા અને ચા-પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સેવા કાર્યમાં ટ્રસ્ટના પ્રમુખ જહાંગીર બાપુ, ઉપપ્રમુખ યાસીન રાઠોડ, ઈર્શાદભાઈ માથકિયા, અબ્દુલભાઈ શેરસિયા અને આરિફ દિવાન સહિતના કાર્યકરો જહેમત ઉઠાવેલ છે.

ટ્રસ્ટની સ્થાપના ૨૮ એપ્રિલ ૨૦૨૫ના રોજ થઈ હતી. અને ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ પ્રથમ વર્ષ પૂર્ણ થતાં વાર્ષિક ઉજવણી અંતર્ગત વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાનાર છે.

# એસએમસીના દરોડાના પગલે : લોધિકા પીઆઇ, એએસઆઇ સહિત છ પોલીસમેનને પાણીચું

## ફાર્મહાઉસમાંથી પકડાયેલા લાખના દારૂ પ્રકરણમાં સ્થાનિક પોલીસની બેદરકારીથી રેન્જ આઇજી નિર્લિપ્ત રાયનો સપાટોઃ પોલીસ બેડામાં સોપો

**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના માખાવડ ગામ નજીક સ્થાનિક પોલીસને ઊંઘતી રાખી ફાર્મહાઉસમાં સ્ટેટ મોનટરિંગ સેલની ટીમે દરોડો પાડી ૧૧ લાખનો દારૂ ઝડપી લીધો હતો. જે દરોડાના ગંભીર પડઘા પડયા છે. આ પ્રકરણમાં લોધિકા પીઆઇ તથા પાંચ પોલીસકર્મીને સસ્પેન્ડ કરવાનો હુકમ રેન્જ આઇજી નિર્લીપ્તરાય દ્વારા કરવામાં આવતા પોલીસબેડામાં સોપો પડી ગયો હતો.



જાણવા મળતી વિગતો મુજબ લોધીકા પાસે આવેલ માખાવડ ગામની સીમમાં ફાર્મહાઉસમાં ગઇકાલે સ્ટેટ મોનેટરિંગ સેલની ટીમે દરોડો પાડી ૧૧.૧૬ લાખનો દારૂના જથ્થા સાથે અજય રમેશભાઇ ભરડા નામના શખસને ઝડપી લીધો હતો. અને મુખ્ય બુટલેગર ઉમેશ કાનાણી સહિતના અન્ય શખસોની સંડોવણી ખુલતા તેની શોધખોળ હાથ ધરાઇ હતી. એસએમસીએ આ દરોડો પાડતા સ્થાનિક પોલીસની નિષ્ક્રીયતા સાબિત થઇ હતી. સ્થાનીક પોલીસની ભૂમિકા અંગે રેન્જ આઇજી નિર્લીપ્ત રાયએ જીલ્લા પોલીસવડાને તપાસ કરવાનો હુકમ કર્યો હતો.

દરમિયાન આ દારૂ પ્રકરણમાં સ્થાનિક પોલીસની બેદરકારી ખુલતા રેન્જ આઇજી નિર્લીપ્ત રાયએ લોધીકાના મહિલા પી.આઇ. એસ.એમ. પરમાર, એએસઆઇ પીયુષભાઇ રામાણી, ગોપાલભાઇ ધાંધલ, હેડકોન્સ માવજીભાઇ ડાંગર, ખોળાભાઇ મકવાણા, કોન્સ. પ્રકાશભાઇ પરમાર, સસ્પેન્ડ કરવાનો હુકમ કરતા રૂરલ પોલીસબેડામાં સોપો પડી ગયો છે. લોધીકા પી.આઇ.ને સસ્પેન્ડ કરાતા લોધીકા પીઆઇનો ચાર્જ પી.એસ.આઇ. આઇ.એન. સરવૈયાને સોંપવાનો હુકમ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા કરવામાં આવ્યો છે.

# લોધિકાના પાળ પીપળિયા ગામે યુવાનને પિતા-પુત્રએ મારમાર્યો

## શેરીમાં સ્પીડમાં વાહન ચલાવતા બાબતે ટકોર કરતા ચાલકે ધમકી આપી ફડાકા માર્યા

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના પાળ પીપળિયા ગામે યુવાનને વાહન ધીમે હકાલવા બાબતે ગામમાં જ રહેતા પિતા-પુત્ર લાફા અને કડા વડે માર મારી ધમકી આપી હતી. આરોપી શેરીમાંથી નીકળતો હોય આ બાબતે કહેતા તેનો ખાર રાખી હુમલો કર્યો હતો.

લોધીકામાં પાળ પીપળીયા ગામે અવધ સોસાયટીમાં રહેતા નાનજીભાઈ મેઘજીભાઈ ભજગોતર (ઉ.વ. ૩૪) દ્વારા લોધિકા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં પીપળીયા ગામે જ રહેતા પ્રવીણ માકડીયા અને કાના પ્રવીણભાઈ માકડીયાના નામ આપ્યા છે.

યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા. ૧૪/૪ ના સવારના તે સોસાયટીમાં લોક ભાગીદારીથી કેમેરા ફીટ કર્યા હોય તેના ફૂટેજ મોબાઈલમાં જોતા સોસાયટીમાં રહેતો કાનો પોતાનો એકટીવા ફુલ સ્પીડે લઈ નીકળ્યો હોય અને આ કાનો અવારનવાર સ્પીડમાં વાહન લઈ નીકળતો હોય જેથી યુવાને મોબાઈલમાં આ વીડિયો સેવ કરી સોસાયટીમાં રહેતા મિત્ર મિલન તથા રવિને મોકલ્યો હતો. બાદમાં તેમને વાત કરી હતી કે, કાનાને કહી દેજો કે મારા ઘર પાસે તેમજ સોસાયટીમાં ફૂલ સ્પીડમાં પોતાનું વાહન ન ચલાવે બાદમાં તા. ૧૫/૪ ના રાત્રીના નવેક વાગ્યે પ્રવીણ માકડીયા યુવાનના ઘરે આવ્યો હતો અને જેમફાવે તેમ બોલી કહેતો હતો કે, તને મારો દીકરો કાનો એક જ દેખાય છે બીજા બધા પણ ફૂલ સ્પીડમાં વાહન ચલાવે છે તેમ કહી યુવાનને ઝાપટો મારવા લાગ્યો હતો. દરમિયાન તેનો પુત્ર કાનો પણ આવી ગયો હતો અને યુવાન તથા તેની પત્નીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દરમિયાન કાનાએ હાથમાં પહેરેલુ કડુ યુવાનના માથાનાભાગે મારી દેતા તેને લોહી નીકળવા લાગ્યું હતું. બાદમાં અહીં લોકો એકત્ર થઈ જતા યુવાનને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યારબાદ તેણે આ પિતા-પુત્ર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# રીબડામાં દોઢ વર્ષની બાળકી પહેલા માળેથી પટકાતા મોત

## રમતા રમતા નીચે પડી જતા માસૂમે સારવારમાં દમ તોડ્યો, પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના રીબડા ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. કારખાનામાં રમતા-રમતા દોઢ વર્ષની માસૂમ બાળકી પહેલા માળેથી નીચે પટકાતા તેનું કરૂણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે શ્રમિક પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, રીબડા ગામમાં આવેલા અમિતભાઈના કારખાનામાં રહેતા અને મજૂરી કામ કરતા પ્રતાપભાઈ શર્માની દોઢ વર્ષની પુત્રી ઉમંગી ગઈકાલે સાંજે ૫:૩૦ વાગ્યાની આસપાસ ઘરે ઉપરના માળે રમી રહી હતી. તે સમયે તેના પિતા નીચે કામ કરી રહ્યા હતા. રમતા-રમતા અચાનક ઉમંગી પહેલા માળેથી નીચે પટકાઈ હતી. બાળકી ઉપરથી નીચે પડતા જ અવાજ આવ્યો હતો, જેથી પિતા તરત જ દોડી આવ્યા હતા. લોહીલુહાણ હાલતમાં બાળકીને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જોકે, માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી ટૂંકી સારવાર બાદ બાળકીનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ઉમંગી તેના પરિવારમાં ત્રણ બહેનોમાં સૌથી નાની હતી. ચ મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ઘરના આંગણે રમતી માસૂમ બાળકીના અચાનક મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે આ મામલે પ્રાથમિક નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રીબડા નજીક ઓમ પેકેજિંગ કારખાનામાં ભીષણ આગ

## શોર્ટ સર્કિટથી આગ લાગ્યાનું પ્રાથમિક અનુમાનઃ રાજકોટ-ગોંડલ અને શાપરના ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો

**અબતક, રાજકોટ**

ગોંડલ હાઈવે પર આવેલા રીબડા ચોકડીથી આગળ ગુંદાસરા રોડ પર ગત મોડી રાત્રે પૂઠાના કારખાનામાં ભીષણ આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં આખું કારખાનું ઝપેટમાં આવી ગયું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ લાખો રૂપિયાનો માલસામાન બળીને રાખ થઈ ગયો છે. પ્રાપ્ત વિગતો મુજબ, ગુંદાસરા રોડ પર આવેલા મનસુખભાઈની માલિકીના 'ઓમ પેકેજિંગ' નામના પૂઠાના કારખાનામાં રાત્રિના સમયે અચાનક આગ લાગી હતી. રાત્રે અંદાજે ૩:૩૮ કલાકે જગદીશભાઈ નામના વ્યક્તિએ ફાયર બ્રિગેડને આ અંગે જાણ કરી હતી. ઘટનાની ગંભીરતા જોતા તાત્કાલિક ફાયર ફાઈટરોનો કાફલો ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યો હતો.

આગ પર કાબૂ મેળવવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. સૌપ્રથમ કોઠારિયા ફાયર સ્ટેશનથી ગાડી રવાના થઈ હતી, ત્યારબાદ



નાગરિક બેંક ફાયર સ્ટેશનથી બીજી ગાડી મોકલવામાં આવી હતી. આગની તીવ્રતા વધતા રાજકોટ, ગોંડલ અને શાપર વેરીવેલથી પણ ફાયર ફાઈટરોની મદદ લેવામાં આવી હતી. કારખાનામાં રહેલા કાગળના મટીરિયલ (રો-મટીરિયલ) અને મોંઘીદાટ મશીનરીઓ આગમાં સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા છે. પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

જે સમયે આગ લાગી ત્યારે કારખાનામાં કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. હાલમાં ફાયર બ્રિગેડ દ્વારા આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે અને ઘટનાસ્થળે કુલિંગની કામગીરી ચાલુ રાખવામાં આવી છે જેથી ફરીથી આગ ન ભભૂકે. પોલીસ અને સંબંધિત તંત્રો દ્વારા નુકસાનીનો આંકડો મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

**આગથી લાખોની મશીનરી અને રો-મટીરિયલ બળીને ખાખ, સદનસીબે જાનહાનિ ટળી**

# પડધરીના ખંભાળા ગામે ઝીબ્રાનો વુડસ વિકેન્ડ વિલામાંથી જુગારધામ ઝડપાયું

## એલસીબીએ દરોડો પાડી ગોંડલ, રાજકોટ, બાબરા અને પડધરીના મળી ૬ શખ્સની ધરપકડ કરીઃ રૂ.૧.૪૫ લાખના મુદ્દામાલ કબજ

**અબતક, રાજકોટ**

રાજકોટ જામનગર ધોરીમાર્ગ પર આવેલા પડધરી તાલુકાના ખંભાળા ગામની સીમમાં ઝીબ્રાનો વુડસ વિકેન્ડ વિલામા એલસીબીએ દરોડો પાડી ગોંડલ, રાજકોટ, બાબરા અને પડધરીના મળી ૬ શખ્સની ધરપકડ કરી રૂ.૧.૪૫ લાખના મુદ્દામાલ કબજે કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે આ બનાવની વધુ તપાસ મેટોડા પોલીસ મથકના પીઆઇ ને સોંપવામાં આવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે સઘન પેટ્રોલિંગ અને વાહન ચેકિંગ હાથ ધરવા રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે આપેલી સૂચનાને પગલે એલસીબીના પીઆઇ વીવી વડોદરા ના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ એચસી ગોહિલ સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે પડધરીના ખંભાળા ગામે ઝીબ્રાનો વુડસ વિકેન્ડ વિલા નંબર ૭ માં રાજકોટ શહેરના રૈયા રોડ પર આવેલા આલાપ ગ્રીન સિટીમાં રહેતા દિનેશ પ્રાણજી પ્રાણજીવન વિઠલપરા નામના ૭૪ વર્ષના વૃદ્ધ જુગારનો અખાડો ચલાવતા હોવાની એએસઆઇ જયવીરસિંહ રાણા ને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડ્યો હતો. નરોડા દરમિયાન જુગાર રમતા વિલાના માલિક દિનેશ પ્રાણજીવન વિઠલપરા, ગોંડલના મેતા ખંભાળિયાના ચુનીલાલ ગાગજી પટેલ, ગોંડલ શહેરના ભવનાથ સોસાયટીમાં રહેતા ભરત કરસન મકવાણા બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામનો અશરફ બહાઉદીન પઠાણ પડધરી તાલુકાના ખંભાળા ગામનો પ્રિતેશ મહાદેવ પટેલ ગોંડલ તાલુકાના મેતા ખંભાળિયા ગામનો અનિલ કેસુ પટેલ સહિત ૬૭૦૦ ની ધરપકડ કરી રોકડા ૧.૧૪ લાખ અને મોબાઈલ મળી ૧.૪૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ બનાવની વિશેષ તપાસ મેટોડા જીઆઇડીસી પોલીસ મથકના એમ જે પરમાર દ્વારા ચલાવવામાં આવી રહી છે

# ધોરાજીના મોટી વાવડી ગામે જુડવા પુત્રીનો જન્મ બાદ પતિ સહિત સાસરિયાનો ત્રાસ

## પરિણીતાને પથરીનો દુઃખાવો ઉપડતા આરામ કરતા સસરાએ ઘરમાંથી કાઢી મૂકી

**અબતક, રાજકોટ**

ધોરાજીના મોટી વાવડી ગામે હાલ માવતરના ઘરે રહેતી બોટાદની પરિણીતાએ જુડવા દીકરીઓને જન્મ દેતા પતિ સહિત સાસરીયાઓએ ત્રાસ આપવાનું ચાલુ કર્યું હતું, દીકરીઓની કોઈ સંભાળ લેતું ન હતું.પરિણીતાને પથરીનો દુખાવો ઉપડતા આરામ કરતા સસરાએ ઘરમાંથી કાઢી મૂકી, માવતરે ચડાવેલા સોનાના ઘરેણા પણ માંગી લેતા ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.હાલ માવતરના ઘરે મોટી વાવડી રહેતી નિકિતાબેનએ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પતિ મેહુલ ભુપતભાઇ જાદવ, સસરા ભુપતભાઈ, સાસુ રેખાબેન જાદવ(રહે ખોડીયાર નગર ૨, રેલવે સ્ટેશનની પાછળ બોટાદ)નું નામ આપી જણાવ્યું હતું કે તેમના લગ્ન તા.૨૧/૦૨/૨૦૧૮માં મેહુલ ભુપતભાઈ જાદવ સાથે થયા હતા. પરિણીતાએ બે જુડવા દીકરીઓને જન્મ આપતા પતિ અને સાસુએ કહ્યું કે, આ શું મોઢા લઈને આવેલ છે. ત્યારે પરિણીતાએ કહ્યું કે આ તો નસીબની વાત છે આમાં મારું કંઈ ન ચાલે. પરિવારના કોઈ સભ્ય દીકરીઓની દેખભાળ કરતું ન હતું આથી પરિણીતાએ તેના પિતાને ફોન કરી અહીં આરામ થતો નથી આથી મને અને મારી દીકરીઓને તમારી ઘરે તેડી જાવ તેમ કહેતા પિતા તેની ઘરે મોટીવાવડી તેડી ગયા હતા. નણંદ હેતલબેન પરિણીતાને માવતરના ઘરેથી સાસરે તેડી ગયા હતા. ક્યાં દીકરીઓને સારું ન રહેતા જનરલ હોસ્પિટલમાં બતાવતા હતા તો પણ સારું ન રહેતા કોઈ સારા દવાખાને લઈ જવાનું કહેતા સાસુ-સસરા અને પતિએ કહ્યું કે તારા માવતરને ત્યાં દવાખાને લઈ જા ત્યાંથી ફેર પડી જશે. આથી પરણીતા ફરી દીકરીઓને લઈ માવતર જતી રહી હતી. જ્યાં ધોરાજી દવાખાને દીકરીઓની સારવાર કરાવી હતી. પરિણીતાનો કોઈ વિશ્વાસ ન કરી બધા ઘરેથી બહાર જતા ત્યારે ઘરને તાળા મારીને જતા હતા. પરિણીતાને પથરીનો દુખાવો ઉપાડતા બે દિવસ આરામ કર્યો હતો. જેથી સસરાએ કહ્યું કે તમારે આવા નાટક કરવા હોય તો તમારા માવતર જતા રહો આમ કહી માર મારી બપોરના સમયે ઘરમાંથી કાઢી મૂકી હતી.જે બાદ પરિણીતા દીકરીઓને લઈને માવતર ના ઘરે જતી રહી હતી. ત્રણ ચાર માસ માવતરના ઘરે રહ્યા બાદ સાસરીયા પક્ષ સામેથી આવેલ અને સમાધાન કરી ઘરે તેડી ગયા હતા. સમાધાન કરવા છતાં પણ સાસરિયાનો શારીરિક અને માનસિક ત્રાસ એટલો જ રહ્યો હતો. ઝઘડો વધી જતા સસરાએ પરિણીતાના પિતાને ફોન કરી કહ્યું કે તમે તમારી દીકરીને તેડી જાવ આથી તેના પિતા બોટાદ તેડી ગયા હતા. નવ માસ રિસામણે રહ્યા બાદ ફરી સસરા પક્ષે સમાધાન કરી સાસરે તેડી ગયા હતા. ત્યારબાદ સાસુ સસરાએ કહ્યું હતું કે હવેથી તમે બંને અને તમારી દીકરીઓ અલગ રહેજો તમે તમારું કરજો પણ તમારા માવતરે ચડાવેલા સોનાના ઘરેણા અહીં મુકતા જજો. પતિ ઘર ખર્ચ ન આપતો ઉપરથી ગાળો ભાંડી માર્કેટ પણ કરતો હતો. આજથી આશરે એકાદ મહિના પહેલા પતિ સાંજના સમયે ઘરે આવી પરિણીતાનો ફોન ચેક કરતા જેમાં પરિણીતા એ તેના કાકીજી સાસુને ફોન કરેલો જોવા મળતા પતિએ પરણીતાને ઢીકાપાટુનો માર મારતા સાસુ સસરા ને ઘરે બોલાવ્યા હતા . ત્યારે સાસુ સસરાએ કહ્યું કે તું તારા માવતર જતી રહેજે અને અમારા ઉપર કેસ કરશો તો તમને બધાને મારી નાખીશું તમારે જે કરવું હોય તે કરી લેજો. તારે અહીં રહેવું હોય તો અમે કહી તેમજ કરવું પડશે તારે માવતર જવું હોય તો જતી રહેજે અમે કોઈથી બીતા નથી. આ બાદ પરણીતાએ અન્યના ફોનમાંથી પિતાને ફોન કરે તેડી જવા જણાવ્યું હતું. તા.૨૩/૦૩ ના રોજ પિતા બોટાદ ચડી ગયા હતા. માવતર એ જતા સમયે સાસુ સસરાએ પરણીતાને કહ્યું હતું કે, તું તારા ઘરેથી કંઈ લાવેલ નથી અમારે તો જોઈતી નથી. આથી પરિણીતાએ ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનમાં પતિ સહિત સાસરિયાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# સાબરકાંઠા દોઢ વર્ષથી ફરાર પોક્સોનો આરોપી ઝડપાયો

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લા એલ.સી.બી એ વિવિધ ટીમોએ પેટ્રોલિંગ અને ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરીને છેલ્લા ઘણા સમયથી પોલીસને થાપ આપી રહેલા આરોપીઓની ધરપકડ કરી છે જેમાં દોઢ વર્ષથી ફરાર પોક્સોના આરોપીને હિંમતનગર બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી લેવામાં સફળતા મળી છે.



હિંમતનગર એ.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોક્સોના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતો-ફરતો આરોપી રાણાદા રવિન્દ્રનાથ પ્રસાદ (રહે.ન્યુ કોલોની, પશ્ચિમ બંગાળ) હિંમતનગર બસ સ્ટેન્ડ પાસે હોવાની બાતમી મળી હતી જેના એલ.સી.બી પી.આઈના માર્ગદર્શન હેઠળ નાસતા-ફરતા ટીમ-૧ ના પી.એસ.આઈ આર.એલ.દેસાઈ અને તેમની ટીમે છટકું ગોઠવી આરોપીને દબોચી લીધો હતો પકડાયેલા આરોપીને વધુ તપાસ માટે એ.ડિવિઝન પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં મકાનમાંથી દેશી-વિદેશી દારૂ ઝડપાયોઃ આરોપી ફરાર

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરમાં શંકર ટેકરી નજીક સુભાષ પરા શેરી નંબર બે માં રહેતા રોહિત ચંદુભાઈ લીંબડ નામના શખ્સ દ્વારા પોતાના રહેણાંક મકાનમાં દારૂનો જથ્થો સંતાડ્યો છે, તેવી ચોક્કસ બાતમીના આધારે સીટી સી. ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો. જે ધરોડા દરમિયાન રહેણાક મકાનમાંથી ૩૦ નંગ ઈંગ્લિશ દારૂની બાટલી મળી આવી હતી, તેમજ ૨૫ લીટર દેશી પીવાનો દારૂ પણ મળી આવ્યો હતો.આથી પોલીસે દેશી વિદેશી દારૂ કબજે કરી લીધો છે, જ્યારે મકાન માલિક ઘરમાં હાજર ન હોવાથી તેને ફરારિક જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

# જોડીયા પંથકમાં બે અકસ્માતમાં બે વ્યક્તિ ગંભીર

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર જિલ્લાના જોડીયા પંથકમાં જુદા જુદા બે વાહન અકસ્માતમાં બે વ્યક્તિ ગંભીર સ્વરૂપે ઘાયલ થઈ છે, અને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા છે. જે અકસ્માત મામલે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

જોડીયા નજીક કેશિયા ગામ પાસે અકસ્માતનો પ્રથમ બનાવ બન્યો હતો. ત્યાંથી પગપાળા ચાલીને જઈ રહેલા રફિકભાઈ પિંજારા (ઉંમર વર્ષ ૫૮) કે જેઓને જી જે ૧૦ સીજી ૫૨૬૭ નંબરની કારના ચાલાકે હડફેટમાં લઈ લેતા ગંભીર સ્વરૂપે ઘાયલ થયા હતા, અને તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માત નો બીજો બનાવ જોડિયા નજીક ખીરી ગામ વચ્ચે બન્યો હતો. ત્યાંથી બાઈક પર જઈ રહેલા સેધાભાઈ વાઘજીભાઈ ભાભર નામના પરપ્રાંતિય શ્રમિકને પુર ઝડપ આવી રહેલી જી.જે. -૫ સી.એમ ૯૮૪૯ નંબરની કારના ચાલકે હડફેટ માં લેતા ગંભીર સ્વરૂપે ઘાયલ થયા છે, અને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. જોડીયા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધ્યો છે.

# શાપરઃ અપહરણના ગુનામાં ફરાર આરોપીને ભોગ બનનાર સાથે ઝડપી પાડ્યો

## કિશોરીને બદ ઈરાદે અપહરણ કરનારને શાપર પોલીસે દબોચ્યો

**અબતક, રાજકોટ**

શહેરની નજીક શાપરમાંથી બિહાર ના ભોજપુર જિલ્લાના ક્રિષ્ના ગઢ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અપહરણના ગુના નાસતા ફરતો આરોપી અને ભોગ બનાર કિશોરી ને શાપર પોલીસ સ્ટેશન દ્વારા પકડી પાડી ને ક્રિષ્નાગઢ પોલીસ સ્ટેશનને સોંપેલ હતો

આ અંગે પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ રેન્જ આઈ.જી.નિર્લિપ્ત રાય, એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા અપહરણ થનાર ભોગ બનનાર, નાસતા ફરતા આરોપી ને પકડી પાડવા સૂચના અન્વયે શાપર પોલીસ સ્ટેશન દ્વારા પેટ્રોલિંગ દરમ્યાન બિહારના ભોજપુર જિલ્લાના ક્રિષ્નાગઢ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અપહરણ ગુનામાં નાસતો ફરતો બભનગાવા ગામે રહેતો આરોપી બિમલેશ સુનિલભાઈ પાસવાન ઉંમર વર્ષ ૨૧ અને ભોગ બનનાર કિશોરી ને પકડી પાડી અને આગળની કાર્યવાહી કરવા ક્રિષ્નાગઢ પોલીસ સ્ટેશન ને સોંપેલ હતા આ કામગીરીમાં આર.બી.રાણા એ.એસ.આઈ ડી આર સરવૈયા, હેડ કોન્સ્ટેબલ દિનેશ ખાટરીયા, જગશી ઝાલા, કોન્સ્ટેબલ અલ્પેશ ડામસીયા, લગધીરસિંહ જાડેજા સહિતના રોકાયા હતા.

# ખોરાણા નજીકથી રીક્ષામાંથી ૪૨૦ બોટલ દારૂ પકડાયો ચાલક ફરાર

**અબતક, રાજકોટ**

વાંકાનેરથી રાજકોટ ખોરાણા હડમતિયા બેડીવાળા રોડ પરથી આવે છે જેથી પોલીસની ટીમ ખોરાણા ગામ પાસે વોચ ગોઠવી હતી.

દરમિયાન શંકાસ્પદ રીક્ષા આવતી દૂરથી દેખાઈ હતી પરંતુ પોલીસને જોઈ રિક્ષા ચાલક રીક્ષા રેઢી મૂકી નાસી ગયો હતો. બાદમાં પોલીસે રીક્ષામાં તપાસ કરતા અંદરથી રૂપિયા ૧.૩૩ લાખની કિંમતનો ૪૨૦ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો જેથી પોલીસે દારૂનો આ જથ્થો અને રીક્ષા સહિત કુલ રૂપિયા ૧,૯૩,૨૦૦ નો મુદ્દામાલ કબજે કરી રીક્ષાચાલક અરબાઝ શેખને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.દારૂના અન્ય દરોડામાં કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ વી.આર. વસાવાની રાહબરી હેઠળ પીએસઆઇ એ.એ.બ્લોચની રાહબરીમાં કોન્સ્ટેબલ કુશલભાઈ જોશી, જયદીપભાઇ ધોળકિયા, ભાવેશભાઈ મકવાણા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન મળેલી બાતમીના આધારે બેડી ગામ રામાપીર મંદિરની પાછળ હડમતીયા રોડ પર આવેલ મકાનમાં દોરડો પાડ્યો હતો. પોલીસે અહીંથી રૂપિયા ૧૧,૫૨૦ ની કિંમતના દારૂના ૯૬ ચપલા કબજે કર્યા હતા. દારૂના આ જથ્થા સાથે વિજય હસમુખભાઈ દેગામા (ઉ.વ. ૨૮ રહે. બેડી) ને ઝડપી લીધો હતો

# બેડી ગામના પુલ પાસે બે બાઈક સામસામે અથડાતા વૃદ્ધનું મોત

## કાગદડીથી રાજકોટ દાંતનું ચોકઠુ કરાવવા માટે આવતી વેળાએ અકસ્માત નડ્યો, પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

શહેરના બેડી ચોકડીથી બેડી ગામના પુલ પાસે ગત ૨૮ માર્ચના રોજ સર્જાયેલા માર્ગ અકસ્માતમાં કાગદડી ગામના ૭૫ વર્ષીય વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી માહિતી મુજબ, રાજકોટ તાલુકાના કાગદડી ગામે રહેતા અને ખેતીકામ કરતા ભગવાનજીભાઈ કરમલભાઈ ઢોલરીયા (ઉં.વ. ૭૫) ગત ૨૮ માર્ચના રોજ પોતાનું મોટરસાયકલ લઈને કાગદડીથી રાજકોટ દાંતનું ચોખ્ખું કરાવવા માટે આવી રહ્યા હતા. આ દરમિયાન બેડી ચોકડીથી બેડી ગામના પુલ પાસે પહોંચતા સામેથી આવતા અન્ય એક મોટરસાયકલ સાથે તેમનો અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતા ભગવાનજીભાઈને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ચાલુ સારવાર માં તેમનું મોત થયું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ભગવાનજીભાઈ ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ ત્રણ ભાઈઓ અને પાંચ બહેનોમાં વચેટ હતા. સંતાનમાં તેમને બે દીકરા છે. એક સામાન્ય કામ અર્થે રાજકોટ આવતા સમયે કાળ આંબી જતાં ઢોલરીયા પરિવાર અને કાગદડી ગામમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. પોલીસે આ મામલે આગળની તપાસ હાથ ધરી છે.

# આયુર્વેદિક ડોક્ટરોએ એલોપેથી પ્રેક્ટિસના અધિકાર માટે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા

## આયુર્વેદિક ડોક્ટરોને 'બોગસ' કહેવા ગેરકાયદેસર; કાયદાકીય જોગવાઈઓ હેઠળ પ્રેક્ટિસનો અધિકાર

**અબતક રાજકોટ**

ગુજરાતમાં પ્રેક્ટિસ કરતા આયુર્વેદિક તબીબોએ એલોપેથી દવાઓ સૂચવવાનો અધિકાર મેળવવા માટે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા છે. ઓલ ગુજરાત આયુર્વેદ મેડિકલ એસોસિએશન દ્વારા ફાઈલ કરવામાં આવેલી આ અરજીમાં માંગ કરવામાં આવી છે કે જે તબીબોએ તેમના અભ્યાસક્રમ દરમિયાન એલોપેથીનો વિધિવત અભ્યાસ કર્યો છે, તેમને તે મુજબ પ્રેક્ટિસ કરવાની મંજૂરી આપવી જોઈએ.

એસોસિએશને દલીલ કરી છે કે વર્ષોથી રાજ્ય અને કેન્દ્ર સરકારના સત્તાધીશો દ્વારા તેમને આ મંજૂરી આપવામાં આવતી નથી. જસ્ટિસ એચ. એમ. પ્રચ્છકે આ પિટિશનને સ્વીકારી છે અને તેની સુનાવણી ૨૦૦૬થી પેન્ડિંગ રહેલા જૂના કેસ સાથે કરવાનું નક્કી કર્યું છે. ૨૦૦૬માં સરકારે એક પરિપત્ર બહાર પાડીને MBBS સિવાયના ડોક્ટરોને એલોપેથી પ્રેક્ટિસ કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો, જેને તે સમયે પડકારવામાં આવ્યો હતો.

અરજદારોએ ૨૦૧૮ના સુપ્રીમ કોર્ટના ઓર્ડરનો આધાર લીધો છે, જેમાં ઈન્ટિગ્રેટેડ સિસ્ટમ (આયુર્વેદ અને એલોપેથી બંને) ભણેલા ડોક્ટરોને રક્ષણ આપવામાં આવ્યું હતું. ગુજરાત કાઉન્સિલ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ્સે પણ જણાવ્યું છે કે ગુજરાત મેડિકલ પ્રેક્ટિસનર્સ એક્ટ ૧૯૬૩ની કલમ ૩૦ અને NCISM એક્ટ ૨૦૨૦ની કલમ ૩૪ હેઠળ નોંધાયેલા સ્નાતકોને કોઈપણ તબીબી પદ્ધતિમાં પ્રેક્ટિસ કરવાનો અધિકાર છે.

હાઈકોર્ટે આ બાબતે રાજ્ય સરકાર, ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સિસ્ટમ્સ અને નેશનલ કમિશન ફોર ઈન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસિન પાસેથી જવાબો માંગ્યા છે.

ગુજરાત કાઉન્સિલ દ્વારા ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ઠરાવ કરવામાં આવ્યો હતો કે આ બાબત હાલ હાઈકોર્ટમાં 'સબજ્યુડિસ' (વિચારાધીન) હોવાથી, નોંધાયેલા આયુર્વેદિક ડોક્ટરો સામે હાલ કોઈ શિક્ષાત્મક કાર્યવાહી કરવી જોઈએ નહીં.

આયુર્વેદિક તબીબોના અભ્યાસક્રમમાં એલોપેથી ડ્રગ્સ અને જનરલ ફાર્મેકોલોજીનો સમાવેશ થતો હોવાથી તેમને આ અધિકાર મળવો જોઈએ તેવી માંગ મજબૂત બની છે.



## આયુર્વેદિક ડોક્ટરો ગરીબોની જીવાદોરી સમાન હાઈકોર્ટમાં પોતાનો પક્ષ મજબૂતીથી રજૂ કરશે : ડૉ. સંજય જીવરાજાની



હાલમાં હાઈકોર્ટમાં ચાલી રહેલી મેડિકલ મેટર અંગે આયુર્વેદિક અને જનરલ પ્રેક્ટિશનર ડોક્ટરોએ પોતાનો પક્ષ હાઈકોર્ટમાં રજૂ કરવાની તૈયારી કરી છે. ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સિસ્ટમ્સ એન્ડ મેડિસિન ના ચેરમેન ડો. સંજય જીવરાજાની જણાવ્યું હતું કે મુંબઈ માં જેમ લોકલ ટ્રેન લોકો ની લાઈફલાઈન છે તેમ આયુર્વેદિક ડોક્ટર એ ગરીબ અને મધ્યમ વર્ગ માટે 'લાઈફલાઈન' સમાન સાબિત થઈ રહ્યા છે.

ડો. જીવરાજાનીના જણાવ્યા મુજબ, તેઓ 'ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ ૧૯૬૩' તેમજ 'ગઈઈજખ એક્ટ ૨૦૨૦ અને ૨૦૨૩' અંતર્ગત પ્રેક્ટિસ કરવા માટે હકદાર છે. આયુર્વેદિક ડોક્ટરોને તેમના કોલેજ કાળ દરમિયાન મોડર્ન ડિપાર્ટમેન્ટ અંતર્ગત એનાટોમી, ફિઝિયોલોજી, અને દ્રવ્યગુણ (ફાર્મેકોલોજી) જેવા વિષયોનું સંપૂર્ણ શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત, ડોક્ટર બન્યા પછી પણ તેઓ સતત ઈખઊ (કન્ટીન્યુઈંગ મેડિકલ એજ્યુકેશન) દ્વારા મોડર્ન હોસ્પિટલોના નિષ્ણાત ડોક્ટરો પાસેથી માર્ગદર્શન મેળવીને પોતાનું જ્ઞાન વધારે છે.

આ ડોક્ટરો મુંબઈની લોકલ ટ્રેનની જેમ ગરીબ અને મધ્યમ વર્ગની જીવાદોરી છે. તેઓ માત્ર ૫૦ થી ૨૦૦ રૂપિયા જેવી નજીવી ફીમાં લોકોને ૨૪ કલાક અને ઝડપી સારવાર પૂરી પાડે છે. ગામડાઓમાં નાના દવાખાના ચલાવીને તેઓ સરકાર પરનું આરોગ્યલક્ષી ભારણ (બર્ડન) ઘટાડે છે. આ ડોક્ટરો દર્દીના હિતને સર્વોપરી માને છે અને ઈમર્જન્સી સમયે યોગ્ય નિષ્ણાતો પાસે રિફર કરીને દર્દીનો જીવ બચાવવા માટે કડીરૂપ કામ કરે છે. આંકડાકીય રીતે જોઈએ તો, એલોપેથીની સરખામણીમાં આ ડોક્ટરો દ્વારા મેડિકલ બેદરકારીના બનાવો ખૂબ જ જૂજ છે. તેમજ વધુમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૬ પહેલાં રાજ્યના આશરે ૩૦,૦૦૦ ડોક્ટરોના રજિસ્ટ્રેશન રિન્યુઅલની પ્રક્રિયા ઓનલાઈન શરૂ કરી દેવામાં આવી છે. આ અંગેનો ઠરાવ પસાર થઈ ચૂક્યો છે અને તમામ ડોક્ટરોને અખબારોના માધ્યમથી મેસેજ પહોંચાડવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે.

# એમક્યોર ફાર્મા દ્વારા વજન ઘટાડવાના ઈન્જેકશનોનો ભાવ અડધો-અડધ

## એમક્યોર ફાર્માના પોવીઝટ્રાનો માસિક ડોઝ ૩,૯૯૯ના દરે થશે ઉપલબ્ધ

**અબતક, રાજકોટ**

મેદસ્વીતા સામે સમાજમાં વધતી-જતી જાગૃતિ વચ્ચે વેઈટ લોસ માટેના ડોઝ બનાવતી એમક્યોર ફાર્માએ વધુમાં વધુ દર્દીઓને સમાવવા અને દવાના ઉપયોગને વધુ વ્યાપક બનાવવા પોવીઝટ્રાના પ્રાથમિક ડોઝની કિંમતમાં ૫૫% ભાવ ઘટાડવાની જાહેરાત કરવામાં આવી છે.

એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે ભારતભરમાં તેની વેઈટ મેનેજમેન્ટ ડ્રગ પોવીજટ્રા (સેમાગ્લુટાઈડ ઈન્જેકશન)ની કિંમતમાં ઘટાડો જાહેર કર્યો છે. ઘટાડેલી કિંમત મુજબ રૂ.૩,૯૯૯/- પ્રતિ મહિને (અઠવાડિયે ૪ ડોઝ) થી શરૂ થશે. ઈનોવેટર સેમાગ્લુટાઈડ અઠવાડિયામાં એક વખત લેવાતા પેન ડિવાઈસમાં ૦.૨૫ મિલિગ્રામ, ૦.૫ મિલિગ્રામ, ૧.૦ મિલિગ્રામ, ૧.૭ મિલિગ્રામ અને ૨.૪ મિલિગ્રામના મેઈન્ટેનન્સ ડોઝની પાંચ માત્રામાં ઉપલબ્ધ છે. તે એક અત્યાધુનિક પેન ડિવાઈસમાં આવે છે, જે સરળ રીતે દવા આપવાની સુવિધા અને ચોક્કસ ડોઝિંગ સુનિશ્ચિત કરે છે.

સ્થૂળતા માટે નોવો નોર્ડિસ્કના સેમાગ્લુટાઈડ ઈન્જેકશનની બીજી બ્રાન્ડ પોવીજટ્રાનું એકસકલુઝિવલી ડિસ્ટ્રિબ્યુશન અને કોમર્શિયલાઈઝ કરનારી પ્રથમ ભારતીય કંપની તરીકે, એમક્યોરનો ઉદ્દેશ્ય વધુ દર્દીઓ સુધી પહોંચ વધારવાનો અને ઘટાડેલી કિંમતે આ પુરવાર થયેલી સારવારનો લાભ વધુને વધુ દર્દીઓને આપવાનો છે.

આ ભાવ ઘટાડો ૩ એપ્રિલ ૨૦૨૬થી લાગુ થશે અને તેના દ્વારા મજબૂત ક્લિનિકલ અને વાસ્તવિક ઉપયોગના પુરાવાઓથી સમર્થિત ઈનોવેટર મોલેક્યુલ હવે દેશભરમાં નોંધપાત્ર રીતે મોટાપાયે દર્દીઓ માટે વધુ સરળતાથી ઉપલબ્ધ બનશે. આ નિર્ણય એવા સમયે લેવાયો છે જ્યારે ભારતમાં સ્થૂળતા અને વજન સંબંધિત આરોગ્ય સમસ્યાઓ ઝડપથી વધી રહેલા જાહેર આરોગ્યના ગંભીર પડકાર તરીકે ઉભરી રહી છે.

ઈનોવેટર બાયોલોજિક ઉગઅ સેમાગ્લૂટાઈડ મોલેક્યુલ લગભગ એક દાયકાથી બજારમાં ઉપલબ્ધ છે. વૈશ્વિક સ્તરે સૌથી વધુ જેના પર અભ્યાસ થયો છે અને ઉપયોગમાં લેવાય છે તે સેમાગ્લૂટાઈડ ૪ ૯ મિલિયનથી વધુ દર્દી-વર્ષોના સમકક્ષ ઉપયોગનો અનુભવ ધરાવે છે. વિવિધ ક્લિનિકલ પરિસ્થિતિઓમાં થયેલા લગભગ ૫૦ ક્લિનિકલ ટ્રાયલ્સ દ્વારા તે સમર્થિત છે અને વિશ્વભરમાં લાખો દર્દીઓ દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

| ડોઝ (મિલીગ્રામમાં) | જુના ભાવ | નવા ઘટાડેલા ભાવ |
|---|---|---|
| પોવીઝટ્રા ૦.૨૫ | ૮,૭૯૦ | ૩,૯૯૯ |
| પોવીઝટ્રા ૦.૫ | ૧૧,૨૦૦ | ૪,૯૯૯ |
| પોવીઝટ્રા ૧ | ૧૧,૨૦૦ | ૫,૯૯૯ |
| પોવીઝટ્રા ૧.૭ | ૧૩,૦૦૦ | ૭,૯૯૯ |
| પોવીઝટ્રા ૨.૪ | ૧૫,૦૦૦ | ૮,૯૯૯ |

એમકયોર ફાર્માના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર સતીશ મહેતાએ જણાવ્યું હતું કે, પોવીઝટ્રા ઘટાડેલા ભાવો વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત વેઈટ મેનેજમેન્ટ થેરાપીને વ્યાપક પ્રમાણમાં દર્દીઓ માટે ઉપલબ્ધ કરાવવા અને સસ્તી બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. ભારતમાં સ્થૂળતાનો વધી રહેલો રોગચાળો ગંભીર ચિંતા બની રહ્યો છે. દેશમાં લગભગ ૨૫૪ મિલિયન લોકો સામાન્ય સ્થૂળતા સાથે જીવી રહ્યા છે અને ૩૫૧ મિલિયન લોકો પેટની સ્થૂલતા ધરાવે છે. વૈશ્વિક સ્તરે સ્થાપિત સેમાગ્લૂટાઈડ જેવા મોલેક્યુલ સુધી પહોંચ સુધારવી આ જાહેર આરોગ્ય પડકારને મોટા પાયે ઉકેલવા માટે જરૂરી છે.

સ્થૂળતા ૨૩૦થી વધુ આરોગ્ય સંબંધિત જટિલતાઓ સાથે જોડાયેલી છે, જેમાં હ્રદયસંબંધિત રોગો, ટાઈપ ૨ ડાયાબિટીસ, હાઈપરટેન્શન, ફેટી લિવર, ની ઓસ્ટિઓઆર્થ્રાઈટિસ, પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ, કિડની રોગ અને અલ્ઝાઈમર રોગનો સમાવેશ થાય છે. આ ભાવ ઘટાડા સાથે એમક્યોર ફાર્મા દર્દીઓ માટે સારવાર સુધી પહોંચ વધારવા, આરોગ્ય પરિણામો સુધારવા અને ભારતમાં વધતા સ્થૂળતાના ભારને પહોંચી વળવા નવીન સારવારને સમર્થન આપવાની પોતાની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનાવે છે.

# રાજકોટ ફરી સળગ્યું: મહત્તમ તાપમાન ૪૧.૯ ડિગ્રીએ આંબ્યું

## એક દિવસની રાહત બાદ તાપમાનમાં ૧.૨ ડિગ્રીનો વધારો: હજી બે દિવસ પારો ઉંચો રહેશે

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ફરી મહત્તમ તાપમાનનો પારો ઉંચકાયો છે. બુધવારે એક દિવસ તાપમાનનો પારો થોડો નીચો રહ્યા બાદ ગુરૂવારે ફરી શહેરમાં અગનવર્ષા થવા પામી હતી. ગઈકાલે ચાર શહેરોનું તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ રહેવા પામ્યું હતું. આગામી બે દિવસ હજી તાપમાનનો પારો થોડો ઉંચો રહેશે. આગામી રવિવાર અને સોમવારે રાજયના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. રાજકોટ સતત છઠ્ઠા દિવસે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. મે માસમાં હજી આકરી ગરમી પડશે.

રાજ્યવાસીઓને આગામી બે દિવસ ગરમીમાં કોઈ જ રાહત મળે તેવી શક્યતા નથી. આજે સવારે રાજકોટના આકાશમાં વાદળો છવાયા હતા. બફારાનો અનુભવ થઈ રહ્યો છે. રાજકોટમાં ગુરૂવારે એક જ દિવસમાં મહત્તમ તાપમાનમાં ૧.૨ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. ૪૧.૯ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. રાજ્યના ચાર શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું.

અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૪૦.૪ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૯.૩ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૯.૬ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૯.૯ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૯.૪ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૪.૮ ડિગ્રી, દમણ ૩૩.૮ ડિગ્રી, ભુજનું તાપમાન ૩૯.૭ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૫.૨ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૫ ડિગ્રી, કંડલા એરપોર્ટ ૩૭.૫ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૪૦.૩ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૭ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૧.૨ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૩.૪ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૪.૩ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૧.૯ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૨ ડિગ્રી, દિવનું તાપમાન ૩૨.૭ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૧ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૩.૨ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૮ ડિગ્રી નોંધાયું હતું. આગામી બે દિવસ હજી તાપમાનનો પારો ઉંચો રહેશે. રવિવાર અને સોમવારે રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. કાળઝાળ ગરમીમાં જનજીવન ત્રાહિમામ પોકારી ગયું છે. રાજ્યભરમાં આજે સવારે વાદળછાંયુ વાતાવરણ જોવા મળ્યું હતું. સવારના સમયે બફારાનો અનુભવ થઈ રહ્યો હતો.

# આરટીઈના ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસ: અવધિ વધારવા માંગ

## અત્યાર સુધીમાં ૨.૦૬ લાખ ફોર્મ ભરાયા: ચૂંટણીના કારણે ડોક્યુમેન્ટ એકત્રિત કરવામાં તકલીફ ઉભી થઇ હોલ મુદત વધારો

**અબતક, રાજકોટ**

આર્થિક હિત નબળા પરિવારના બાળકોને શ્રેષ્ઠ શાળામાં અભ્યાસ કરવાની તક મળે તે માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાઈટ ટુ એજયુકેશન હેઠળ બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવે છે ગત ૪ એપ્રિલથી આરટીઈના અરજી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરુ કરવામાં આવી છે. ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત આજે પૂર્ણ થઈ રહી છે. ચૂંટણીના કારણે ફોર્મ ભરવા માટેના જરુરી દસ્તાવેજ એકત્રિત કરવાની કામગીરી સામે અડચણ ઉભી થવા પામી હતી. જેના કારણે મુદતમાં વધારો કરવાની વાલીઓમાંથી માંગણી ઉઠી રહી છે.

રાજયભરમાં ગત ૪ એપ્રિલથી આરટીઈ હેઠળ શાળામાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન અરજી સ્વીકારવાની કામગીરી શરુ કરવામાં આવી છે. જેની મુદત આજે રાત્રે પૂર્ણ થઈ રહી છે. અત્યાર સુધીમાં રાજયભરમાંથી ૨.૦૬ લાખ આરટીઈ ફોર્મ ભરાયા છે. રાજયમાં હાલ સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો ધમધમાટ ચાલી રહ્યો છે. જેના કારણે આરટીઈના ફોર્મ ભરવા માટે જરુરી સરકારી દસ્તાવેજો એકત્રિત કરવા માટે વાલીઓએ થોડી મુશ્કેલી નડી હતી. જેના કારણે હજી હજારો વાલીઓ ફોર્મ ભરી શકયા નથી. આવામાં મુદતમાં એક સપ્તાહનો વધારો કરવાની માંગણી વાલીઓમાંથી ઉઠી રહી છે.

### અવસર આવ્યો લોકશાહીનો..

# રાજકોટ જિલ્લાના નાગરિકોએ મતદાનના શપથ લીધા

## મતદાન જાગૃતિ ઝુંબેશ હેઠળ કામદારોને ચૂંટણી પર્વમાં ભાગીદાર બનવા પ્રેરિત કરાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓમાં મહત્તમ મતદાન થાય તે માટે જાગૃતિ લાવવા માટે શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ઓદ્યોગિક સંસ્થાઓમાં મતદાન જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓ-કામદારોએ મતદાનના શપથ લીધા હતાં.

જિલ્લા રમતગમત અધિકારી દ્વારા રાજકોટ શહેરના વિવિધ રમતગમત સંકુલો જેવાકે ક્રિકેટ મેદાન, સ્વિમિંગ પૂલ રેસકોર્ષ ખાતે રાજકોટ શહેરના નાગરિકોએ મતદાન કરવા અંગે તથા અન્યોને મતદાન અંગે જાગૃત કરવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

શાપર ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ગુજરાત ઈન્ટ્રક્સ લિ. તથા મેટોડા , રાજકોટમાં આવેલી એન્જલ પમ્પ્સ પ્રાઈવેટ લિમિટેડ ખાતે મતદાન અને મતદાન જાગૃતિ અંગે ક્વિઝ સ્પર્ધા અને અવેરનેશ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં કામદારોએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે લોકશાહીમાં મતના મહત્વ અને મજબૂત રાષ્ટ્રના નિર્માણમાં નાગરિકોની ભૂમિકા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. ફેકટરીઓના કામદારોએ મતદાન કરવાના સંકલ્પ સાથે કોઈપણ લોભ-લાલચ વગર મતાધિકારનો ઉપયોગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

(પહેલા પાનાનું ચાલું)

**અંબાણી-અદાણી...**

વ્યક્તિ બની ગયા છે.આ વર્ષે અદાણીની સંપત્તિમાં ૮.૧ બિલિયન ડોલરનો વધારો થયો છે. માત્ર એક દિવસમાં જ તેમની સંપત્તિમાં અંદાજે ૩.૫૬ બિલિયન ડોલરનો જંગી વધારો જોવા મળ્યો હતો.

બીજી તરફ, મુકેશ અંબાણીની સંપત્તિમાં આ વર્ષે ૧૬.૯ બિલિયન ડોલરનો ઘટાડો થયો છે, જેને કારણે તેઓ બીજા ક્રમે સરકી ગયા છે. ટેસ્લાના માલિક એલોન મસ્ક ૬૫૬ બિલિયન ડોલર સાથે હજુ પણ દુનિયાના સૌથી અમીર માણસ છે. એલોન મસ્કની સંપત્તિ ગૌતમ અદાણી અને મુકેશ અંબાણીની સંયુકત સંપત્તિ કરતા પણ અનેકગણી વધારે છે. જ્યાં ગૌતમ અદાણી ૯૨ બિલિયન ડોલર અને અંબાણી ૯૦ બિલિયન ડોલરની આસપાસ છે.

**નેપાળ સરકાર...**

ન્યાયિક પેનલની રચના કરી છે. આ નિર્ણયથી દેશના રાજકીય અને અમલદારશાહી વર્ગમાં ખળભળાટ મચી ગયો છે.

આ તપાસના દાયરામાં ભૂતપૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહ, ૩ રાષ્ટ્રપતિઓ, ૨૦૦૫-૦૬ પછીના તમામ વડાપ્રધાનો અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સામેલ થશે. તેમાં બે વચગાળાના શાસકો, ઘણા મંત્રીઓ, બંધારણીય હોદ્દેદારો અને વરિષ્ઠ અમલદારોનો પણ સમાવેશ થાય છે. આ પેનલ રાજાશાહીના પતન પછીના સૌથી મોટા સ્તરની તપાસ હાથ ધરશે. આ તપાસમાં જે દિગ્ગજ નેતાઓ રડારમાં છે તેમાં અનેક મોટા નામો છે. આ યાદીમાં મુખ્યત્વે પૂર્વ રાષ્ટ્રપતિ રામ બરણ યાદવ, વિદ્યા દેવી ભંડારી અને વર્તમાન રાષ્ટ્રપતિ રામ ચંદ્ર પૌડેલ, પૂર્વ પીએમ ગિરિજા પ્રસાદ કોઈરાલા, પુષ્પ કમલ દહલ, માધવ કુમાર નેપાળ, ઝલનાથ ખનાલ, બાબુરામ ભટ્ટરાઈ, કેપી શર્મા ઓલી અને શેર બહાદુર દેઉબા, બે વચગાળાના વડાઓ ખીલરાજ રેગ્મી અને સુશીલા કાર્કી આશ્ચર્યજનક રીતે, મૃત્યુ પામેલા નેતાઓની સંપત્તિની પણ તપાસ કરવામાં આવશે, જેના કારણે તેમના પરિવારો અને રાજકીય વારસદારો પણ હવે કાયદાકીય સ્ક્રુટિની હેઠળ આવશે. આ તપાસનો વ્યાપ માત્ર વિપક્ષ કે પૂર્વ શાસકો પૂરતો સીમિત નથી. તેમાં બાલેન્દ્ર શાહની પોતાની રાજકીય ઈકોસિસ્ટમ સાથે જોડાયેલા લોકો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. વર્તમાન સ્પીકર ડોલ પ્રસાદ આર્યલ, મંત્રીઓ બિરાજભકત શ્રેષ્ઠા અને શિશિર ખનાલ તથા રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના પ્રમુખ રવિ લામિછાને પણ આ તપાસના દાયરામાં આવી શકે છે, કારણ કે તેમણે અગાઉની સરકારોમાં પણ પદો સંભાળ્યા હતા.કેબિનેટ પ્રવકતા સસ્મિત પોખરેલે જણાવ્યું હતું કે કાયદા અને પુરાવાના આધારે રાજકીય પદાધિકારીઓ અને વરિષ્ઠ અધિકારીઓની સંપત્તિની તપાસ કરવામાં આવશે. તેમણે ખાતરી આપી હતી કે કાનૂની ધોરણો મુજબ નિષ્પક્ષ તપાસ થશે અને તેનો રિપોર્ટ સરકારી એજન્સીઓ દ્વારા લાગુ કરવામાં આવશે. નોંધનીય છે કે રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીએ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના જોરે ૫ માર્ચની ચૂંટણીમાં ભવ્ય જીત મેળવી હતી અને ત્યારબાદ આ કમિશનની રચના કરવામાં આવી છે.

**ભારતનું અર્થતંત્ર...**

જોકે ભારત અત્યારે છઠ્ઠા સ્થાને છે, પણ આવતા વર્ષ સુધીમાં તે બ્રિટન અને જાપાન બંનેને પછાડીને ચોથા સ્થાને પહોંચી શકે છે. ઈન્ટરનેશનલ મોનિટરિંગ ફંડના ડેટા સૂચવે છે કે ૨૦૩૧ સુધીમાં ભારત જર્મની અને જાપાનને પાછળ છોડી વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ મજબૂત ડગલાં માંડી રહ્યું છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**ભાણવડ...**

૧.૨૮. ૮૮.૦૦૦ની કિંમતનો ૧૦,૭૪૦ બોટલ વિદેશી દારૂના જથ્થા સાથે ભાણવડના સાહિદ જુસબ સંધી નામના શખ્સની ધરપકડ કરી હતી. પોલીસે દારૂ, વાહન અને મોબાઈલ મળી રૂ. ૧.૪૬ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ઝડપાયેલા સાહિદ સંધીની પુછપરછમાં આ દારૂનો જથ્થો બાણવડના રાણપર ગામના ચના દેવા રબારીએ મંગાવ્યાનું કબુલાત આપી છે. પોલીસે ટ્રકના માલીક, દારૂનો જથ્થો મોકલનાર અને ડ્રાઈવર સહિત શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે. રાજકોટ રેન્જ દ્વારા પાડવામાં આવેલા દરોડાથી બુટલેગરોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

**કોંગ્રેસ...**

જીજ્ઞેશભાઈ મેવાણી, કાંતીભાઈ ખરાડી, કિરીટભાઈ પટેલ, ગુલાબસિંહ ચૌહાણ, દિનેશ ઠાકોર, અમૃત ઠાકોર, વિમલ ચુડાસમા, ઈમરાન ખડેવાલા અને અનંત પટેલ, ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, કબીર પીરજાદા, લલીત કગથરા, સાંસદ ગેનીબેન ઠાકોર, લાલજીભાઈ દેસાઈ, ઋત્વીક મકવાણા, ગ્યાસુદિન શૈખ, ડો. પ્રભાબેન તવિયાડ હિંમતસિંહ પટેલ, વિક્રમભાઈ માડમ, લલીતભાઈ વસોયા, જેનીબેન ઠુમ્મર, પગાતી આહિર, ગીતાબેન પટેલ, પ્રવિણભાઈ વાણોસ અને નરેન્દ્રભાઈ સોલંકીનો સમાવેશ કરાયો છે.

ભાજપ દ્વારા આગામી બે થી ત્રણ દિવસમાં સ્ટાર પ્રચારકોના નામની યાદીની જાહેરાત કરાશે.

**ડ્રાઈવીંગ લાઈસન્સ...**

નોંધણી કેન્સલ કરાવવા ૩૦ દિવસની મુદત કરાય છે. વીમા વગરનું વાહન : પ્રથમ વાર પકડાવા પર રૂ. ૫,૦૦૦ અને બીજી વાર રૂ. ૧૦,૦૦૦ સુધીનો દંડ થઈ શકે છે. સજા નહીં, સુધારણાનો સરકારનો અભિગમ અપનાવવામાં આવ્યો છે.

ભૂતપૂર્વ આરટીઓ જે.એન. બારેવાડિયાએ કહ્યું કે, જણાવ્યું કે, નવા સુધારા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ટ્રાફિકના નિયમો પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો છે. સજાના કડક વલણને બદલે વહીવટી પ્રક્રિયાને વધુ સરળ બનાવી લોકોને નિયમ પાલન માટે સમય અને તક આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

# દુ:ખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** રાજકોટ નિવાસી સ્વ. તરૂણાબેન કિશોરભાઈ મહેતા (ઉ.વ.૭૮) તે કિશોરભાઈ છબીલદાસ મહેતાના પત્ની તથા આશાબેન ધીરેન્દ્રભાઈ મહેતાના દેરાણી અને દેવલ પરાગ દોશી, સેજલ તુષાર શાહ અને સપના પરાગ શાહના માતા અને સ્વ. જયવંતલાલ જગજીવનદાસ મીઠાણીના પુત્રી તેમજ સી.એ. ભરત મીઠાણી અને મિલન મીઠાણીના બહેનનું તા. ૧૫ના રોજ બુધવારે અવસાન થયેલ છે.

**ગોંડલ:** સ્વ.ભાલચંદ્રભાઈ બાબુલાલ પારેખ નાં પુત્ર જીતેન્દ્રભાઈ (ઉ.૫૬) તે બિપીનચંન્દ્ર, સુરેશચંદ્ર નાં ભત્રીજા, લતાબેન કકુભાઈ ગાંધી નાં ભાઈ, સ્વ.શાંતિલાલ મહેતા,દિલીપભાઈ મહેતા, ચંદ્રકાંતભાઈ મહેતાનાં ભાણેજ નું તા.૧૫ નાં રોજ અવસાન થયુ છે. સદગત ઉઠમણું તા.૧૮ સવારે ૧૦ કલાકે દાદા ડુંગર ઉપાશ્રય નાનીબજાર ખાતે તથા પ્રાર્થના સભા સવારે ૧૧ કલાકે બેનાણીવાડી,વચલી શેરી ગોંડલ ખાતે રાખેલ છે.

**જામનગર:** સ્વ. બાલમુકુન્દ વિનોદચંદ્ર સારડા (ઉ.વ.૭૪) તે રશ્મિબેનના પતિ, ચિતન, ચાંદની સારડાના પિતા, ચંદ્રેશ, અંકિતા સારડાના સસરાનું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૭ ના રોજ સાંજે ૫.૩૦ થી ૬ દરમિયાન હેમેશ્વર મહાદેવ મંદિર, પંચેશ્વર ટાવર પાસે, જામનગર ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ઉનામાં સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા રવિવારે પરશુરામ જયંતિની ઉજવણી

**અબતક, નવીનભાઈ જોશી, ઉના**

વિષ્ણુ ભગવાન ના છઠ્ઠો અવતાર બ્રાહ્મણો નો આરાધ્ય દેવ અજરા અમર ભગવાન, પરશુરામ ભગવાન નો જન્મ ઉત્સવ ઊના સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભવ્ય રીતે તા. ૧૯/૪/૨૬ ને રવિવારે ઉજવવા માં આવશે બપોર ના ત્રણ વાગે ટાવર ચોક પાસે આવેલા બ્રહ્મ સમાજ ની વાડી એ તમામ તડ ગોળ ના બ્રાહ્મણો પોતાના કામ ધંધા બંધ રાખી બહોળી સંખ્યા માં હાજરી આપશે પ્રથમ, પરશુરામ ભગવાન નુ પૂજન કરવામાં આવશે ત્યાર શણગારેલ રથ માં પરશુરામ ભગવાન ની મૂર્તિ મૂકી ભવ્ય શોભા યાત્રા શરૂ કરવામાં આવશે જે શહેર ના મુખ્ય માર્ગો ઉપર ફરી ઊના ની કન્યા વિધાલય ના મેદાન માં પૂર્ણ થશે ત્યાર બાદ સમૂહ મહાઆરતી, દાતાઓનું સન્માન સમૂહ મહાપ્રસાદ (ભોજન) યોજાશે જેમા ઊના શહેર અને તાલુકા ના તમામ બ્રહ્મ સહ પરિવાર ભોજન લેશે અને સંગીત સંધ્યા યોજાશે જેમા બ્રહ્મ પરિવાર ના કલાકારો તેમની કલાઓ રજૂ કરશે આ કાર્યક્રમ સફળ બનાવવા, પરશુરામ યુવા સંસ્થાન, સમસ્ત બ્રહ્મ સમાજ, સમૂહ લગ્ન સમિતિ, બ્રહ્મ સમાજ કર્મચારી મંડળ, ઉન્નતપુરમ સંસ્કૃત પાઠશાળા ના તમામ આગેવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

### સ્વ.માવજીભાઈ અને સ્વ.ઉર્વિશ પાંચાણી આત્મકલ્યાણ અર્થે

# ઉપલેટાઃ માનવ સેવા ટ્રસ્ટ અન્નક્ષેત્ર દ્વારા રવિવારે સર્વરોગ નિદાન કેમ્પ

### ગ્રાહક સુરક્ષા મંડળના સંયુક્ત ઉપક્રમે આંખોના ઓપરેશન તેમજ હાથ, પગ, કમર સહિતના કોઈપણ દુઃખાવા માટે સારવાર

**અબતક, કિરીટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા શહેરમાં ૩૦ વર્ષથી પણ વધુ સમયથી અનેક પ્રકારની માનવતાવાદી સેવા કાર્ય કરતી સંસ્થા શ્રી માનવ સેવા ટ્રસ્ટ તેમજ રાજકોટ શહેર/જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ ઉપલેટા શાખાના સંયુક્ત પ્રયાસથી આંખોના ઓપરેશન તેમજ હાથ, પગ, કમર, મણકાના દુઃખાવા તેમજ લેસર ગન થી સ્થળ ઉપર કોઈપણ દુઃખાવામાં સારવાર




કરી આપવામાં આવશે. તા. ૧૯ ને રવિવાર સવારે વાંઝા સમાજની વાડી, સિદ્ધાર્થ ચેમ્બર ની પાછળ, જવાહર રોડ ઉપલેટા ખાતે સવારે ૯ થી ૧ વાગ્યા સુધી કેમ્પ ચાલશે.

આ કેમ્પમાં ડો. તેજસ્વી વોરા (શ્રીજી હોસ્પિટલ વાળા) હરસ, મસા, ભગંદર, પથરી, કીડની સ્ટોન કે કોઈપણ પ્રકારના ઓપરેશન માટે નિદાન કરી આપશે તેમજ ધ્રુવ આયુર્વેદિક હોસ્પિટલ સુપેડીના ડોક્ટર સ્થળ ઉપર નિદાન સારવાર કરી આપશે.


આ કેમ્પમાં કોઈપણ દુખાવા માટે લેસર ગનથી માલીશ કરી આપવામા આવશે તેમજ પ્રોફેસર હીરાલાલ મોરી સાહેબ સુજોક નિદાન સારવાર કરી આપશે. આ કેમ્પમાં દર્દીઓને ડાયાબિટીસ, બીપી, કોલેસ્ટ્રોલ કે અન્ય તપાસ વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

આ કેમ્પમાં આંખના ઓપરેશન માટે આવતા દર્દીઓએ આધાર કાર્ડ ની બે ઝેરોક્ષ સાથે રાખવી ફરજિયાત છે. આ કેમ્પમાં આવતા દર્દીઓને સારામાં સારી નેત્રમણી વિનામૂલ્યે ફિટ કરી આપવામાં આવશે. વધુ માહિતી માટે લાલજીભાઈ રાઠોડ મો.નં.૮૦૦૦ ૩૮૨ ૩૮૨, ડો.અર્જુન બાબરીયા અથવા સંજયભાઈ માકડીયાનો સંપર્ક કરવો.

# ઉપલેટાઃ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા પશુરામ જન્મ જયંતિ નિમિત્તે રવિવારે શોભાયાત્રા મહાઆરતી અને સમુહ પ્રસાદમાં જોડાવા અપીલ

### સંપૂર્ણ કાર્યક્રમના દાતા જીજ્ઞાબેન જીજ્ઞેશભાઈ વ્યાસ પરિવાર રહેશે

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**



ઉપલેટા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૯મી રવિવારે પશુરામ જન્મ જયંતિની ધામધુમ પૂર્વક ઉજવણીનું આયોજન કરવાનું કરવામાં આવતા અત્યારથી જ શોભાયાત્રાની તાડમાર તૈયારી શરુ કરી દેવામાં આવી છે.

સમસ્ત બ્રહ્મસમાજ કારોબારી સમીતીની એક મીટીંગ બ્રહ્મભવન ખાતે મળી હતી જેમાં દર વર્ષની જેમ બ્રહ્મસમાજના આધ્યાયદેવ ભગવાન પરશુરામ જયંતિની ઉજવણી અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં આગામી તા. ૧૯મી ને રવિવારે બપોરે ચાર કલાકે બસ સ્ટેન્ડ પાછળ આવેલ ત્રિલોકનાથ મહાદેવ ના મંદિરેથી શાસ્ત્રોકિત પૂજન વિધી બાદ ભગવાન પરશુરામની ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન થશે. આ શોભાયાત્રાનું પ્રસ્થાન થશે આ શોભાયાત્રા કોલકી રોડ બસ સ્ટેન્ડ ચોક, રાજ માર્ગ ગાંધી ચોક, ભાદર રોડ, અશ્વિન ચોક સહીત મુખ્ય માર્ગ પર ફરી સમસ્ત બ્રહ્મ સમાજે શોભાયાત્રાની મંગલ પુર્ણાહુતિ કરવામાં આવશે. ત્યારબાદ સંધ્યા સમયે ભૂદેવોના આધ્યદેવ ચિરંજીવી ભગવાન પરશુરામની મહાઆરતી કરવામાં આવશે. આરતી બાદ સમાજ ભવનમાં સમુહ જ્ઞાતિ પ્રસાદ ભોજનનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ સંપૂર્ણ કાર્યક્રમના ખર્ચના દાતા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ જયંતિલાલ વ્યાસ તેમજ નગર પાલિકાના ઉપપ્રમુખ અને સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ પરિવાર રહેશે તો ભગવાન પરશુરામ જન્મ જયંતિ ની ઉજવણીમાં સમસ્ત બ્રહ્મસમાજના ભાઈ-બહેનો યુવાનો અને આમંત્રિકોને પધારવા સમસ્ત બ્રહ્મ સમાજે અખબારી યાદીમાં જણાવેલ છે. આ મીટીંગમાં જીજ્ઞેશભાઈ વ્યાસ, મનિષભાઈ ત્રિવેદી, બીપીનભાઈ પંડયા, હેમતભાઈ ડેકિવાડીયા, યોગેશભાઈ પંડ્યા, નટુભાઈ ત્રિવેદી, મુકેશભાઈ પંડ્યા અને નિખિલભાઈ જોષી હાજર રહ્યા હતા.

# ધ્રાંગધ્રાઃ નવલગઢની બી.ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓને ગુડ ટચ-બેડ ટચના પાઠ ભણાવાયા

### સાયબર ફ્રોડથી બચવા પોલીસ દ્વારા સોશિયલ મીડિયા તથા ઓનલાઈન પ્લેટફોર્મની જવાબદારી પૂર્વક ઉપયોગ કરવા માર્ગદર્શન અપાયું



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના નવલગઢ ગામે આવેલ બી ફાર્મસી કોલેજ ખાતે વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ ધ્રાંગધ્રા પોલીસ દ્વારા યોજાયો હતો, જેમાં વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમથી બચવાના ઉપાયો તેમજ ગુડ ટચ-બેડ ટચ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી કાર્યક્રમ દરમિયાન પોલીસ અધિકારીઓએ આજના ડિજિટલ યુગમાં વધી રહેલા સાયબર ગુનાઓ વિશે વિદ્યાર્થીઓને ચેતવણી આપી અને સોશિયલ મીડિયા તથા ઓનલાઈન પ્લેટફોર્મનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા માર્ગદર્શન આપ્યું. સાથે જ, અજાણ્યા લિંક્સ, ફેક કોલ્સ અને ઓટીપી શેરિંગ જેવી બાબતોમાં સાવચેતી રાખવાની ખાસ સૂચનાઓ આપવામાં આવી. આ ઉપરાંત, ગુડ ટચ અને બેડ ટચ વિષય પર પણ સંવેદનશીલ રીતે સમજણ આપવામાં આવી, જેથી વિદ્યાર્થી પોતાનું સુરક્ષિત વાતાવરણ જાળવી શકે અને કોઈ અનિચ્છનીય પરિસ્થિતિમાં તરત જ યોગ્ય પગલાં લઈ શકે. કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ આ પહેલને સરાહનીય ગણાવી અને ધ્રાંગધ્રા પોલીસનો આભાર વ્યક્ત કર્યો.

# ધ્રાંગધ્રાઃ શિતળા માતા મંદિર પાસેની તલાવડીમાં વલખા મારતી ૨૦૦ માછલીઓનું સફળ રેસ્ક્યુ

### વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુઅર જયેશકુમાર ઝાલાની ટીમ દ્વારા નદીમાં મુક્ત કરાઈ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા શહેરમાં શીતળા માતા મંદિર પાસે આવેલ તલાવડીમાં પાણીની અછતને કારણે આશરે ૨૦૦થી વધુ માછલાઓ વલખા મારતી હોવાની ઘટના સામે આવી હતી. આ અંગે ધાંગધ્રા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કુલદીપસિંહ ઝાલા તેમજ લાલજીભાઈ મેવાડા દ્વારા જાણ કરતા વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુઅ ર જયેશકુમાર ઝાલા અને ઓમ ઝાલા ટીમ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું માછલાઓને બચાવવા તાત્કાલિક કામગીરી જરૂરી જણાતા ધાંગધ્રા નગરપાલિકા પાસે જેસીબી અને ટ્રેક્ટરની માંગ કરતા નગરપાલિકાએ ટ્રેક્ટર અને જેસીબી સ્થળ પર મોકલી આપ્યા હતા. સ્થાનિક સહયોગીઓના સહકારથી તમામ માછલાઓને સુરક્ષિત રીતે બહાર કાઢી નજીકની નદીમાં મુક્ત કરવામાં આવી હતી આ રેસ્ક્યુ કામગીરીમાં હકુભા જાડેજા, રાજભા જાડેજા, ભરતભાઈ વાલોદરા, રવિભાઈ પુરબીયા અને કેશાભાઈ સહિતના સેવાભાવી લોકોએ મહત્વપૂર્ણ સહકાર આપ્યો હતો.

# ધ્રોલઃ ચામુંડા પ્લોટમાં 'પોષણ પખવાડિયા' અંતર્ગત આયુર્વેદિક કેમ્પ યોજાયો

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ આયુષ નિયામકની કચેરી અને જિલ્લા આયુર્વેદ અધિકારી જામનગરના માર્ગદર્શન હેઠળ ધ્રોલના ચામુંડા પ્લોટની આંગણવાડી (કોડ-૬૯) ખાતે વિશેષ આયુર્વેદિક આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. 'પોષણ પખવાડિયુ-૨૦૨૬' અંતર્ગત આઈ.સી.ડી.એસ. વિભાગ અને આયુષ્માન આરોગ્ય મંદિર (મોટા ઈટાળા) દ્વારા આયોજિત આ કેમ્પની થીમ 'બાળપણના પહેલા છ વર્ષ પોષણ અને ભણતર માટે ઉત્તમ' રાખવામાં આવી હતી.



કેમ્પમાં મેડિકલ ઓફિસર ડો. જે.પી. સોનગરાએ બાળકોની તપાસ કરી આયુર્વેદિક દવાઓ આપી હતી, જ્યારે સગર્ભા માતાઓને 'ગર્ભિણી પરિચર્યા' અંતર્ગત માસિક કાળજી અને આહારનું માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે સીડીપીઓ નર્મદાબેન થોરીયા અને સુપરવાઈઝર પૂજાબેન ધામેચાએ આયુર્વેદિક જીવનશૈલીનું મહત્વ સમજાવ્યું હતું. લાભાર્થીઓને શૈક્ષણિક પત્રિકાઓ સહિત ફ્રુટ અને દૂધની કીટનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સ્થાનિક આંગણવાડી વર્કરોએ જહેમત ઉઠાવી હતી.

# ગોંડલઃ ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કુલની સીબીએસઈ ધો.૧૦નું ૧૦૦% પરિણામની સિધ્ધી

### શાળાનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓને શાળા પરિવારે આપ્યા આશિર્વાદ

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા જાહેર કરવામાં આવેલ ધોરણ-૧૦ના પરિણામમાં ગોંડલની ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. સ્કૂલનું આ વર્ષનું પણ પરિણામ ૧૦૦% આવ્યું છે. આ પરીક્ષામાં સ્કૂલના તેજસ્વી વિદ્યાર્થી તરૂ મારુએ ૯૭.૬૦% ગુણ મેળવીને સ્કૂલમાં તેમજ સેન્ટર પર પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ગૌરવવંતું શ્રેય હાંસલ કર્યું છે.

ધાર્મી સંતોકીએ ૯૫.૮૦% ગુણ સાથે દ્વિતીય સ્થાન અને વેદ ભંડેરીએ ૯૪.૨૦% ગુણ સાથે તૃતીય સ્થાન પ્રાપ્ત કરી સ્કૂલની શૈક્ષણિક પરંપરાને આગળ ધપાવી છે.

સીબીએસઈ ધોરણ-૧૦ નું શ્રેષ્ઠ પરિણામથી વિદ્યાર્થીઓની આ સફળતાને બિરદાવતા ગંગોત્રી ગ્રુપ ઓફ સ્કૂલના ફાઉન્ડર અને ચેરમેન સંદીપ છોટાળાએ, આચાર્ય અને સમગ્ર ગંગોત્રી પરિવારના સભ્યોએ હર્ષની લાગણી વ્યક્ત કરી છે. તમામ ઉતીર્ણ વિદ્યાર્થીઓને આ સફળતા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને તેઓ આગામી સમયમાં આપણ ભારત દેશનું નામ રોશન કરે તેવી ઉમદા શુભેચ્છાઓ સહ પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

# કાલાવડઃ નવનિયુકત પી.આઈ. આકાશ બારસિયાની શુભેચ્છા મુલાકાત લેતા અગ્રણીઓ



**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે નવ નિયુકત પી.આઈ. આકાશ બારસિયાની શુભેચ્છા મુલાકાત માટે આહિર સમાજના અગ્રણી યોગેશભાઈ જોગલ (અમૃત જવેલર્સ - રાજકોટ) ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કાલાવડ તાલુકાના 'અબતક'ના પત્રકાર રાજુભાઈ રામોલિયા, કૌશિકભાઈ ગમઢા તેમજ કૃષિલ વાદી સહિતનાઓ દ્વારા નવ નિયુક્ત પી.આઈ. આકાશ બારસિયાને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

આ તકે યોગેશભાઈ જોગલ અને કાલાવડના પત્રકારો દ્વારા મોમેન્ટો અર્પણ કરી સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા અને તેમની નવી જવાબદારી માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

# કાલાવડઃ ખોડિયાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રવિવારે નેત્ર યજ્ઞ

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

કાલાવડ શિતલા ખાતે રેગ્યુલર યોજાતા ૨૫૬મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ ખોડિયાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ખોડિયાર હોલ ખાતે તા. ૧૯ને રવિવારના રોજ સવારના ૮ થી ૧૧ રાખવામાં આવેલ છે. જેમાં વિનામુલ્યે નેત્રનિદાન મોતિયાના ઓપરેશન વગેરે સારવાર કરી આપવામાં આવશે. આ કેમ્પમાં વિરનગરના નિષ્ણાંત ડોક્ટરો સેવા આપશે દર્દીને તેડી મુકી જવાની સુવિધા પણ વિનામુલ્યે રાખેલ છે.

આ કેમ્પમાં જરૂરિયાત વાળા દર્દીઓએ લાભ લેવા ખોડિયાર ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ જે.ટી. પટેલ તથા વિનુભાઈએ અપીલ કરેલ છે.

### સેવા ભારતી ગુજરાત પ્રેરિત

# કાલાવડઃ લક્ષ્મણરાવ ઈનામદાર સ્મૃતિ સિમિત દ્વારા રવિવારે સર્વરોગ નિદાન કેમ્પ

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

સેવા ભારતી ગુજરાત પ્રેરિત લક્ષ્મણરાવ ઈનામદાર સ્મૃતિ સમિતિ - જામનગર તથા સ્વ. ડો. મહેશભાઈ દેવજીભાઈ શુકલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકર ની જન્મ જયંતી નિમિત્તે સર્વરોગ નિદાન કેમ્પ અને રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ ૧૯/૪/૨૦૨૬, રવિવારસમયઃ સવારે ૯ થી બપોરે ૧૨ સ્થળ શિશુ મંદિર, મોટું ભવન, સિનેમા રોડ, કાલાવડ (શીતલા)આ આરોગ્ય સેવાકીય કેમ્પમાં જી.જી. હોસ્પિટલ, જામનગરના તજજ્ઞ ડોકટરો પોતાની નિષ્ણાત સેવાઓ આપશે. કેમ્પ દરમિયાન વિવિધ રોગોના નિદાન સાથે જરૂરિયાતમંદ દર્દીઓને સ્થળ પર જ મફત દવાઓ આપવામાં આવશે. સાથે સાથે રક્તદાન જેવા માનવસેવાના પવિત્ર કાર્યમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે અપીલ કરવામાં આવી છે.

આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ સમાજના દરેક વર્ગના લોકોને આરોગ્ય સુવિધા સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો તેમજ માનવ સેવા અને સમાજ સેવા ના ભાવને પ્રોત્સાહિત કરવાનો છે. આયોજકો દ્વારા તમામ નાગરિકોને આ સેવાકીય કેમ્પનો લાભ લેવા તથા રક્તદાન કરીને માનવ જીવન બચાવવા માટે સહભાગી થવા વિનંતી કરવામાં આવી છે.

# વડીયાના કૃષ્ણપરા ઢોળવા નાકા વિસ્તારમાં ગંદકીના ગંજ-ગટરના ઉભરાતા પાણીથી લોકો પરેશાન

### ગામમાં સફાઈ ના અભાવની અનેક ફરિયાદો છતાં ઉકેલ આવતો ન હોવાનો ગ્રામજનોને વસવસો



**અબતક, માહિર સુમરા, વડીયા**

અમરેલીના છેવાડાના વડીયા ગામમાં સફાઈના અભાવે ગંદકીના ગંજ ખડકાઈ ગયા છે અને પંચાયતના પદાધિકારીઓ સ્વચ્છતા અંગે કોઈ ધ્યાન આપતા ન હોવાની ગ્રામજનોએ ફરિયાદ કરી છે.

વડીયા ના કૃષ્ણપરા ઢોળવા નાકા વિસ્તારમાં ગંદકીની સમસ્યા થી લાંબા સમયથી લોકો પીડાય રહ્યા છે, રોજિંદો કચરો, રસ્તા પર ગટરના પાણી ઉભરાવવાની સમસ્યાથી સમગ્ર વિસ્તારમાં મચ્છર અને ગંદકી થી નગરજનો ત્રાહિમામ પોકારી ગયા છે જાગૃત નાગરિકો દ્વારા આ અંગે ગ્રામ પંચાયતમાં અનેક વાર રજૂઆત કરવા છતાં કોઈ પગલા ભરાતા નથી. વડીયા ના કૃષ્ણપરા ઢોળવા નાકા માં ગટર ઉભરાવવાના કારણે વિસ્તારમાં પાણી ઘરમાં ઘૂસી જવાની સમસ્યા અને જીવ જંતુ સાપ જેવા જનાવર ના ઉપદ્રવની સતત ફરિયાદ રહે છે, ઉનાળાના સમયમાં લોકોને ખુલામાં સુવામાં દુર્ગંધ અને મચ્છરોની સમસ્યા નડી રહી છે તાજેતરમાં ગટરનાકાદવ માં ફસાઈને બે વાછરડાના મોત પણ થયા હતા, વડીયા નીકૃષ્ણપરા ઢોળવા નાકા નીગંદકીની આ સમસ્યા સત્વરે દૂર કરવા અને સફાઈ ના અભાવ માટે જવાબદાર પદાધિકારીઓ સામે પગલાં લેવા જાગૃતિ નાગરિકોએ પંચાયત સમક્ષ માંગ કરી છે.

# લાઠીઃ નાયબ કલેકટર બ્રહ્મભટ્ટે મતદાન મથકો પર વ્યવસ્થા અંગે કર્મચારીઓને આપ્યું માર્ગદર્શન



**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ જાહેર થતાં જ વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ તેજ કરવામાં આવી છે. લાઠી તાલુકા પંચાયતની ચૂંટણીને પારદર્શક અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવા માટે તંત્ર દ્વારા પૂર્વ તૈયારીના તમામ તબક્કા ઝડપી ગતિએ પૂર્ણ કરવામાં આવી રહ્યા છે. નાયબ કલેકટર બ્રહ્મભટ્ટની અધ્યક્ષતામાં મતદાન પ્રક્રિયા અંગે માર્ગદર્શન અને તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

તાલીમ દરમિયાન મતદાન મથકોની વ્યવસ્થા, મતદાન પ્રક્રિયાની કાયદેસરની કામગીરી, તેમજ મતદાન દરમિયાન કોઈપણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ દરમિયાન લાઠી મામલતદાર કચેરી, પ્રાંત કચેરી, નગરપાલિકા કર્મચારીઓ અને તલાટી મંત્રી સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

લાઠી તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનારી ઈવીએમ મશીનો તથા અન્ય જરૂરી સાધન સામગ્રી પ્રાંત કચેરી ખાતે પહોંચાડવામાં આવી છે.

વહીવટી તંત્રના જણાવ્યા મુજબ તા. ૨૬ એપ્રિલના રોજ તાલુકાના તમામ ગામોમાં મતદાન મથકો સ્થાપિત કરવામાં આવશે અને મતદાન પ્રક્રિયા સુચારુ અને પારદર્શક રીતે પૂર્ણ થાય તે માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

# રાજકોટઃ કોર્ટ બિલ્ડિંગમાં પોસ્ટ ઓફિસનો પ્રારંભ

### ડિસ્ટ્રિક્ટ જજ જે.આર. શાહ, બાર એસો.પ્રમુખ સુમિત વોરા સહિત અગ્રણી વકીલો રહ્યા ઉપસ્થિત

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર પાસે નવા કોર્ટ બિલ્ડિંગ ખાતે નવી પોસ્ટ ઓફિસનો પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ જે. આર. શાહની ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો.

નવા કોર્ટ બિલ્ડિંગની એ. વિંગ ગ્રાઉન્ડ ફ્લોરમાં ઝેરોક્ષ સેન્ટરની બાજુમાં શરૂ કરવામાં આવેલી આ નવી પોસ્ટ ઓફિસના ઉદઘાટનમાં રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ સુમિત વોરા, સેક્રેટરી નીલેશ પટેલ સહિતના હોદ્દેદારો કારોબારી સભ્યો, પૂર્વ પ્રમુખ પરેશભાઈ મારૂ અને મોટી સંખ્યામાં સિનિયર અને વકીલો ઉપસ્થિત રહ્યા હતા. આ નવી પોસ્ટ ઓફિસમાં હાલ પોસ્ટલ, સ્ટેમ્પ્સ, રજિસ્ટર એડી સેવાઓ શરૂ કરવામાં આવી છે. નજીકના ભવિષ્યમાં બીજી જુદી જુદી સેવાઓ પણ શરૂ કરવામાં આવનાર હોવાનું જણાવાયું છે.

પંજાબના ''શેરો'' ટોચ પર

# મુંબઈ ઈન્ડિયન્સ સામે પંજાબનો ''કિંગ્સ'' સાઈઝ વિજય

## ક્વિન્ટન ડી કોકની સદી છતાં મુંબઈનો સાત વિકેટે કારમો પરાજય, પ્રભસિમરન અને કેપ્ટન શ્રેયસ ઐયરની શાનદાર બેટિંગ



**અબતક, રાજકોટ**

ઓપનર ક્વિન્ટન ડી કોકે શાનદાર સદી ફટકારી હોવા છતાં બાકીના બેટર્સની નિષ્ફળતા અને ખ્યાતનામ બોલર્સની દિશાહીન બોલિંગ સાથેની નિષ્ફળતાને પરિણામે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સને ફરી એક વાર પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પંજાબ કિંગ્સ સામેની લીગ મેચમાં તેનો સાત વિકેટે શરમજનક પરાજય થયો હતો. આમ પંજાબે આ સફળતા સાથે આ સિઝનમાં તેની વિજયકૂચ જાળવી રાખી હતી તો મુંબઈનો આ ચોથો પરાજય હતો.પંજાબ કિંગ્સ માટે ઓપનર પ્રભસિમરન સિંઘ અને કેપ્ટન શ્રેયસ ઐયરે મજબૂત બેટિંગ કરીને ટીમનો વિજય આસાન બનાવી દીધો હતો. અહીંના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં મુંબઈ ઈન્ડિયન્સે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૯૫ રનનો નોંધપાત્ર સ્કોર રજૂ કર્યો હતો પંરતુ તેની બોલિંગની નબળાઈ આ વખતે પણ છતી થઈ ગઈ હતી કેમ કે પંજાબ કિંગ્સે માત્ર ૧૬.૩ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો. આ સાથે પંજાબ પોઈન્ટ ટેબલમાં નવ પોઈન્ટ સાથે મોખરે પહોંચી ગયું હતું. ૧૯૬ રનના ટારગેટ સામે રમતાં પંજાબ કિંગ્સે પ્રિયાંશ આર્યા (૧૫) અને કૂપર કોનોલી (૧૭)ની વિકેટ શરૂઆતમાં જ ગુમાવી દીધી હતી પરંતુ પ્રભસિમરન અને શ્રેયસ ઐયરે મળીને ત્રીજી વિકેટ માટે ૬૬ બોલમાં ૧૩૯ રનની ભાગીદારી નોંધાવીને ટીમને આસાનીથી ટારગેટની નજીક પહોંચાડી દીધી હતી. પ્રભસિમરન ૩૯ બોલમાં બે સિક્સર અને ૧૧ ચોગ્ગા સાથે અણનમ ૮૦ રન ફટકાર્યા હતા.કેપ્ટન શ્રેયસ ઐયરે ૩૫ બોલમાં ચાર સિક્સર અને પાંચ ચોગ્ગા સાથે ૬૬ રન ફટકાર્યા હતા. તેની વિકેટ પડી ત્યારે પંજાબનો વિજય નિશ્ચિત થઈ ગયો હતો. મુબઈ માટે આ મેચમાં પણ જસપ્રિત બુમરાહ એકેય વિકેટ લઈ શક્યો ન હતો.અગાઉ ક્વિન્ટન ડી કોકની શાનદાર સદી અને નમન ધીર સાથેની તેની સદીની ભાગીદારીથી મુંબઈ ઈન્ડિયન્સે પડકારજનક સ્કોર રજૂ કર્યો હતો. પ્રારંભમાં જ ૧૨ રનમાં બે વિકેટ ગુમાવી દીધા બાદ ડી કોક અને નમને મળીને ત્રીજી વિકેટ માટે ૬૮ બોલમાં ૧૨૨ રનની ભાગીદારી નોંધાવી હતી જેણે મુંબઈની ઈનિંગ્સને મજબૂતી પ્રદાન કરી હતી. સિઝનમાં અત્યાર સુધી પ્લેઈંગ ઈલેવનમાં પણ સ્થાન નહીં મેળવી શકનારા ક્વિન્ટન ડી કોકને ઓપનર રોહિત શર્મા ઘાયલ થતાં ટીમમાં સામેલ કરાયો હતો જેનો તેણે ભરપુર ફાયદો ઉઠાવ્યો હતો. તેણે માત્ર ૬૦ બોલમાં આઠ ચોગ્ગા અને સાત સિક્સર સાથે અણનમ ૧૧૨ રન ફટકાર્યા હતા તો નન ધીરે પણ એવી જ શાનદાર બેટિંગ કરીને ૩૧ બોલમાં ૫૦ રન ફટકાર્યા હતા જેમાં ત્રણ સિક્સર અને ત્રણ ચોગ્ગાનો સમાવેશ થતો હતો.

ક્વિન્ટન ડી કોક માટે ૨૦૨૨ બાદ આઈપીએલમાં આ પ્રથમ સદી હતી.

### હું કઈ જાજું કેવા માંગતો નથીઃ હાર્દિક પંડ્યા

મુંબઈ ઈન્ડિયન્સની હાલત આ સીઝનમાં દયાજનક બની ગઈ છે. પંજાબ કિંગ્સ સામેની શરમજનક હાર બાદ કેપ્ટન હાર્દિક પંડ્યાનો પિત્તો ગયો છે. પંડ્યાએ સ્પષ્ટ સંકેત આપ્યા છે કે હવે ટીમમાં 'નામ' જોઈને નહીં પણ 'કામ' જોઈને જગ્યા મળશે અને નિષ્ફળ ગયેલા દિગ્ગજોને બહારનો રસ્તો દેખાડવામાં આવશે.મેચ બાદ હાર્દિક પંડ્યાએ પોતાની નારાજગી છુપાવી નહોતી. તેણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, અમારે જોવું પડશે કે શું હવે કઠિન નિર્ણયો લેવાની જરૂર છે કે પછી અમે આમ જ ચાલતા રહીશું. આ સવાલોના જવાબ અમારે જ આપવા પડશે અને જવાબદારી પણ લેવી પડશે. પંડ્યાએ સ્વીકાર્યું કે પંજાબે દરેક વિભાગમાં મુંબઈને પછાડ્યું છે.

### મુંબઈ પોઈન્ટ ટેબલમાં નવમા સ્થાને પહોંચ્યું!


લગાતાર હારને કારણે મુંબઈ હવે પોઈન્ટ ટેબલમાં નવમા નંબરે છે. જો હવે પછીની એક-બે મેચમાં કમબેક નહીં થાય, તો પ્લેઓફની રેસમાંથી બહાર થવું લગભગ નક્કી છે. પંડ્યા હવે 'ડ્રોઈંગ બોર્ડ' પર જઈને આખી પ્લાનિંગ બદલવાની તૈયારીમાં છે.

### શ્રેયસના અદભુત કેચે રોહિત સૂર્યાનું મોં ખુલ્લું રાખી દીધું




શ્રેયસ ઐયરે તેના સાથી ઝેવિયર બાર્ટલેટ સાથે મળીને બાઉન્ડ્રી લાઈન પર એક અદ્ભુત કેચ પકડ્યો. બાઉન્ડ્રી પર શ્રેયસ ઐયર દ્વારા બતાવેલ ચપળતા જોઈને મુંબઈ ઈન્ડિયન્સના ડગઆઉટમાં હાજર રોહિત શર્મા પણ આશ્ચર્યચકિત થઈ ગયો. રોહિતે આપેલી પ્રતિક્રિયા વાયરલ થઈ રહી છે.આ કેચથી વાનખેડે સ્ટેડિયમમાં શાંતિ છવાઈ ગઈ. મુંબઈ ઈન્ડિયન્સના ડગઆઉટમાં બેઠેલા સૂર્યકુમાર યાદવ અને રોહિત શર્માની પ્રતિક્રિયાઓ પરથી જાણવા મળ્યું કે તેઓ પણ ઐયરની ફિલ્ડિંગથી આશ્ચર્યચકિત થઈ ગયા હતા. સૂર્યા અને રોહિત આ શાનદાર ફિલ્ડિંગથી દંગ રહી ગયા.આઉટ થયા પછી હાર્દિક પંડ્યા પોતે પણ આશ્ચર્યચકિત થઈ ગયો. ૧૪ રનની ઈનિંગ રમીને તેને પાછો ફરવો પડ્યો. કેચ પૂર્ણ કર્યા પછી શ્રેયસ ઐયર ઉભા થયો, ભીડ તરફ ઈશારો કર્યો અને ખૂબ જ ઉત્સાહથી કેચની ઉજવણી કરી.

### બુમરાહની ''બૂમ'' પડીઃ પાંચ મેચ છતાં ઝીરો વિકેટ



ભારતીય ક્રિકેટના સ્ટાર પેસર જસપ્રીત બુમરાહ માટે આઈપીએલ ૨૦૨૬ની શરૂઆત અપેક્ષા કરતાં ઘણી અલગ અને પડકારજનક રહી છે. જેવા વિશ્વકક્ષાના બોલર માટે અસાધારણ ઘટના છે. આ તેમની આઈપીએલ કરિયરની સૌથી લાંબી વિકેટવિહોણી સિરીઝ બની ગઈ છે.બુમરાહે આઈપીએલની આ સીઝનમાં કુલ મળીને છેલ્લા ૧૨૨ બોલમાં બુમરાહને એક પણ વિકેટ મળી નથી, જે તેમની આઈપીએલ કરિયરમાં અત્યાર સુધીનો સૌથી લાંબો ડ્રાય સ્પેલ છે. પહેલાં ૨૦૧૪માં તેમણે ચાર મેચમાં વિકેટ વિનાનું પ્રદર્શન કર્યું હતું.બુમરાહ હજુ પણ રન આપવામાં નિયંત્રણ રાખી રહ્યા છે. આઈપીએલના હાઈ-સ્કોરિંગ વાતાવરણમાં ૮ રન પ્રતિ ઓવરની આસપાસની ઈકોનોમી ઘણા બોલરો માટે સારી ગણાય. ડેલ સ્ટેઈન જેવા પૂર્વ ફાસ્ટ બોલરે પણ કહ્યું કે આવા આંકડા સામે તમે દરરોજ આવા ફિગર્સ લેવા તૈયાર થઈ જાઓ. છતાં વિકેટ ન મળવું મુંબઈ ઈન્ડિયન્સની બોલિંગ અને ટીમના પર્ફોર્મન્સને અસર કરી રહ્યું છે. મુંબઈ અત્યારે પોઈન્ટ્સ ટેબલમાં નીચેના ક્રમે છે અને તેમની છેલ્લી કેટલીક મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે.

# કોલકતા માટે દરેક મેચ ''કરો યા મરો'': સાંજે ગુજરાત ટાઈટન્સ સામે ટક્કર

## ગુજરાતની ટીમ પ્રથમ બે મેચ હાર્યા બાદ સળંગ બે મેચ જીતી ચૂકી છે ત્યારે આજે પોતાના હોમગ્રાઉન્ડ પર વિજયની હેટ્રિક માટે રમશે

**અબતક, રાજકોટ**

ઈન્ડિયન પ્રીમિયર લીગ ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શુક્રવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે કોલકાતા નાઈટ રાઈડર્સ મેદાનમાં ઉતરશે ત્યારે તેમનો એક માત્ર લક્ષ્ય સતત થઈ રહેલા પરાજયના સિલસિલાને તોડીને પોતાની સ્થિતિ મજબૂત કરવાનો હશે. જોકે તેમની સામે પડકાર આસાન નથી કેમ કે તેમની ટક્કર ફોર્મમાં પરત ફરેલી અને આત્મવિશ્વાસથી છલોછલ ગુજરાત ટાઈટન્સ સામે થનારી છે. સાંજે ૭.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે.ગુજરાતની ટીમ પ્રથમ બે મેચ હાર્યા બાદ સળંગ બે મેચ જીતી ચૂકી છે આમ તે શુક્રવારે પોતાના હોમગ્રાઉન્ડ પર વિજયની હેટ્રિક માટે રમશે. બીજી તરફ કોલકાતાની ટીમ હજી સુધી એકેય મેચ જીતી શકી નથી. આમ તે હવે વર્તમાન સિઝનમાં પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે રમશે. આ બંને ટીમની પરિસ્થિતિ અલગ અલગ છે પરંતુ ઈરાદો એક જ છે આ મેચ જીતવાનો અને આ માટે બેમાંથી એકેય ટીમ મચક આપવા તૈયાર હશે નહીં જેને કારણે મુકાબલો રોમાંચક બની શકે છે.કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન અજિંક્ય રહાણે અને કોચ અભિષેક નાયરના માર્ગદર્શન હેઠળ ટીમ હાલમાં દિશાહીન જણાય છે. છેલ્લી પાંચમાંથી ચાર મેચમાં પરાજયનો હારનો સામનો કરનારી કોલકાતા હજી પણ સિઝનની પ્રથમ જીતની શોધમાં છે. ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં જ હર્ષિત રાણા અને આકાશ દીપની ઈજા તેમજ બીસીસીઆઈની



સૂચનાથી મુસ્તફિઝુર રહેમાનને રીલીઝ કરવાને કારણે ટીમનું બોલિંગ આક્રમણ નબળું પડી ગયું છે.જોકે સૌથી ચિંતાજનક બાબત સ્પિન જોડી સુનીલ નારાયણ અને વરુણ ચક્રવર્તીનું ખરાબ ફોર્મ છે. ખાસ કરીને વરુણ ચક્રવર્તી હજી પણ સંઘર્ષ કરી રહ્યો છે અને આ સિઝનમાં તેને એક પણ વિકેટ મળી નથી.નાઈટ રાઈડર્સની મુશ્કેલીઓમાં તેના મેનેજમેન્ટની ખોટી રણનીતિએ વધારો કર્યો છે. ટીમ મેનેજમેન્ટે રચિન રવિન્દ્ર અને ટિમ સેફર્ટ જેવા પ્રતિભાશાળી ખેલાડીઓને પ્લેઈંગ ઈલેવનની બહાર રાખતા અનેક સવાલો ઉભા થયા છે. તે સિવાય ટોસ જીત્યા પછીના નિર્ણયો પણ આશ્ચર્યજનક રહ્યા છે. પંજાબ કિંગ્સ સામે વરસાદી વાતાવરણમાં પ્રથમ બેટિંગ પસંદ કરી હતી તો ચેન્નાઈ સુપર કિંગ્સ સામે બોલરોને મદદરૂપ પિચ પર પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો ત્યારે વરસાદ વિલન બની ગયો હતો. રેકોર્ડબ્રેક ₹૨૫.૨૦ કરોડમાં આન્દ્રે રસેલની ખોટ પૂરવા માટે ખરીદવામાં આવેલો કેમરૂન ગ્રીન હજી સુધી પોતાની કિંમત વસૂલ થાય કેવું પ્રદર્શન કરી શક્યો નથી. પાંચ ઈનિંગ્સમાં માત્ર ૫૬ રન અને બોલિંગમાં નહિવત પ્રભાવને કારણે ટીમની મધ્યમ ક્રમની ચિંતા વધી છે. મનીષ પાંડે અને રાહુલ ત્રિપાઠી જેવા અનુભવી ભારતીય બેટ્સમેનો હજી પણ બેન્ચ પર બેઠા છે. તેમને એકેય મેચમાં તક આપવામાં આવી નથી.બીજી તરફ ગુજરાત ટાઈટન્સની ટીમ અત્યારે ખૂબ જ સંતુલિત દેખાઈ રહી છે.કોલકાતા માટે હવે દરેક મેચ 'કરો અથવા મરો' જેવી છે. તેમને ૨૦૧૫માં મુંબઈ ઈન્ડિયન્સે જે રીતે પ્રથમ છમાંથી પાંચ મેચ હાર્યા બાદ ટાઈટલ જીત્યું હતું તેવા જ કોઈ ચમત્કારની જરૂર છે.

# મહિલા અનામત-સીમાંકન બિલ પર સંસદમાં સાંજે મતદાન

## ઈન્ડિયા બ્લોકના સાંસદોની કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ચેમ્બરમાં ગૃહના ફ્લોર માટે રણનીતિ માટે બેઠક

**અબતક, રાજકોટ**

મહિલા અનામત અને સીમાંકન સંબંધિત ત્રણ બિલ પર આજે લોકસભામાં બીજા દિવસે ચર્ચા થશે. અમિત શાહ આ અંગે જવાબ આપશે. તેમણે કહ્યું હતું કે સીમાંકનને લઈને વિપક્ષના જેટલા પણ પ્રશ્નો છે, તેઓ કેજીના બાળકોની જેમ તેમને સમજાવશે. સાંજે ૪ વાગ્યે ત્રણેય બિલ પર મતદાન કરાવવામાં આવશે.આજે સાંજે ચાર વાગ્યે મહિલા આરક્ષણ પર મતદાન પણ થવાનું છે.

આ દરમિયાન સંસદમાં મહિલાઓને ૩૩ ટકા આરક્ષણ આપતો મહિલા આરક્ષણ અધિનિયમ-૨૦૨૩ ગુરુવારથી લાગુ થઈ ગયો છે.

આ અંગે કેન્દ્રીય કાયદા મંત્રાલયે નોટિફિકેશન જાહેર કર્યું છે.જો કે આ સ્પષ્ટ નથી કે સંસદમાં આ જ કાયદામાં સુધારા અંગેની ચર્ચા વચ્ચે તેને ૧૬ એપ્રિલથી લાગુ કરવાની સૂચના શા માટે આપવામાં આવી. અધિનિયમ લાગુ થયા છતાં વર્તમાન લોકસભામાં મહિલાઓને તેનો તાત્કાલિક લાભ મળશે નહીં. અધિકારીના જણાવ્યા અનુસાર, મહિલાઓ માટે આરક્ષણ આગામી જનગણના આધારિત પરિસીમન (ડિલિમિટેશન) પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ લાગુ કરવામાં આવશે.

લોકસભા સ્પીકરે બિલ પર ચર્ચા માટે ૧૫ કલાકનો સમય નક્કી કર્યો.

ગુરુવારે લગભગ ૧૨ કલાક સુધી પક્ષ અને વિપક્ષના સાંસદોએ પોતાની વાત રજૂ કરી. કોંગ્રેસ તરફથી પ્રિયંકા ગાંધી, ગૌરવ ગોગોઈ, વેણુગોપાલે બિલના વિરોધમાં પોતાની વાત કહી. પ્રિયંકાએ કહ્યું કે આસામની જેમ દેશભરની બેઠકો કાપવામાં આવશે.

પીએમએ પણ લગભગ ૩૫ મિનિટનું ભાષણ આપ્યું. તેમણે કહ્યું કે સીમાંકનમાં કોઈપણ રાજ્ય સાથે ભેદભાવ કરવામાં આવશે નહીં. આ મોદીની ગેરંટી છે અને વચન છે. વિપક્ષ આનો શ્રેય લઈ શકે છે.

### મહિલા અનામત પર વિપક્ષ ક્રેડિટ લેઃ પીએમ મોદી

પીએમ મોદીએ વિપક્ષને આડે હાથ લેતા જણાવ્યું કે, ''આ અવસર રાજકીય ત્રાજવે તોલવાનો નથી પણ વિકસિત ભારત બનાવવા માટે સાથે મળીને ચાલવાનો છે. દેશની નારી શક્તિ આપણા નિર્ણયની સાથે આપણી નીયત પણ જોઈ રહી છે, જો નીયતમાં ખોટ હશે તો દેશની મહિલાઓ ક્યારેય માફ નહીં કરે.

યે હે મોસ્ટ વોન્ટેડ ''ગુંડા''

# દાઉદ અને છોટા રાજનની જેમ અનેક જિલ્લાઓમાં વર્ષોથી ગુનેગારોને પકડવાના બાકી

## છોટા રાજન ૨૦૧૫થી જેલમાં સજા કાપી રહ્યો હોવા છતાં, અમદાવાદ અને સુરત પોલીસ તેને હજુ પણ 'વોન્ટેડ' ગણાવે છે

**અબતક અમદાવાદ**

જેમના નામ સાંભળીને ક્યારેક આખું શહેર થરથર કાંપતું હતું, જેમના ડરની ધાક સરહદો ઓળંગી ગઈ હતી અને જેમને પકડવા માટે દેશની ટોચની એજન્સીઓ દિવસ-રાત એક કરી રહી છે, તેવા 'મોસ્ટ વોન્ટેડ' ગુનેગારો પોલીસના ચોપડે હંમેશા સર્વોપરી હોય છે. આ એવા ચહેરાઓ છે જે કાયદાની નજરમાંથી બચવા દુનિયાના ખૂણે ખૂણે છુપાયા છે. પરંતુ, જ્યારે કાયદાના રક્ષકો જ આ ખતરનાક ચહેરાઓની ઓળખમાં થાપ ખાઈ જાય, ત્યારે સવાલ માત્ર સુરક્ષાનો નહીં પણ તંત્રની ગંભીરતાનો પણ ઊભો થાય છે.

### કયા જિલ્લામાં કેટલા 'મોસ્ટ વોન્ટેડ'?

| જિલ્લો | વોન્ટેડ આરોપીઓની સંખ્યા | ખાસ નોંધ |
|---|---|---|
| અમરેલી | ૪૫ | સૌથી વધુ વોન્ટેડ આરોપીઓ |
| અમદાવાદ | ૨૦ | દાઉદ અને છોટા રાજન હજુ પણ વોન્ટેડ લિસ્ટમાં |
| સુરત | ૨૦ | દાઉદ અને છોટા રાજનનો લિસ્ટમાં સમાવેશ |
| જામનગર | ૧૨ | ૧૯૯૩ બ્લાસ્ટના આરોપીઓ (દાઉદ, છોટા શકીલ) શામેલ |
| અમદાવાદ | ૧૧ | સ્થાનિક ગુનેગારોની શોધખોળ ચાલુ |
| રાજકોટ | ૧૦ | - |

ગુજરાત પોલીસની 'મોસ્ટ વોન્ટેડ' લિસ્ટમાં ગંભીર છબરડાઓ સામે આવ્યા છે. આ યાદીમાં એવા ગુનેગારોના નામ છે જેઓ વર્ષોથી જેલમાં સજા કાપી રહ્યા છે અથવા જેમના નામની જોડણીમાં જબરદસ્ત ભૂલો છે. અંડરવર્લ્ડ ડોન છોટા રાજન ૨૦૧૫થી ભારતની જેલમાં છે અને તેને આજીવન કેદની સજા પણ થઈ ગઈ છે. આમ છતાં, અમદાવાદ અને સુરત પોલીસની યાદીમાં તે હજુ પણ 'વોન્ટેડ' (ફરાર) તરીકે દર્શાવવામાં આવ્યો છે.

આંતરરાષ્ટ્રીય આતંકવાદી દાઉદ ઈબ્રાહિમનું સાચું નામ 'દાઉદ ઈબ્રાહિમ કાસ્કર' છે. પરંતુ ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં તેના નામ અલગ જ નોંધાયેલા છે, અમદાવાદમાં દાઉદ ઈબ્રાહિમ મેમણ , જામનગર અને સુરતમાં દાઉદ ઈબ્રાહિમ શેખ , મહેસાણામાં દાઉદ ઈબ્રાહિમ મેમણ. મહેસાણાના એક લિસ્ટમાં તો હદ થઈ ગઈ છે! ત્યાં એક મહિલા આરોપીના નામની જગ્યાએ તેને માત્ર બીજા આરોપીની 'રખેલ' તરીકે ઓળખાવવામાં આવી છે, તેનું નામ પણ લખવાની તસ્દી લેવાઈ નથી.

# ''નારી શક્તિ વંદન અધિનિયમ'' મહિલા સશક્તિકરણની દિશામાં ઐતિહાસિક કદમઃ અંજલીબેન રૂપાણી

## રાજકીય ક્ષેત્રે મહિલાઓના પ્રતિનિધિત્વને સુનિશ્ચિત કરવાના વડાપ્રધાનના નિર્ણયને દિવંગત વિજયભાઈ રૂપાણીના પત્ની અંજલિબેને આવકાર્યો

**અબતક, રાજકોટ**

રાજકોટના પૂજિત વિજયભાઈ રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી, સમાજસેવિકા અને દિવંગત વિજયભાઈ રૂપાણીના પત્ની અંજલીબેન રૂપાણીએ સંસદના ખાસ અધિવેશનમાં રજૂ થનાર 'નારી શક્તિ વંદન અધિનિયમ' અંગે પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સશક્ત અને દૂરદર્શી નેતૃત્વ હેઠળ લેવાયેલો આ નિર્ણય રાજકીય ઈચ્છાશક્તિને વાસ્તવિક મહિલા સશક્તિકરણ સાથે જોડવાનું એક અત્યંત મહત્વપૂર્ણ અને પ્રશંસનીય કાર્ય છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ પહેલ માત્ર મહિલાઓના સન્માનનું પ્રતીક નથી, પરંતુ રાજકીય ક્ષેત્રમાં તેમના સક્રિય પ્રતિનિધિત્વને સુનિશ્ચિત કરવાની એક ઐતિહાસિક દિશા




પણ છે. આ મહત્વપૂર્ણ કદમ માટે સમગ્ર નારી સમાજ વતી પ્રધાનમંત્રીનું સમર્થન કરતા તેમણે અનુરોધ કર્યો છે કે, આ અધિનિયમમાં પ્રસ્તાવિત સુધારાઓને વહેલી તકે પસાર કરવામાં આવે, જેથી નારી શક્તિને રાજકીય ફલક પર તેમનું યોગ્ય સ્થાન, સન્માન અને બંધારણીય અધિકાર મળી શકે.

અંતમાં, ''નારી તું નારાયણી'' ની ઉક્તિને સાર્થક કરતા અંજલીબેને જણાવ્યું કે, નારી સમાજની પ્રગતિ અને સશક્તિકરણ માટે પ્રધાનમંત્રીએ જે પ્રેરણાદાયી પહેલ કરી છે તે ખરેખર વંદનીય છે. મહિલાઓના ઉત્કર્ષ માટે લેવાયેલા આ ઐતિહાસિક નિર્ણય બદલ તેમણે નરેન્દ્રભાઈ મોદીનું તહેદિલથી અભિવાદન કર્યું હતું અને આશા વ્યકત કરી હતી કે આ અધિનિયમ આવનારા સમયમાં મહિલાઓ માટે નવી તકોના દ્વાર ખોલશે.

# વોર્ડ નં. ૧૦માં મતદાન બહિષ્કારના બેનર લાગતા ખળભળાટ

## ‘સફાઈ નથી તો મત નહીં’ સૂત્ર સાથે રહીશોનો વિરોધ








**અબતક, જામનગર**

શહેરના વોર્ડ નંબર ૧૦ના ગોમતીપુર વિસ્તારમાં એક સોસાયટીના રહેવાસીઓએ મતદાનનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિના લોકોએ બેનરો લગાવી પોતાનો રોષ વ્યક્ત કર્યો છે અને આ વખતે મતદાનમાં ભાગ નહીં લેવાની ચીમકી ઉચ્ચારી છે.

આ વિસ્તારમાં અંદાજે ૨૦૦થી વધુ પરિવારો વસવાટ કરે છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા ઘણા વર્ષોથી વિસ્તારની અવગણના થઈ રહી છે. નિયમિત સફાઈ ન થવી, ગટરો ઉભરાતી રહેવી, તેમજ વરસાદી પાણી ભરાતા નુકસાન થવું જેવી સમસ્યાઓ યથાવત છે. સાથે જ સરકારી સહાયથી પણ વંચિત રહેતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સ્થાનિકોએ ચેતવણી આપી છે કે ચૂંટણી દરમિયાન કોઈપણ રાજકીય પક્ષે પ્રચાર માટે આ વિસ્તારમાં ન આવવું અને આ વખતે મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવશે. બેનરો મારફતે લોકો પોતાનો આક્રોશ જાહેર રીતે વ્યક્ત કરી રહ્યા છે. વેરો પુરો લેવાય છે પરંતુ પ્રાથમિક સુવિધા અને સરકારી યોજનાનો લાભ ના મળતા સ્થાનિકો રાજકીય પક્ષો પ્રત્યે રોષ વ્યક્ત કરી રહ્યા છે. દૈનિક સફાઈ ના થતા મહિલાઓમા રોષની લાગણી ફેલાઈ છે.

# જયહિંદ ટ્રોફીમાં શાનદાર વિજય સાથે સેમિફાઈનલમાં એન્ટ્રી

**અબતક, જામનગર**


રાજકોટ ખાતે ચાલી રહેલી જયહિંદ ટ્રોફી ત્રિદિવસીય ટુર્નામેન્ટમાં જામનગર જિલ્લા ક્રિકેટ ટીમે પોતાના ઉત્કૃષ્ટ પ્રદર્શનને યથાવત રાખતાં વધુ એક ભવ્ય વિજય નોંધાવ્યો છે. જુનાગઢ જિલ્લા ટીમ સામે રમાયેલી આ મેચમાં જામનગરની ટીમે સર્વાંગી પ્રદર્શન કરી જીતનો સિલસિલો જાળવી રાખ્યો છે.

ખંઢેરીના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે યોજાયેલી આ મેચમાં જામનગરની ટીમે પ્રથમ ઈનિંગમા ૧૯૬ રન બનાવી ઓલઆઉટ થઈ હતી. જેમાં મિહીર જોશીએ ૫૧ રનની અડધી સદી ફટકારી, વિશ્વરાજ જાડેજાએ ૩૪ અને રોહન મથ્થરે ૨૫ રનનો નોંધપાત્ર ફાળો આપ્યો હતો. બીજી ઈનિંગમા વિશ્વરાજ જાડેજાએ ૧૪૩ રન ફટકાર્યા હતા, અને પુષ્કર કુમારે ૬૬ રને કરી મોટો સ્કોર કર્યો હતો.

જવાબમાં જુનાગઢની ટીમ જામનગરના બોલરો સામે ટકી શકી નહોતી, અને ૧૭૦ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ. પ્રથમ ઈનિંગમા જામનગર તરફથી બોલિંગમાં વિશ્વરાજ જાડેજાએ ૧૭ ઓવરમાં ૩ મેડન સાથે ૩૭ રન આપી ૪ વિકેટ ઝડપી હતી. અને બીજી ઈનિંગમાં જય રાવલિયાએ પણ શાનદાર પ્રદર્શન કરી ૯ ઓવરમાં ૩૫ રન આપી ૫ વિકેટ ઝૂંટવી, જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

આ જીત સાથે જામનગરની ટીમે ટુર્નામેન્ટના સેમિફાઈનલમાં પોતાની જગ્યા મજબૂત બનાવી છે. હવે આગામી મુકાબલો ૨૦ મેના રોજ ભાવનગર જિલ્લા ટીમ સામે રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાશે.





ટીમના આ ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ જામનગર ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશનના હોદ્દેદારો દ્વારા ટીમ અને ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે. વર્ષોથી ખેલાડીઓ કોચ મહેન્દ્રસર ચૌહાણ પાસેથી તાલીમ મેળવી રહ્યા છે, જેના પરિણામે ટીમનું પ્રદર્શન સતત સુધરી રહ્યું છે.

જામનગરના ખેલાડીઓ ભવિષ્યમાં રાષ્ટ્રીય કક્ષાએ પણ પોતાના પ્રદર્શનથી પ્રતિનિધિત્વ જાળવી રાખશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. જામનગર ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશનના મેનેજર ભરત મથ્થરે પણ પોતાની યાદીમાં આ બાબતનો ઉલ્લેખ કરી ટીમના ઉજ્જવળ ભવિષ્ય અંગે આશાવાદ વ્યક્ત કર્યો છે.

જામનગર માટે આ વિજય ગૌરવની વાત છે અને હવે તમામની નજર સેમિફાઈનલ મુકાબલા પર ટકેલી છે, જ્યાં ટીમ ફરી એકવાર જીતનો ધ્વજ લહેરાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## કાલાવડ માર્કેટિંગ યાર્ડના ચેરમેન મૌલિક નથવાણીનો આજે જન્મદિવસ



કાલાવડ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અને ગુજકોમાસોલના ડાયરેક્ટર અને સહકારી ક્ષેત્રના જામનગર જિલ્લાના ભામાશા કહેવાતા એવા સ્વ.દિલીપભાઈ નથવાણીના પુત્ર કે જેઓ એ એક પિતાનો વારસો સંભાળી આજ સુધી જેને જામનગર જીલ્લા સહિત કાલાવડ તાલુકામા સહકારી ક્ષેત્રે દબ દબો જાળવી રાખી વારસાને આગળ ધપાવ્યો છે તેવા સહકારી ક્ષેત્ર ના યુવા અગ્રણી અને હાલ કાલાવડ માર્કેટિંગ યાર્ડના ચેરમેન મૌલિકભાઈ નથવાણીના આજ રોજ જન્મ દિવસ નિમિતે જીલ્લા ભરના સહકારી ક્ષેત્રના આગેવાનો અને સહકારી મંડળીના પ્રમુખો સહિત યાર્ડના ડાયરેક્ટરો અને ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ અને પરિવારજનો સહિત મિત્ર મંડળ તેમની તમામ મનોકામના પૂર્ણ કરે અને માં ખોડલ તેઓને દીર્ઘાયુ અને તંદુરસ્તી બક્ષે તેવી પ્રાર્થના સાથે જન્મ દિવસની હાર્દિક શુભકામના ઓ સૌ કોઈ પાઠવી રહ્યા છે.

# કાલાવડ નાકા બહાર બ્રિજની કામગીરી અન્વયે વાહન વ્યવહાર માટે છ માસ રસ્તો બંધ

## રંગમતી નદી પરનો હયાત બ્રિજ તોડી નવો બનાવાશેઃ કમિશનર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

**અબતક, જામનગર**



જામનગર માં કાલાવડ નાકા બહાર નદી ઉપર ના હયાત બ્રિજ ને તોડી પાડી ને તેના સ્થાને નવા બ્રિજ નું બાંધકામ કરવા નો હોવા થી આ રસ્તો વાહન વ્યવહાર માટે છ માસ માટે બંધ રાખવા અંગે મ્યુનિ. કમિશનર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જામનગર મહાનગરપાલિકાની હદમાં કાલાવડ નાકા બહાર રંગમતી નદી ઉપર હયાત રીવર બ્રીજ.ને ડીમોલેશન કરી નવો ફોર લેન રીવર બ્રીજ બનાવવાની કામગીરી કરવામાં આવનાર છે.


આથી હયાત બ્રીજ ડિમોલીશન તથા નવો ફોર લેન રીવર બ્રીજ બનાવવાની કામગીરી અનુસંધાને રંગમતી નદી પર નો હયાત રસ્તો સલામતી ના ભાગરૂપે તેમજ અકસ્માત નિવારવાના હેતુથી તા.૧૭/૦૪/૨૦૨૬ થી ૧૫/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન તમામ વાહન વ્યવહાર બંધ રાખવામાં આવશે. આ માટે મ્યુનિ.કમિશનર દ્વારા જાહેર નોટીસ બહાર પાડવામાં આવી છે. જેનો અમલ કરવા નો હુકમ કરવામાં આવ્યો છે.

જે કોઈ વ્યક્તિ આ હુકમનો ભંગ કરશે તેની સામે ધ બી.પી.એમ.સી. એક્ટ ની કલમ અનુસાર દંડ ની કાર્યવાહી કરવામાં આવશે. ટુ વ્હીલર તથા તમામ પ્રકારના નાના વાહનો માટેની વૈકલ્પિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા માટે રંગમતી નદી ઉપરનો હયાત રીવર બ્રીજ પરનો મુખ્ય માર્ગ બંધ રહેશે, જેની વૈકલ્પિક વ્યવસ્થા માટે રંગમતી નદીમાં બનાવવામાં આવેલ સર્વિસ રોડ ખુલ્લો રહેશે. સર્વિસ રોડ થી કલ્યાણ ચોક થઈ ટુ વ્હીલર્સ તથા તમામ પ્રકાર ના નાના વાહનો ની ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા ચાલુ રહેશે.

જામનગર કાલાવડ રોડ ની વૈકલ્પિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા નાગનાથ જંકશન થી સુભાષ બ્રીજ થઈ અન્નપુર્ણા મંદિર થઈ મહાપ્રભુજી બેઠક રોડ થઈ ઠેબા બાયપાસ જંકશન તરફ ચાલુ રહેશે. તથા મોરકંડા જામનગર રોડની વૈકલ્પિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા મોરકંડા ચોકડી થી ઉપર મુજબના રૂટ પ્રમાણે ચાલુ રહેશે.

### દિગ્વિજય સિમેન્ટ કંપનીના આંગણે

# ખનીજ ખનનમાં પર્યાવરણની ખેવના રાખનાર ખાણ માલિકનું સન્માન





## ભારતીય ખાણ બ્યુરો દ્વારા પર્યાવરણ અને ખનીજ સંરક્ષણ સપ્તાહની ઉજવણી

**અબતક, રાજકોટ**

જામનગર ખાતે ૩૩મો ખાણ પર્યાવરણ અને ખનિજ સંરક્ષણ સપ્તાહ, ૨૦૨૫-૨૬નો સમાપન દિવસ તથા પુરસ્કાર વિતરણ સમારોહ સેવન સિઝન્સ રિસોર્ટ, ખાતે સફળતાપૂર્વક યોજાયો હતોમ આ કાર્યક્રમ ભારતીય ખાણ બ્યુરો, ગાંધીનગર ક્ષેત્રના તત્વાવધાન હેઠળ યોજાયો હતો તથા તેનો આતિથ્યાર દિગ્વિજય સિમેન્ટ કંપની લિમિટેડ દ્વારા આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ભારતીય ખાણ બ્યુરો, નાગપુરના કન્ટ્રોલર જનરલ પંકજ કુલશ્રેષ્ઠ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતામ અભય અગ્રવાલ, કન્ટ્રોલર ઓફ માઈન્સ, નોર્થ ઝોન, ઉદયપુર વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતામ ડો. નરેશ કટારિયા, રિજનલ કન્ટ્રોલર ઓફ માઈન્સ, આઈબીએમ, ગાંધીનગર ક્ષેત્ર સહિત IBMના અન્ય અધિકારીઓ, કંપનીના પ્રતિનિધિઓ તેમજ ગાંધીનગર ક્ષેત્રની વિવિધ ભાગ લેનાર ખાણોના માલિકો, મેનેજરો અને અધિકારીઓ પણ આ પ્રસંગે હાજર રહ્યા હતાં.

દિગ્વિજય સિમેન્ટ કંપની લિમિટેડના પ્રતિનિધિઓ - સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ ડો. ગિરિશ મહેતા દ્વારા તમામ મહાનુભાવોને આવકારવામાં આવ્યા હતામ ત્યારબાદ સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ સુરેશ મહેરએ સભાને સંબોધિત કરી હતી મનીષ ઉપાધ્યાય, સિનિયર જનરલ મેનેજર (માઈન્સ) અને કાર્યક્રમ સચિવ દ્વારા એમઈએમસી સપ્તાહની પ્રવૃત્તિઓનું વિગતવાર વર્ણન રજૂ કરવામાં આવ્યું હતુંમ અંતમાં શ્રી વિકાસ કુમાર, મુખ્ય નાણાં અધિકારી દ્વારા આભાર વિધિ રજૂ કરવામાં આવી હતી.

MEMC સપ્તાહનો હેતુ વૈજ્ઞાનિક અને સ્થિર ખનનને પ્રોત્સાહન આપવો, પર્યાવરણનું સંરક્ષણ કરવું, ખનિજ સંરક્ષણને મજબૂત બનાવવું અને ખનન ક્ષેત્રમાં શ્રેષ્ઠ પદ્ધતિઓ અપનાવવાનું છે.

સપ્તાહ દરમિયાન ટેકનિકલ સ્પર્ધાઓ, જાગૃતિ કાર્યક્રમો, પ્રદર્શન અને ખાણોની તપાસ અને મૂલ્યાંકન જેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી, જેના દ્વારા જવાબદાર ખનનને પ્રોત્સાહન મળ્યું હતું.

મુખ્ય અતિથિ પંકજ કુલશ્રેષ્ઠએ પોતાના સંબોધનમાં સ્થિર ખનન, પર્યાવરણ સંરક્ષણ અને ખનિજોના કાર્યક્ષમ સંરક્ષણના મહત્વ પર ભાર મૂક્યો હતોમ તેમણે ભારતમાં જવાબદાર અને ભવિષ્યમુખી ખનનના દ્રષ્ટિકોણને સિદ્ધ કરવા માટે આ બાબતોની અગત્યતા દર્શાવી હતી તથા ભાગ લેનાર ખાણોના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે વિવિધ શ્રેણીઓમાં ઉત્તમ પ્રદર્શન કરનાર ખાણોને તેમના પ્રદર્શનના આધારે પુરસ્કારો અને સન્માન આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમનો સમાપન આભાર વિધિ સાથે કરવામાં આવ્યો હતો, જેમાં ભારતીય ખાણ બ્યુરો, ભાગ લેનાર ખાણો, આયોજનકર્તાઓ તથા તમામ મહાનુભાવોના સહકાર અને સમર્થન માટે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતોમ બધાના સહયોગથી ૩૩મો એમઈએમસી સપ્તાહ, ૨૦૨૫-૨૬ સફળતાપૂર્વક અને ભવ્ય રીતે પૂર્ણ થયો હતો.

# અમરનાથ યાત્રા માટે રજીસ્ટ્રેશનનો પ્રારંભ

**અબતક, જામનગર**



ભક્તો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે અમરનાથ યાત્રાની જાહેરાત થયા બાદ આ યાત્રા માટે જામનગરમાં રજીસ્ટ્રેશનનો પ્રારંભ શરૂ થયો છે. શહેરમાં પંજાબ નેશનલ બેંકની તળાવની પાળે આવેલી શાખા ખાતે આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે,

જામનગરમાં ગઈકાલથી શરૂ થયેલી આ પ્રક્રિયામાં રોજના માત્ર ૩૬ યાત્રિકોનું જ રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે. બેંક દ્વારા ‘વહેલા તે પહેલાના ધોરણે’ રજીસ્ટ્રેશન કરવામાં આવતું હોવાથી, યાત્રા માટે ઈચ્છુક લોકો જરૂરી ડોક્યુમેન સાથે વહેલી સવારે જ બેંક ખાતે લાઈનો લગાવી રહ્યા છે. યાત્રિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને મોટી સંખ્યામાં લોકો નોંધણી માટે પહોંચી રહ્યા છે. તેથી, ઈચ્છુક યાત્રિકોને વહેલી તકે આવીને પોતાનું રજીસ્ટ્રેશન કરાવવા માટે અપીલ કરવામાં આવી છે

યાત્રા માટે રજિસ્ટ્રેશન કરાવવા ઈચ્છતા દરેક યાત્રી માટે જી.જી. હોસ્પિટલ ખાતેથી આરોગ્ય ચકાસણી કરાવી મેડિકલ સર્ટિફિકેટ મેળવવું ફરજિયાત છે. આ સર્ટિફિકેટ રજૂ કર્યા બાદ જ બેંક દ્વારા અધિકૃત પરમિટ આપવામાં આવે છે. યાત્રીઓની સુવિધા માટે બેંક તંત્ર દ્વારા પીવાના પાણી અને બેસવાની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી છે.ચાલુ વર્ષે અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈને ૨૮ ઓગસ્ટ સુધી ચાલશે, જે કુલ ૫૭ દિવસની રહેશે. શ્રદ્ધાળુઓ ઓનલાઈન પોર્ટલ અથવા બેંકની નિર્ધારિત શાખાઓ પરથી ઓફલાઈન માધ્યમ દ્વારા પોતાની નોંધણી કરાવી શકે છે.

# દ્વારકા પંથકમાં માંસનું વેચાણ કરતી મહિલા સહિત આઠ સામે પાસા

## જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાનો સપાટો : એલસીબીએ તમામની અટકાયત કરી જેલમાં ધકેલાયા

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**





દ્વારકા યાત્રાધામ નજીક રૂપેણ બંદર ખાતે થોડા સમય પૂર્વે ગૌવંશની કત્લ કરી ગૌમાંસના વેચાણ પ્રકરણમાં એક મહિલા સહિત સાત શખ્સો સામે ગુન્હો નોંધાયો હતો. આ તમામ આરોપીઓ સામે પાસાની કરાયેલ દરખાસ્ત મંજૂર કરાતા મહિલા સહિત આઠેય શખ્સોની અટકાયત કરી જુદી-જુદી જેલમાં મોકલી આપવામાં આવ્યા છે.

દ્વારકા પંથકમાં થોડા સમય પૂર્વે ગૌવંશની કત્લ કરી તેના માંસના વેચાણને પોલીસે પકડી પાડ્યા બાદ તે વખતે સલમાબેન ઈલીયાસ થૈયમ નામના રૂપેણ બંદરના મહિલાની અટકાયત કરાયા બાદ અન્ય સાત શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી હતી આ આઠેય શખ્સો સામે જધન્ય અપરાધ માટે પાસાની દરખાસ્ત તૈયાર કરવાની જિલ્લા પોલીસવડા જયરાજસિંહ વાળાએ સૂચના આપતા એલ.સી.બી ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ.જોશીના વડપણ હેઠળ પી.એસ.આઈ. બી.એમ.દેવમુરારી તથા સ્ટાફે તમામ આરોપીઓ સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી મંજૂરી માટે જિલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરી હતી. તે દરખાસ્ત મંજૂર કરાતા ગઈકાલે એલ.સી.બી.એ એક મહિલા સહિત તમામ આઠ શખ્સોની અટકાયત કરી લીધી હતી. અટકાયત પામેલ જાવિદ બાબીને ભૂજની પાલારા જેલમાં, ફારૂક બાબીને ભાવનગર જેલમાં, ઈદ્રીશ બાબીને વડોદરાની મધ્યસ્થ જેલમાં, નદીમ પાલાને બનાસકાંઠાના પાલનપુરની જેલમાં, મહંમદહફીફ ઉર્ફે મુનાફબાપુને નર્મદાના રાજપીપળા જેલમાં, મુસા રાડીયાને નડિયાદની જિલ્લા જેલમાં, વસીમ થૈયમને સુરતની લાજપોર જેલમાં અને સલમાબેન થૈયમને અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.

### વલ્લભાચાર્ય મહાપ્રભુજી પ્રાગટ્યોત્સવ દિને

# દ્વારકા પુષ્ટિ બાલ પાઠશાળાના બાળકો દ્વારા કાર્યક્રમ યોજાયો

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના પ્રાગટયોત્સવ નિમિત્તે ગઈકાલે દ્વારકાની નવી હવેલી ખાતે સાંજે ૬ થી ૮ સુધી શ્રીમદ વિઠ્ઠલેશ પુષ્ટિ બાલ પાઠશાળાના બાળકો દ્વારા એક સુંદર કાર્યક્રમનું આયોજન કરાયું હતું જેમાં બહોળી સંખ્યામાં વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ જોડાયા હતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજયા હતા.

# ભાણવડના ચના દેવાનો સવા કરોડનો દારૂ ચોટીલા પાસથી ઝડપી લેતી રેન્જ સ્કોડ

## રાજકોટ રેન્જના વડા નિર્લિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ બી.સી. મિયાત્રાની ટીમનો દરોડોઃ ૧૦,૭૪૦ બોટલ દારૂ, ટ્રક અને મોબાઈલ મળી રૂા. ૧.૪૬ કરોડનો મુદ્દામાલ કબ્જે, સાહિદ સંધીની ધરપકડ : બુટલેગર સહિત ચારની શોધખોળ





**અબતક, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ ધોરી માર્ગ પર આવેલા ચોટીલા નજીક રાજકોટ રેન્જની ટીમે દરોડો પાડી વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે. જેમાં ભાણવડના ચના દેવાનો દોઢ કરોડનો દારૂનું કટિંગ થાય તે પૂર્વે જ પીએસઆઈ બી.સી. મિયાત્રાની ટીમ ત્રાંટકી ૧૦,૭૪૦ બોટલ દારૂ, ટ્રક અને મોબાઈલ મળી રૂા. ૧.૪૬ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે સાહિદ સંધીની ધરપકડ કરી પ્રાથમિક પુછપરછમાં આ દારૂનો જથ્થો મંગાવનાર ચના દેવા રબારી સહિત ચાર શખ્સોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

લોધીકા નજીક ફાર્મહાઉસમાં એસએમસીએ પાડેલા દરોડા બાદ રેન્જ આઈજી નિર્લિપ્તરાયે પોલીસ પર કરેલી તવાઈને પગલે પોલીસ સ્ટાફ હરકતમાં આવ્યો છે.

વધુ વિગત મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે બુટલેગરો દ્વારા મોટાપાયે વિદેશી દારૂની હેરાફેરી કરતા હોવાની રાજકોટ રેન્જના વડા નિર્લિપ્તરાયને ધ્યાને આવતા રેન્જના તમામ જિલ્લાના પોલીસવડાને સઘન પેટ્રોલીંગ અને વાહન ચેકીંગ હાથ ધરવા સુચના આપી હતી. તેમજ રાજકોટ રેન્જની ટીમને પણ પેટ્રોલીંગ હાથ ધરવા આપેલા આદેશને પગલે પીએસઆઈ બીસી મિયાત્રા સહિતના સ્ટાફે સૌરાષ્ટ્રના પ્રવેશ દ્વાર સમાન ઝાલાવાડ પંથકમાં પેટ્રોલીંગ હાથ ધર્યુ હતું. ત્યારે વિદેશી દારૂનો જથ્થો ભરીને ટ્રક આવી રહ્યા હોવાની મળેલી બાતમીના આધારે ચોટીલા પાસે જાનીવડલા પાસે ગાત્રાળ હોટલ પાસે વોચ ગોઠવી હતી. ત્યારે પુરપાટ ઝડપે આવતા ટ્રકને અટકાવી તલાશી લેતા જેમાંથી રૂા.

(અનુ. આઠમા પાને)

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે

# કોંગ્રેસે ૪૦ સ્ટાર પ્રચારકોના નામની યાદી કરી જાહેર

## ભાજપની યાદી ચૂંટણી પંચ પાસે મુકી દેવાયઃ નામ જાહેર કરવાની બાકી

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં યોજનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કોંગ્રેસ દ્વારા ૪૦ સ્ટાર પ્રછારકોના નામની યાદી જાહેર કરવામાં આવી છે. ભાજપની યાદી ચૂંટણી પંચ સમક્ષ મંજૂરી અર્થે રજૂ કરી દેવામાં આવી છે. હવે મંજુરી મળ્યા બાદ જાહેર કરવામાં આવશે. મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપ અધ્યક્ષ, સંગઠન મહામંત્રી, મહામંત્રીઓ, અને સાંસદ-ધારાસભ્યો સહિત ૬૨ ટોચના નેતાઓને પ્રચારક તરીકે જવાબદારી સોંપવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. આમ આદમી પાર્ટીએ સ્ટાર પ્રચારકોના નામ જાહેર કરી દીધા છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે કોંગ્રેસ દ્વારા જે ૪૦ નેતાઓની સ્ટાર પ્રચારની યાદી જાહેર કરવામાં આવી છે. તેમાં મુકુલ વાસનિક, અમિત ચાવડા, ડો. તુષાર ચૌધરી, ભરતસિંહ સોલંકી, શક્તિસિંહ ગોહિલ, જગદીશ ઠાકોર, સિદ્ધાર્થ પટેલ, સુખરામ રાઠવા, પરેશ ધાનાણી, રામકૃષ્ણ ઓઝા, શૂભાસીની યાદવ, દેવેન્દ્ર યાદવ, શ્રીનિવાસ બી.વી., ડો. અમિબેન યાજ્ઞિક, ધારાસભ્ય શૈલેષ પરમાર,

(અનુ. આઠમા પાને)

# ડ્રાઈવીંગ લાઈસન્સ એક્સપાયર થયા પછી પણ એક મહિનો માન્ય રહેશે

## વાહનનું રજીસ્ટ્રેશન રદ કરવાની મુદત ૧૪ દિવસથી વધારી 30 દિવસ કરાયઃ વીમો ટ્રાન્સફર કરવા માટે 30 દિવસ મળશે

**અબતક, રાજકોટ**

ડ્રાઈવિંગ લાઈસન્સ એક્સપાયર થયા બાદ પણ ૧ મહિના સુધી માન્ય ગણાશે "મોટર વાહન વ્યવહાર વિભાગે ડ્રાઈવિંગ લાઈસન્સ, વાહન ઈન્શ્યોરન્સ મુદ્દે નવા નિયમ બહાર પાડ્યા છે. ઈવિંગ લાઈસન્સ એક્સપાયર થયા પછી તેની મુદતમાં એક મહિનાનો વધારો કર્યો છે. અગાઉ લાઈસન્સની મુદત પૂરી થાય એટલે રદ થઈ જતું હતું."

"વાહન રજિસ્ટ્રેશન રદ કરવાના સમયગાળો ૧૪થી વધારી 30 દિવસ કરાયો છે. વાહનમાં નામ ટ્રાન્સફર કેસમાં ઈન્સ્યોરન્સમાં નામ ટ્રાન્સફર ૧ મહિના સુધી કરી શકાશે. કેન્દ્રે મોટર વ્હિકલ એક્ટમાં સુધારો કરી જનવિશ્વાસ બિલ મુક્યું છે. અકસ્માત થાય ત્યારથી માંડી ૧ વર્ષ સુધી વળતર માટે અરજી કરી શકાશે. અગાઉ ૬ મહિના સુધી થતી હતી. નવા સુધારા અંગે આરટીઓ અધિકારીને ખ્યાલ નથી. પરિવહન પોર્ટલમાં સુધારો થયા પછી તેમને નવા સુધારાની જાણ થશે."

વાહનનું રજિસ્ટ્રેશન રદ સહિતના નિયમમાં સુધારા કરાયા છે જેમાં ડ્રાઈવિંગ લાઈસન્સ : એક્સપાયરી ડેટ પછી હવે ૧ માસ સુધી માન્ય રહેશે. ઈન્શ્યોરન્સ ટ્રાન્સફર : વીમો ટ્રાન્સફર કરવા માટે 30 દિવસ મળશે.

રજિસ્ટ્રેશન રદ : વાહનની

(અનુ. આઠમા પાને)

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં

# માહોલ બનતો નથીઃ રાજકીય પક્ષો - ઉમેદવારોના 'બીપી' વધ્યાં

## મતદાનના આડે હવે એક સપ્તાહ જ બાકી છતાં મતદારો પોતાનું મન હળવા દેતા નથીઃ કાળઝાળ ગરમી – ઉમેદવારો સામેની નારાજગી જેવા અનેક પરિબળોના કારણે પ્રચારમાં પણ ચૂંટણી જેવું લાગતું નથી

**અબતક, રાજકોટ**

રાજયમાં આગામી ૨૬મી એપ્રિલના રોજ ૧૫ મહાનગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત, ૮૪ નગર પાલિકા અને ૨૬૦ તાલુકા પંચાયતોની ચૂંટણીનું મતદાન યોજાવાનું છે. હવે મતદાનના આડે માત્ર એક સપ્તાહનો સમય બાકી રહ્યો છે. છતાં બરાબર માહોલ બનતો નથી જેના કારણે ચૂંટણી લડી રહેલા ઉમેદવારો અને રાજકીય પક્ષોની ચિંતા વધી રહી છે. કાળઝાળ ગરમીમાં લોક સંપર્કમાં પણ કાર્યકરો કે સામાન્ય જનતા જોડાતી નથી. આ વખતે રાજય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની તારીખ જાહેર કર્યા બાદ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૨૯ દિવસમાં આટોપી લેવાની ઘોષણા કરી છે. માત્ર ૨૫ દિવસ બાદ મતદાન યોજાવાની જાહેરાત કરાય હતી. રાજકીય પક્ષોએ પણ મોડા મોડા ઉમેદવારોના નામ જાહેર કર્યા હોવાના પ્રચાર માટે આમ પણ ઓછો સમય મળ્યો છે. આવામાં કાળઝાળ ગરમીના કારણે ચૂંટણી પ્રચારમાં બરાબર માહોલ દેખાતો નથી. અનેક જગ્યાઓએ ઉમેદવારોની પસંદગી, ટિકિટ ફાળવણી સામે પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક અગાઉ પ્રચારના ભુંગળા શાંત કરી દેવા પડે છે. આવામાં હવે પ્રચાર માટે માત્ર એક સપ્તાહ બાકી રહ્યો છે. છતાં ગ્રામ્ય કે શહેરી વિસ્તારમાં કાંક ચૂંટણી જેવું દેખાતું નથી. અનેક સ્થળોએ ઉમેદવારો પણ લોક રોષનો ભોગ બનવું પડે છે. ગામે ગામથી પ્રાથમિક સુવિધાના પ્રશ્ને મતદાનના બહિષ્કાર કરવાની ચિમકીઓ પણ ઉચ્ચારવામાં આવી રહી છે. લોક સંપર્ક દરમિયાન ચૂંટણી લડતા ઉમેદવારો કે રાજકીય પક્ષોના નેતાએ ભારે લોક રોષનો સામનો કરવો પડી રહ્યો છે. ભાજપ અને કોંગ્રેસ સહિતના રાજકિય પક્ષોમાં ટિકીટ ફાળવણીને લઈ કાર્યકરો અને આગેવાનોમાં વધતા ઓછા પ્રમાણમાં નારાજગી જોવા મળી રહી છે. ડેમેજ કન્ટ્રોલ થતું નથી. જેની અસર પણ પ્રચાર દરમિયાન જોવા મળી રહી છે. કાર્યકરો ખંતથી પ્રચારમાં જોડાતા નથી. કાળઝાળ તડકાના કારણે સવારે બે થી ત્રણ કલાક અને બપોર બાદ બે થી ત્રણ કલાક પ્રચાર માટે મળે છે. બાકી તમામ વ્યવસ્થા મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયે બેસીને ગોઠવવી પડે છે. હવે જો મતદાનના દિવસે એટલે કે જો ૨૬મી એપ્રિલના રોજ ગરમી વધુ હશે તો તેની માઠી અસર પણ મતદાન પર પડી શકે છે. સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીમાં હાર જીતનું અંતર ખુબ જ ઓછું રહેતું હોય છે

### પક્ષ વિરોધી પ્રવૃતિ કરનારાઓને ભાજપે દરવાજા દેખાડવાનું શરૂ કર્યુ

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં પક્ષમાં રહીને પક્ષ વિરોધી પ્રવૃતિઓ કરનારાઓ સામે ભાજપે દરવાજા દેખાડવાનું શરુ કર્યુ છે. વડોદરામાં ભાજપે ૧૧ કાર્યકરોને સસ્પેન્ડ કરી દીધા છે. કેટલીક જગ્યાએ ચૂંટણીના પરિણામો આવી ગયા બાદ કેટલાક સ્થળોએ પક્ષ વિરોધીઓ સામે આકરા પગલા લેવામાં આવશે.


પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ

અબતક સાંધ્ય દૈનિક

વાર્ષિક લવાજમ યોજના

૦૧-૦૫-૨૦૨૬ થી ૩૦-૦૪-૨૦૨૭

યોજના નં. ૧

લવાજમ રૂ.૧૧૧૧/-

બ્રાન્ડેડ પરફ્યુમ અને ડીયોડ્રન્ટ



યોજના નં. ૨

લવાજમ રૂ.૧૨૨૫/-

પ્રીમીયમ ૧ કિલો ચા



વિશેષ નોંધઃ

(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

લવાજમ ભરવાનું સ્થળઃ અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.

આજે જ સંપર્ક કરો : MO:- +91 70481 30001, 0281- 2461234